| CENTRUM<br>**Centrum Broking Limited**<br>*(as successor to the Merchant Banking Business of Centrum Capital Limited)*<br>Level 9, Centrum House, C.S.T. Road, Vidyanagari Marg, Kalina, Santacruz (East), Mumbai 400 098 Maharashtra, India<br>**Telephone:** +91 22 4215 9000; **E-mail:** wltl.ipo@centrum.co.in<br>**Investor Grievance ID:** investor.grievances@centrum.co.in; **Website:** www.centrumbroking.com<br>**Contact person:** Pooja Sanghvi/ Sooraj Bhatia; **SEBI Registration No.:** INM000013420 | MUFG MUFG Intime<br>**MUFG Intime India Private Limited *(Formerly Link Intime India Private Limited)***<br>C-101, Embassy, 247 L.B.S. Marg, Vikhroli (West), Mumbai 400 083 Maharashtra, India.<br>**Telephone:** +91 810 811 4949; **E-mail:** waterwaysleisure.ipo@in.mpms.mufg.com<br>**Investor Grievance ID:** waterwaysleisure.ipo@in.mpms.mufg.com<br>**Website:** www.in.mpms.mufg.com;<br>**Contact person:** Shanti Gopalkrishnan; **SEBI Registration No.:** INR000004058 | **Ankit Satish Shah**<br>**WATERWAYS LEISURE TOURISM LIMITED**<br>A-1601, Marathon Futurex, NM Joshi Marg, Lower Parel, Delisle Road, Mumbai – 400 013 Maharashtra, India<br>**Telephone:** +91 022 4984 4441, +91 022 4984 4444<br>**E-mail:** cs@waterways-leisure.com<br>**Website:** www.cordeliacruises.com<br>Investors may contact the Company Secretary and Compliance Officer, the BRLM or the Registrar to the Issue in case of any pre-Issue or post-Issue related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Issue related queries and for redressal of complaints, Investors may also write to the BRLM. |

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the *"Risk Factors"* beginning on page 20 of the RHP before applying in the Issue. A copy of the RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLM, Centrum Broking Limited at www.centrumbroking.com and at the website of the Company, WATERWAYS LEISURE TOURISM LIMITED at www.cordeliacruises.com and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE Limited at www.nseindia.com.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLM and the Registrar to the Issue at: www.cordeliacruises.com, www.centrumbroking.com and www.in.mpms.mufg.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, **WATERWAYS LEISURE TOURISM LIMITED: Telephone:** +91 022 4984 4441, +91 022 4984 4444; **BRLM:** Centrum Broking Limited, **Telephone:** +91 22 4215 9000 and **Syndicate Members:** Centrum Broking Limited, **Tel:** +91 22 5215 9000 and Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Issue. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Anand Rathi Share & Stock Brokers Limited, Axis Capital Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Markets & Securities Limited, IIFL Capital Services Limited, JM Financial Services Limited, Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Motilal Oswal Financial Services Limited, Nuvama Wealth and Investment Limited, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Share And Stock Brokers Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, SS Corporate Securities Limited, Yes Securities (India) Limited, Zerodha Broking Limited.

**PUBLIC ISSUE ACCOUNT BANK:** ICICI Bank Limited. | **ESCROW COLLECTION BANK AND REFUND BANK:** Axis Bank Limited.

**SPONSOR BANKS:** ICICI Bank Limited and Axis Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **WATERWAYS LEISURE TOURISM LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Ankit Satish Shah**
Company Secretary and Compliance Officer

**Place:** Mumbai, Maharashtra
**Date:** June 22, 2026

**WATERWAYS LEISURE TOURISM LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed a red herring prospectus dated June 17, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLM i.e., Centrum Broking Limited at www.centrumbroking.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.cordeliacruises.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section *"Risk Factors"* beginning on page 20 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

CONCEPT

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 147 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 June 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૩ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# લખનઊમાં આગનું તાંડવઃ ૧૫ મોત






## કમર્શિયલ બિલ્ડિંગમાં એનિમેશન શીખી રહેલા અનેક વિદ્યાર્થીઓ હોમાયાઃ લોકોએ આગથી બચવા ઉપલા માળેથી કૂદકા માર્યા






લખનઊ (ઉત્તર પ્રદેશ): લખનઊના વૈભવશાળી વિસ્તારમાં ત્રણ માળના કમર્શિયલ મકાનમાં આગ લાગતા વિદ્યાર્થીઓ સહિત ઓછામાં ઓછા ૧૫ જણનાં મરણ થયાં હતાં અને બીજા સાતને ઈજા થઈ હતી. ઉત્તર લખનઊના અલિગંજના ઉષા મહેતા માર્ગ પર આવેલાં મકાનના બીજા માળમાં અનેક લોકો આગમાં સપડાઈ ગયા હતા. અહીં એક એનિમેશન સેન્ટરમાં વિદ્યાર્થીઓ ક્લાસમાં હાજરી આપી રહ્યા હતા અને આ માળમાં આગ લાગી હતી. આ જ મકાનમાં પાળેલા પ્રાણીઓ માટેન પેટ ક્લિનિક પણ હતી.

બનાવ નજરે જોનારાઓનું કહેવું છે કે અનેક લોકોએ આગથી ખાક થઈ જનારા મકાનમાંથી બહાર નીકળવા કૂદકા માર્યા હતા. આ આગની માહિતી બપોરના ત્રણ વાગ્યે આપવામાં આવી હતી. આગને કાબૂમાં લાવવા હાઈડ્રોલિક પ્લેટફોર્મ વેહિકલ સહિત ૧૪ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં. કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટીના જાહેર સંપર્ક અધિકારી પ્રોફેસર કે. કે. સિંહે કહ્યું હતું કે અમારા ટ્રોમા સેન્ટરમાં બાવીસ જણને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. આમાંથી ૧૫ને તો લાવવામાં આવ્યા ત્યારે જ મૃત જાહેર કરાયા હતા. પાંચ ઈજાગ્રસ્તોને સારવાર માટે દાખલ કરાયા છે અને તેમની સ્થિતિ સ્થિર છે. બેને નજીવી ઈજા (જુઓ પાનું ૨) ▶▶







**આગની ભયાનકતાઃ** લખનઊમાં સોમવારે કમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગતા અનેકના જીવ તો ગયા જ હતા પણ ઈમારત આખી ખાક થઈ ગઈ હતી. આગળ કાચ લાગ્યા હોવાથી બંબાવાળાઓએ એક બાજુની ઈંટની દીવાલ તોડી પાણીને મારો ચલાવ્યો હતો. ઓર એક તસવીરમાં આગમાંથી બચાવાયેલી બિલાડી દેખાય છે. (એજન્સી)

## ઈરાન સાથે અંતિમ શાંતિકરાર માટે મક્કમ પાયો નખાયોઃ વૅન્સ

### અમેરિકાએ ઈરાની તેલ પરના પ્રતિબંધો હટાવ્યાઃ ૬૦ દિવસમાં ફાઈનલ સમજૂતી માટે બંને દેશમાં સંમતિ

ઈસ્લામાબાદ/ઝ્યુરિકઃ અમેરિકા અને ઇરાને બર્ગનસ્ટોકના સ્વિસ માઉન્ટેન રીસોર્ટમાં કલાકો લાંબી વાતચીતને પગલે ૬૦ દિવસમાં અંતિમ સમજૂતી કરવાની રૂપરેખા પર સંમત થયા હતા એવી માહિતી પાકિસ્તાન અને કતારે આપી હતી. મધ્યસ્થીકારો પાકિસ્તાન અને કતારે વાતચીતને પ્રોત્સાહજનક ગણાવી હતી.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વૅન્સે જણાવ્યું હતું કે સોમવારે ઇરાન સાથેની શાંતિ મંત્રણાએ ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે સફળ (જુઓ પાનું ૨) ▶▶

## કતારના ગૅસ ટર્મિનલ પર વિસ્ફોટઃ ભારતીયો સહિત ૧૩ જણનાં જીવ ગયા

દુબઈઃ કતારના ચાવીરૂપ મનાતા કુદરતી ગૅસના નિકાસ ટર્મિનલ પર રવિવારે થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૩ જણના મોત થયા હતા અને ૫૪ જણ ઘાયલ થયાં હોવા ઉપરાંત ૧૮ જણ ગુમ હોવાનાં અહેવાલ છે. માર્યા ગયેલાઓમાં ભારતીયો અને પાકિસ્તાનીઓ જ હતા. જોકે તેમાં કેટલા ભારતીયો હતા એ વિશે કોઈ સત્તાવાર માહિતી (જુઓ પાનું ૨) ▶▶

## યુકેના પીએમનું રાજીનામુંઃ બર્નહૅમ અનુગામી બની શકે

લંડનઃ પક્ષના ૧૦૦થી વધારે સંસદસભ્યોના બળવા અને સરકારના ખરાબ પ્રદર્શનને લીધે બ્રિટનના વડા પ્રધાન અને લેબર પાર્ટીના નેતા કીર સ્ટાર્મરે વડા પ્રધાનના પદેથી સોમવારે રાજીનામું આપ્યું હતું અને ટાઈમ ટેબલ પ્રમાણે તેમના અનુગામી આગામી અઠવાડિયા સુધી ચૂંટી કાઢવામાં આવશે. નવા અનુગામી સપ્ટેમ્બર સુધી તેઓ સત્તા સંભાળી લેશે. આ ઘટનાક્રમ બાદ એન્ડી બર્નહૅમ



એન્ડી બર્નહૅમ

સ્ટાર્મરના ઉત્તરાધિકારી બનવાની રેસમાં સૌથી આગળ હોવાના અહેવાલ છે. ૬૩ વર્ષના સ્ટાર્મરે કહ્યું હતું કે જ્યાં સુધી નવા નેતા અને વડા પ્રધાનની પસંદગી પક્ષ ન કરે અને તેઓ હોદ્દા પર ન આવે ત્યાં સુધી હું હોદ્દા પર રહીશ. તેમણે સત્તાની સોંપણી સુંવાળી રીતે નવા નેતાને કરવાની ખાતરી આપી હતી. બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરનું વડા પ્રધાન અને લેબર પાર્ટીના નેતા (જુઓ પાનું ૨) ▶▶









## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કાશ્મીરમાં સ્થિતિ સુધરી પણ સામાન્ય નથી થઈ

**કૉંગ્રેસના** સાંસદ શશિ થરૂરે ફરી એક વાર કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારનાં વખાણ કરતા કૉંગ્રેસીઓને મરચાં લાગી ગયાં છે. શ્રીનગર ગયેલા થરૂરે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાને મળ્યા પછી સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકેલી કે, જમ્મુ અને કાશ્મીરમાં સ્થિતિ ધીરે ધીરે સામાન્ય થવા તરફ આગળ વધી રહી છે અને કાશ્મીરમાં પ્રવાસીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે.

શશિ થરૂરે કાશ્મીરી લેખકોના સંગઠન જમ્મુ એન્ડ કાશ્મીર રાઈટર્સ એસોસિએશન તથા મહિલા સંગઠનના પ્રતિનિધીઓ સાથેની મનોજ સિંહાની વાતચીતનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે, લેફ્ટનન્ટ ગવર્નર એક હકારાત્મક પહેલ કરી રહ્યા છે કે જેને હું આવકારું છું. હજુ ઘણા બધા પડકારો છે અને હજુ ઘણું બધું કરવાનું બાકી છે પણ આ મુલાકાત પછી હું પહેલાંની મુલાકાતો કરતાં વધારે હકારાત્મક થઈને બહાર આવ્યો છું.

થરૂરની વાતથી કૉંગ્રેસના નેતા ભડકી ગયા છે. જમ્મુ અને કાશ્મીરના કૉંગ્રેસના મુખ્ય પ્રવક્તા રવિન્દ્ર શર્માએ કહ્યું છે કે, થરૂરે કાશ્મીર આવ્યા ત્યારે સામાન્ય લોકોને પણ મળવાની જરૂર હતી કે જેથી ખરેખર વાસ્તવિકતા શું છે તેની ખબર પડે. શર્માએ કટાક્ષ પણ કર્યો છે કે, બીજું કંઈ નહીં તો થરૂરે છેલ્લાં સાત વર્ષથી જમ્મુ અને કાશ્મીરને ફરી પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે લડી રહેલા કૉંગ્રેસીઓને મળવાનો સમય કાઢ્યો હોત તો પણ ઘણું હોત.

કૉંગ્રેસની ટીકા સામે ભાજપે પણ ઝૂકાવતાં ત્રિપાંખિયો જંગ જામી ગયો છે. ભાજપના પ્રવક્તા અભિજીત જસરોટિયાએ દાવો કર્યો છે કે, કૉંગ્રેસ કેન્દ્ર સરકારની કાશ્મીર નીતિ પર હુમલા કર્યા કરે છે પણ વાસ્તવિકતા એટલે કે ગ્રાઉન્ડ રીયાલિટી અલગ જ ચિત્ર રજૂ કરે છે. જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ રદ થયા પછી પથ્થરમારો લગભગ બંધ થઈ ગયો છે અને સત્તાવાર આંકડા દર્શાવે છે કે છેલ્લા ૧૮ મહિનામાં એક પણ કાશ્મીરી યુવાન આતંકવાદી સંગઠનોમાં જોડાયો નથી. કૉંગ્રેસ આ વાસ્તવિકતાને જોવા જ નથી માગતી એ કમનસીબી કહેવાય.

જમ્મુ અને કાશ્મીર કૉંગ્રેસ અને ભાજપ બંને માટે બહુ મહત્ત્વનો મુદ્દો છે તેથી આ મુદ્દે બંને પોતપોતાનો પક્ષ રજૂ કરે તેમાં કશું ખોટું નથી. થરૂર કૉંગ્રેસી છે ને કૉંગ્રેસના સત્તાવાર વલણથી અલગ વાજું વગાડે તેથી કૉંગ્રેસને લાગી આવે એ પણ સમજી શકાય એવી વાત છે તેથી કૉંગ્રેસ થરૂરને ઝાટકે તેમાં પણ કશું ખોટું નથી. રાજકારણીઓ આ રીતે જ વર્તવાના પણ સામાન્ય લોકોએ કાશ્મીરમાં ખરેખર સ્થિતિ શું છે એ જાણવું જરૂરી છે કેમ કે ભાજપ કે કૉંગ્રેસ કે બીજો કોઈ પણ પક્ષ વાસ્તવિકતા લોકો સામે મૂકતો નથી.

વાસ્તવિક રીતે જોઈએ તો જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ પહેલાં કરતાં સારી છે પણ ભાજપ દાવો કરે છે તેમ એકદમ સારી પણ નથી. સામે કૉંગ્રેસ કહે છે એ રીતે સ્થિતિ એકદમ હાથથી ગયેલી પણ નથી. આઈસીયુમાં રહેલા દર્દીની સ્થિતિ બે-પાંચ ટકા સુધરે તેના કારણે દર્દી સારો ના થઈ જાય ને તબિયત વધારે લથડી છે એવું પણ ના કહેવાય. જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ એવી જ છે.

કાશ્મીરની સ્થિતિમાં થયેલા સુધારા માટે પણ આપણા લશ્કરની કામગીરી અને સતર્કતા જવાબદાર છે, કેન્દ્ર સરકારની નીતિઓ કે ભાજપના નેતાઓની ભાષણબાજી નહીં. દર્દીને બચાવવા માટે ડોક્ટરો મથ્યા કરે એ રીતે આપણું આર્મી કાશ્મીરને ભારત સાથે રાખવા મહેનત કરે છે તેના કારણે કાશ્મીર ભારત સાથે છે, બાકી આપણા શાસકો પાસે એવું કોઈ વિઝન નથી કે કાશ્મીરમાં સ્થિતિને એકદમ સામાન્ય કરી શકે. ભારતીય લશ્કરે એકદમ આક્રમક બનીને જમ્મુ અને કાશ્મીરમાં ટેરર ફંડિંગ કરનારાં અને આતંકીઓને આશ્રય આપનારાં પર તવાઈ બોલાવી તેના કારણે આતંકવાદીઓ ભાગતા થઈ ગયા છે અને હુમલા ઘટ્યા છે પણ સાવ બંધ થયા નથી. સીક્યુરિટી ફોર્સીસ પરના હુમલા ચાલુ જ છે અને આપણા જવાનો પણ મરી રહ્યા છે પણ કાશ્મીરને ભારત સાથે રાખવા માટે લડી પણ રહ્યા છે.

થરૂરે કહ્યું એ રીતે સ્થિતિ ધીરે ધીરે સુધરી રહી છે પણ સ્થિતિ સુધારવાની ગતિ બહુ જ ધીમી છે એ પણ સ્વીકારવું પડે. ભાજપે દાવો કર્યો છે કે, પથ્થરમારાના બનાવો સાવ નહિવત થઈ ગયા છે ને એ વાત સાચી છે પણ કાશ્મીરમાં પથ્થરમારો સાવ નાની સમસ્યા હતી. મુખ્ય સમસ્યા તો પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ છે ને આતંકવાદ સાવ નાબૂદ થયો જ નથી.

ગયા વરસે પહલગામમાં આતંકવાદી હુમલો થયો ને ૩૦ પ્રવાસીઓને રહેંસી નખાયા પછી આપણે પાકિસ્તાનને પાઠ ભણાવવા ને આતંકવાદીઓના સફાયા માટે ઓપરેશન સિંદૂર હાથ ધરેલું. એ પછી પહલગામ જેવો મોટો હુમલો દિલ્હીમાં ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થયેલો કે જેમાં ૧૫ લોકો મરાયેલાં. એ સિવાય મોટો હુમલો થયો નથી પણ નાના નાના હુમલા તો ચાલુ જ છે. આ હુમલા સદંતર બંધ થઈ જાય તો સ્થિતિ સામાન્ય કહેવાય, બાકી ગમે ત્યારે હુમલો થવાની ભીતિ હોય એ સ્થિતિ સામાન્ય ના કહેવાય.

જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ એકદમ સામાન્ય ત્યારે જ કહેવાય કે ત્યારે આ દેશની કોઈ પણ વ્યક્તિ જમ્મુ અને કાશ્મીર જઈને રહી શકે. અત્યારે એવી સ્થિતિ બિલકુલ નથી અને બંધારણની કલમ ૩૭૦ની નાબૂદીનાં ૭ વર્ષ પછી પણ કેન્દ્રની ભાજપ સરકાર તો આ દેશનો સામાન્ય માણસ કાશ્મીર જઈને વસી શકે એવા સંજોગો પેદા કરવામાં ધરાર નિષ્ફળ જ ગઈ છે એ વાસ્તવિકતા છે. અંધભક્તો સામે આ દલીલ મુકાય ત્યારે એવો વાહિયાત બચાવ કરે કે, ટાઈમ તો લાગે ને ? આ જ લોકો ૭ વર્ષ પહેલાં કલમ ૩૭૦ નાબૂદ થઈ ત્યારે શ્રીનગરમાં વડાપાઉં ને દાબેલીની લારીઓ શરૂ કરવાની પોસ્ટ મૂકતા હતા ને પહલગામમાં પ્લોટ ખરીદીને રહેવાના ડંફાશો મારતા હતા,

જો કે માત્ર સરકાર પર દોષારોપણ ના કરી શકાય. કાશ્મીરની સ્થિતિ સુધરતી નથી તેના માટે હિંદુઓની કાયરતા પણ એટલી જ જવાબદાર છે. હિંદુઓ સોશ્યલ મીડિયા પર કાશ્મીરી પંડિતો બેવતન થઈને રઝળે છે એ માટે આંસુ સારે છે, કાશ્મીરી મુસ્લિમોને ગાળો ભાંડે છે પણ કાશ્મીરી પંડિતોને ફરી વતનમાં વસાવવા માટે તેમની સાથે જઈને કાશ્મીરમાં રહેવા કોઈ હિંદુ તૈયાર નથી.

ઈઝરાયલ બન્યું પછી દુનિયાભરમાંથી યહૂદીઓ આવીને ત્યાં વસ્યા કે જેથી એક થઈને પેલેસ્ટાઈનના નામે ચાલતા આતંકવાદનો મુકાબલો કરી શકાય. ભારતનું કોઈ હિંદુવાદી સંગઠન એવું કહે છે કે, અમારા ૧૦ હજાર કાર્યકરો પંડિતોની સાથે, તેમના માટે બનાવેલી કોલોનીઓમાં જઈને રહેશે ને તેમની રક્ષા માટે એક થઈને લડશે ? ખાલી વાતો કરવાથી ઈઝરાયલ ના બનાય, ભાઈ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૨૩–૬–૨૦૨૬, શ્રી હરી નવમી

- ભારતીય દિનાંક ૨, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ –૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ–૯
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૮મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
- નક્ષત્ર હસ્ત સવારે ક. ૧૧–૫૩ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૪–૫૨ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૭–૦૫, સાંજે ક. ૧૮–૩૫
- ઓટઃ બપોરે ક. ૧૨–૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૨૮ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮,

'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુકલ – નવમી. શ્રી હરી નવમી. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, મંગળ–ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, જુઈ, બિલી વાવવા, ભગવાન સૂર્યનારાયણને અર્ઘ્ય જળમાં જુઈનું પુષ્પ મૂકવું. લાલ વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ખેતીવાડીના કામકાજ, નિત્ય થતાં, દુકાન વેપારના કામકાજ, વિદ્યારંભ, વાહન, નૌકા, યંત્ર દસ્તાવેજ, માલ લેવો, દુકાન,બી વાવવું, ધાન્ય ભરવું, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, સ્વામીનારાયણ મંદિરોમાં હરિનવમીની વિશેષ પૂજા.
- આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ (તા. ૨૪), ચંદ્ર–ચિત્રા યુતિ, શુક્ર આશ્લેષા પ્રવેશ
- ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કર્ક, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# રામ મંદિરમાં ગેરરીતિઃ એફઆઈઆર નોંધવા સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હીઃ અયોધ્યાના રામ મંદિરમાં ભંડોળની કથિત ઉચાપત અંગે એફઆઇઆર નોંધવા અને નિષ્પક્ષ અને સમયમર્યાદામાં સીબીઆઇ દ્વારા તપાસની માગ કરતી અરજી સોમવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.બે વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે સીબીઆઇની આગેવાની હેઠળની સીટ એ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કાર્યો અને વહીવટને લગતી કથિત નાણાકીય અનિયમિતતાઓ અને અન્ય કથિત ગેરકાયદેસરતાઓની તપાસ કરવી જોઈએ.

તેમાં કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને ટ્રસ્ટને જાહેર હિતનું રક્ષણ કરવા અને લાખો ભક્તો અને દાતાઓનો વિશ્વાસ જાળવી રાખવા માટે જરૂરી નિયમનકારી, દેખરેખ અને ઓડિટ પદ્ધતિઓની રચના અને સંચાલન કરવા માટે નિર્દેશો આપવાની માંગ કરવામાં આવી છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સંબંધિત ગુમ થયેલ ભંડોળ અને અન્ય કથિત ગેરરીતિઓ અંગેના અહેવાલો આખરે સાચા સાબિત થાય છે કે નહીં, આવા અહેવાલોએ અયોધ્યાના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે સંઘર્ષ કરતી પેઢીઓમાં ઊંડી ચિંતા પેદા કરી છે, તેવું અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ દ્વારા કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી એસઆઇટીએ એફઆઈઆર અથવા કોઈપણ નિયમિત ફોજદારી કેસ નોંધ્યા વિના આ મામલાની તપાસ શરૂ કરી છે.

# મંછા કાશ્મીર વાપસીનીઃ ક્ષીરભવાનીના આશીર્વાદ લેવા હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જ્યેષ્ઠ અષ્ટમીના શુભપ્રસંગે ગંદરબાલના તુલમુલ્લામાં ભરાતા વાર્ષિક ક્ષીર ભવાની મેળામાં ભાગ લેવા જમ્મુ-કાશ્મીર સહિત દેશભરના વિવિધ વિસ્તારોમાંથી હજારો લોકો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ કાશ્મીર વાપસીની મંશા સાથે શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના કરવા અને માતા ક્ષીર ભવાનીના આશીર્વાદ લેવા મંદિર પહોંચવા લાગ્યા હતા. એક કાશ્મીરી પંડિતે દેશના સાંસ્કૃતિક વારસા અંગે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે અમારા પૂર્વજોએ અમરનાથ ગુફા મંદિરમાં પૂજારી તરીકે કામ કર્યું હતું.

માતા ક્ષીર ભવાનીના આર્શીવાદ લેવા તેમ જ શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવા અમે અહીં આવ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

ગંદરબાલના નાયબ કમિશનર જતિન કિશોરે કહ્યું હતું કે આ વાર્ષિક મેળાનું ધાર્મિક મહત્ત્વ હોવાને કારણે દર વર્ષે તુલમુલ્લા મંદિરમાં તે મનાવવામાં આવે છે. આ મેળાના સુચારુ સંચાલન માટે જિલ્લા પ્રશાસન વ્યાપક વ્યવસ્તા કરે છે. તીર્થયાત્રીઓના આરામદાયક, સુરક્ષિત અને આધ્યાત્મિક રીતે સંતોષકારક અનુભવની ખાતરી કરવા સંભવિત તમામ પ્રયાસ કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

આ પ્રસંગે કાશ્મીરના આઈજીપીએ ભક્તોને શુભેચ્છા આપી હતી અને આ તહેવાર શાંતિ, સદ્ભાવ, આધ્યાત્મિક શક્તિ અને સાંપ્રદાયિક ભાઈચારાને પ્રોત્સાહન આપશે એવી આશા વ્યક્ત કરી હતી. (એજન્સી)

# ભારત-અમેરિકા વેપાર કરારનું પાકું લાગે છેઃ જૅમિસન ગ્રીર ભારત આવે છે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ફેબ્રુઆરીમાં વચગાળાના વેપારી કરાર માટે સધાયેલી સહમતીની ચર્ચાને આગળ વધારવા યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જૅમિસન ગ્રીર ભારતની મુલાકાતે આવશે.

યુએસ-ઈન્ડિયા બ્રૉડર બાયલેટરલ ટ્રેડ એગ્રીમેન્ટ (બીટીએ)ની વાટાઘાટના ભાગરૂપ વચગાળાના કરાર અને બંને દેશ વચ્ચેના ઐતિહાસિક કરાર માટે અમેરિકાના રાજદૂત ગ્રીર આ અઠવાડિયે ભારત આવશે અને ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલને મળશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ટ્રમ્પ અને મોદી ગયા અઠવાડિયે ફ્રાન્સમાં જી-૭ શિખર મંત્રણા દરમિયાન મળ્યા હતા જ્યાં ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા અને ભારત વચ્ચેના વેપારી કરાર અંતિમ તબક્કામાં છે. ટ્રમ્પે મોદીને કુશળ વાટાઘાટકાર લેખાવ્યા હતા અને મોદી સાથેના તેમના સારા સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. (એજન્સી)

# અમે નથી અમેરિકાના કહ્યામાંઃ છંછેડાયેલા નૅતન્યાહુનું વડચકું

નવી દિલ્હીઃ ઇઝરાયલ અમેરિકાની સૂચનાનું અનુસરણ કરતું હોવાનાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલા દાવાને ઇઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નૅતન્યાહૂએ એમ કહીને નકારી કાઢ્યો હતો કે આ નિવેદન પાયાવિહોણું છે અને બંને દેશના વડા સ્વતંત્ર અને ગૌરવશાળી દેશનું પ્રતિનિધિત્વ કરે છે જે તેમના હિતમાં છે. શું તમે ઇઝરાયલને પ્રભાવિત કરી શકો છો? અને લૅબેનોન પર હુમલો કરતાં તેને રોકી શકો છો? એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે ઇઝરાયલ હું કહું એમ જ કરે છે.

નૅતન્યાહૂ અંગે બોલતાં ટ્રમ્પે કહ્યું હતું કે તે હું જેમ કહું એમ જ કરે છે.

પ્રદેશમાં ઇઝરાયલ દ્વારા કરવામાં આવી રહેલી સૈન્ય કાર્યવાહીને શું તમે રોકી શકો છો કે અંકુશમાં રાખી શકો છો? એ પ્રકારના પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે હા, ચોક્કસપણે. નૅતન્યાહૂને મારા માટે ખૂબ આદર છે અને તે હું જેમ કહું એમ જ કરે છે. (એજન્સી)

# બિહારમાં ઍન્કાઉન્ટરઃ તપાસ યોજવા નિષ્ણાતોની સમિતિ રચવાની માગણી

નવી દિલ્હીઃ કોર્ટના ચુકાદા કે કોઈપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી વિના બિહાર પોલીસ દ્વારા ભારત ભૂષણ તિવારીનું ઍન્કાઉન્ટર કરી કરવામાં આવેલી હત્યાને મામલે તપાસ યોજવા સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશના વડપણ હેઠળ નિષ્ણાતોની સમિતિ રચવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

કેસને મામલે તાત્કાલિક સ્વતંત્ર અને નિષ્પક્ષ યોજી શકાય તે માટે અરજીમાં સીબીઆઈ તપાસ યોજવાની પણ માગણી કરવામાં આવી હતી.

બિહારના ભોજપુર જિલ્લાના બિલાઉતી ગામના રહેવાસી ભારત ભૂષણ તિવારીની ૧૭ જૂને કરવામાં આવેલી હત્યાએ વિવાદ જગાડ્યો હતો.

તિવારીના પરિવારજનોનો દાવો છે કે તેમની હત્યા કરવામાં આવી તે અગાઉ તેમણે આત્મસમર્પણ કરી દીધું હતું અને પોતાની પાસેનું હથિયાર પણ ફેંકી દીધું હતું.

આ ઘટનાને મામલે ફોજદારી તપાસ યોજવાની બિહાર સરકારે શનિવારે જાહેરાત કરી હતી. (એજન્સી)

## પ્રજામત

### જીવનનું અંગ-અખબારપ્રેમ

જેમ સવાર પડતાં જ માણસને કુદરતી ક્રમ પતાવવા, ચા-કૉફી-હળવો નાસ્તાની શરૂઆત થઈ જાય છે તેમ અખબાર તરફ એક નજર દોડાવવાની તલપ પણ ગજબ-અજબની છે. આમ તો બધાં જ અખબારો રજા નથી પાળતાં, પણ અમુક પ્રસંગોરૂપ રજા રાખવી પડે તેમ અખબાર પણ રજા પર ઊતરી જાય એ દિવસે અખબારપ્રેમી ખૂબ જ ધીરગંભીર થઈને જાણે જીવનમાં કંઈક ખૂટતાનો અહેસાસ મહેસૂસ કરે છે. અખબારો પોતાની ભવ્ય કામગીરી બજાવી રહ્યાં છે એ પ્રજા માટે શુભ સંદેશ છે. અખબારપ્રેમ તો જીવનનું એક અંગ થઈ ગયું છે જેની ગેરહાજરી કદાચ વધુ ને વધુ મનને દુખી કરે છે. હજી પણ પ્રજા સમક્ષ એવા સમાચારોની લહાણી કરો કે સબ કા વિકાસ-દેશ કા વિકાસ બની જાય.

– હર્ષદ દડિયા, ઘાટકોપર (ઇસ્ટ)

### ફાધર્સ-ડે નિમિત્તે

મા તે મા, બીજા બધા
વગડાના વા કહેવાયા,
વાત સાચી, પણ એમાં
ક્યાંક પપ્પા તો ભુલાયા,
માનો પ્રેમ અજોડ છે એ
કહેતાં સૌ કોઈ ન ધરાયા,
પપ્પાની લાગણીઓના
પડઘા સૌને કેમ ના સંભળાયા,
પડદાની પાછળ રહીને પપ્પા
સદાય સંતાનો માટે જ ઘસાયા,
જાત પોતાની ઘસીને પણ
પપ્પા હંમેશાં હસતા જ દેખાયા,
જવાબદારીનાં જંગલોમાં
પપ્પા એવા તો અટવાયા,
પોતાની જિંદગી જીવવાને
બદલે સંતાનો માટે જ ખર્ચાયા,
કામધંધા માટે સદાય ટાઢ હોય
કે તડકો પપ્પા કદી ના ગભરાયા,
આપણી દરેક સફળતા પાછળ
ક્યાંક પપ્પાના પ્રયાસો જ છે છુપાયા,
કહે અમિતાનંદ પ્રેમની મૂર્તિ છે મા, તો
પપ્પા ત્યાગની મૂર્તિ કેમ ના કહેવાયા.

અમિત મહેતા, વસઈ-વેસ્ટ

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું ઍડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. ઍડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

પહેલા પાનાનું ચાલુ

### ઈરાન સાથે

અંતિમ સોદા માટે સારો પાયો બનાવ્યો હતો.

આખરે અમેરિકાએ ઇરાની તેલના પરના પ્રતિબંધો હટાવ્યા છે. અમેરિકાના નાણાં ખાતાએ ઇરાન યુદ્ધનો અંત લાવવા માટે થયેલા વચગાળાના કરાર હેઠળ ઇરાની તેલ પરના પ્રતિબંધોને દૂર કરતાં ૬૦ દિવસનું લાઇસન્સ જારી કર્યું છે.આ લાઇસન્સ ઇરાની તેલના ઉત્પાદન, ડિલિવરી અને વેચાણને મંજૂરી આપે છે. આ લાઇસન્સ ૨૧ ઓગસ્ટ સુધી અમલમાં રહેશે.

વૅન્સે પત્રકારોને જણાવ્યું હતું કે, અંતિમ સોદો એ એક ઘર છે. અમે પાયો નાખ્યો છે. અમે ઘર બનાવ્યું નથી, પરંતુ અમે અમેરિકન લોકો માટે સારી જગ્યાએ પહોંચવા માટે સફળ પાયો નાખ્યો છે.સોમવારે તેમણે અને ઇરાનના સંસદીય સ્પીકર મોહમ્મદ બાઘર કાલિબાફે દેશો વચ્ચેના યુદ્ધના કાયમી અંતને મજબૂત બનાવવાના હેતુથી પ્રારંભિક વાટાઘાટોનો એક લાંબો રાઉન્ડ પૂર્ણ કર્યા પછી વૅન્સની ટિપ્પણી આવી હતી.વિષ્ટીકાર કતાર અને પાકિસ્તાને એક સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે વાતચીત 'રચનાત્મક અને સકારાત્મક' માહોલમાં યોજાઈ હતી. સંયુક્ત નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે વાતચીતમાં પ્રોતસાહાકારક પ્રગતિ જોવા મળી છે અને આગળની ટેક્નિકલ વાતચીત માટેની યંત્રણા નક્કી કરવામાં આવી છે.

સ્વીટ્ઝરલૅન્ડમાં 'લેક લ્યુસર્ન સમિટ' (લેક લ્યુસર્ન શિખર પરિષદ)માં યોજાયેલી ઉચ્ચ સ્તરીય વાતચીત અમેરિકા અને ઇરાને સહી કરેલા ઈસ્લામાબાદ મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગના માળખા હેઠળ પાર પડાઈ હતી. આમાં પ્રાદેશિક સુરક્ષા અને બીજી વિવાદાસ્પદ બાબતોનો સમાવેશ થાય છે. અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વેન્સની આગેવાની હેઠળના અમેરિકાના પ્રતિનિધિમંડળ અને ઈરાનના સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલીબાફની આગેવાની હેઠળના ઇરાનના પ્રતિનિધિમંડળ વચ્ચે પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા અંગે બર્ગનસ્ટોકના સ્વિસ માઉન્ટેન રીસોર્ટમાં રવિવારે વાતચીત શરૂ થઈ હતીપાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાની એ પણ ચર્ચામાં ભાગ લીધો હતો. સમજૂતીપત્ર સહી કર્યા બાદની ઉચ્ચ સતરીય સમિતિની બેઠક એટ્ટલે કે લેક લ્યુસર્ન સમિટ પતી ગયા બાદ સંયુક્ત નિવેદન બહાર પડાયું હતું. મધ્યસ્થીકારોએ કહ્યું હતું કે સમજૂતીપત્ર સહી કર્યા બાદ ઇરાન, અમેરિકા, પાકિસ્તાન અને કતારના પ્રતિનિધિઓએ થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. પક્ષો એક ઉચ્ચ સત્તાધારી સમિતિની રચવા સંમત થયા હતા.

આ સમિતિ મુખ્ય વાટાઘાટકાર તરફથી નિયમિત અહેવાલ મેળવશે. ઇરાનના અણુ કાર્યક્રમ પ્રતિબંધો અને એમઓયુના અલમ મટેની યંત્રણા વગેરે પર કાર્યકારી જૂથોની રચના કરાઈ છે અને સમિતિ આ જૂથો પર નજર રાખે. ઉચ્ચ સ્તરીય સમિતિએ ૬૦ દિવસની અંદર અંતિમ શાંતિકરાર ઊભો કરવાનો રોડમેપ તૈયાર કર્યો છે. ઇઝરાયલ અને ઇરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચે લડાઈ ફરી શરૂ થતાં વાતચીતમાં વિલંબ આવ્યો હતો. દસ અઠવાડિયા પછી પહેલી વાર અમેરિકા અને ઇરાનના નેતાઓ સીધી વાતચીત માટે એક જ ખંડમાં ભેગા થયા હતા. છેલ્લે તેઓ ઈસ્લામાબાદમાં મળ્યા હતા.

### લખનઊમાં

થઈ છે. ડૉક્ટર અને મેડિકલ સ્ટાફ સતત ઈજાગ્રસ્તોની દેખરેખ રાખે છે. ટ્રોમા સેન્ટરના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર અનિલ અગરવાલે કહ્યું હતું કે બે છોકરાને કુદકો મારવાથી પીઠની ઈજા થઈ છે. સીટી સ્કેન અને બીજી પ્રોસિજર કર્યા બાદ તેમની સારવાર થઈ રહી છે. બચાવકારોએ અમુક લોકોને બચાવ્યા હતા, જ્યારે મૃતદેહને કોથળામાં ભરીને બહાર લઈ જવામાં આવ્યા હતા. બીજાને બ્લેનકેટ પહેરીને બહાર કઢાયા હતા. બાજુના મકાનની અગાસીમાંથી તેમને બહાર કઢાયા હતા. બચાવ ટીમ મકાનમાં બે મોટા કાણા પાડીને મકાનમાં પ્રવેસ્યા હતા. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ તેમની આગ્રાની મુલાકાત ટૂંકાવીને લખનઊ આવ્યા હતા. તેમણે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠક બચાવ કામગીરી ચાલુ હતી ત્યારે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું હતું કે સેન્ટરમાં એનિમેશન શીખવા બાળકો આવ્યા હતા. આગ ઓચિંતી લાગી હતી. બાળકો પાછળ ભાગ્યા હતા. જોકે તેઓ બચી શક્યા નહોતા.

પાઠકે અશ્રુભરી આંખે કહ્યું હતું કે મેં ૧૪ મૃતદેહ ઘટનાસ્થળે જોયા હતા. આગનું કારણ શોધવા ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ અપાયો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને કૉંગ્રેસના મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ આ બનાવ અંગે શોક વ્યક્ત કર્યો છે. વડા પ્રધાને મૃતકોનાં સગવહાલાને બે લાખ રૂપિયા એક્સ ગ્રેસિયા આપવાની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયા મળશે.

### કતારના

આપવામાં નહોતી આવી. યુદ્ધ દરમિયાન ઇરાને કરેલા બૉમ્બ હુમલા બાદ રવિવારે કામદારોએ કામગીરી ફરી શરૂ કરવાનો પ્રયાસ કર્યા બાદ આ વિસ્ફોટ થયો હતો. રાસ લાફાન ઔદ્યોગિક વિસ્તારમાં થયેલો આ વિસ્ફોટ આંતરરાષ્ટ્રીય બજારમાં ફરીથી અસ્થિરતા અને અચોક્કસતા ઊભી કરે તેવી શક્યતા છે કેમ કે કતાર વિશ્વમાં કુદરતી ગૅસનું સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ છે. ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી વેપારી જહાજોની અવરજવર પર મૂકેલા પ્રતિબંધ બાદ કતારે કુદરતી ગૅસનું ઉત્પાદન અટકાવી દીધું હતું. (એજન્સી)

### યુકેના

પદ પરથી રાજીનામું આપ્યા બાદ દેશમાં રાજકીય અસ્થિરતા ઊભી થઇ છે.

ગ્રેટર માન્ચેસ્ટરના ભૂતપૂર્વ મેયર એન્ડી બર્નહૅમે પુષ્ટિ કરી છે કે તેઓ લેબર પાર્ટીના નેતા અને બ્રિટિશ વડા પ્રધાન તરીકે કીર સ્ટાર્મરની જગ્યા લેવા માટે ચૂંટણી લડશે. તેમણે સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે આ પ્રક્રિયાના ભાગરૂપે તેઓ પોતાને આગળ રાખશે.ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન વેસ સ્ટ્રીટિંગએ કહ્યું કે તેઓ બર્નહૅમને સમર્થન આપશે. સ્ટ્રીટિંગને બીજા એક મુખ્ય દાવેદાર માનવામાં આવી રહ્યા છે. આથી બર્નહૅમ કોઇપણ નેતૃત્વ હરિફાઇ વિના ચૂંટાવાની શક્યતા વધી ગઇ છે. બર્નહામે એક્સ પર સ્ટાર્મરનો તેમની સેવા અને નેતૃત્વ બદલ આભાર માન્યો હતો.ગયા અઠવાડિયે એન્ડી બર્નહૅમ મહત્ત્વની પેટા ચૂંટણી જીતીને આમ સભામાં પ્રવેશ્યા હતા. ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટમાં સ્ટાર્મરનું સ્થાન લેવા તેઓ મોખરાના હરીફ છે. ડાઉનિંગ સ્ટ્રીટના પગથિયાં પરથી સ્ટાર્મરે કહ્યું હતું કે મારો પક્ષ મને એવો સવાલ પૂછી રહ્યો છે કે શું તમે આગામી સામાન્ય ચૂંટણીમાં પક્ષનું નેતૃત્વ કરવા સારી સ્થિતિમાં છો કે નહીં. મને સંસદીય પક્ષે જવાબ સંભળાવ્યો છે અને હું તેમનો જવાબ સૌમ્યતાથી શીરે ચડાવું છું. મેં અત્યાર સુધી હંમેશાં દેશને આગળ રાખીને નિર્ણયો લીધા છે અને દેશને હું ચાહું છું એટલે હું મજૂર પક્ષના નેતા તરીકે રાજીનામું આપું છું. નવા નેતાના નામાંકન ભરવાનું નવ જુલાઈથી શરૂ થશે. અને સંસદનું ઉનાળાનું વેકશન પૂરું થાય એ પહેલાં આ પ્રક્રિયા પૂરી થઈ જશે. સ્ટાર્મરે કહ્યું હતું કે મારા અનુગામીને હું પૂરો ટેકો આપીશ જેથી લેબર પાર્ટી સતત બીજી વાર સત્તા પર આવે. સ્ટાર્મરે જુલાઈ ૨૦૨૪માં લેબર પાર્ટીને ભવ્ય વિજય અપાવ્યો હતો. (એજન્સી)



"તાજેતરમાં મુંબઈની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના આગમન પ્રસંગે મને તેમનું સ્વાગત કરવાનો લહાવો મળ્યો. મારા જન્મદિન નિમિત્તે જ આ ગૌરવપૂર્ણ સૌભાગ્ય પ્રાપ્ત થયું તે મારા માટે આનંદની ક્ષણ હતી. આ નિમિત્તે મહારાષ્ટ્રના માનનીય મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર રહ્યા હતા," એમ ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના મુંબઈ કાર્યકારિણી સમિતિના સભ્ય ગૌરવ ઠક્કરે જણાવ્યું હતું. ભાજપની પરંપરા રહી છે કે ઝડપથી આગળ વધી રહેલા કાર્યકરને પ્રોત્સાહન અને આ ઉજ્જવળ પરંપરા જાળવતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના આગમન નિમિત્તે સ્વાગત કરવાનું સન્માન ગૌરવ ઠક્કર સહિત ભાજપના પદાધિકારીઓને આપવામાં આવ્યું છે. ■

# સ્વચ્છ પાણી મળવું નાગરિકોનો મૂળભૂત અધિકારઃ હાઈ કોર્ટ

મુંબઈ: રાજ્યમાં પાણીની અછત અંગે ચિંતા વ્યક્ત કરતા બોમ્બે હાઈ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે સ્વચ્છ અને પીવાલાયક પાણી મળવું એ મૂળભૂત અધિકાર છે અને સરકાર આ મુદ્દાનો ઉકેલ ક્યારે લાવશે એની જાણકારી માગી હતી. વિદર્ભ ક્ષેત્રના અમરાવતી જિલ્લાના આદિવાસી મેલઘાટ વિસ્તારમાં કુપોષણને કારણે શિશુઓ, સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓના મૃત્યુના મુદ્દા પર ન્યાયમૂર્તિ એ.એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠ અનેક અરજીઓની સુનાવણી કરી રહી હતી. અદાલતને જણાવવામાં આવ્યું હતું કે ઉનાળાની તીવ્ર ગરમીને પગલે સ્વચ્છ અને પીવાલાયક પાણીની અછત સર્જાતા આ વિસ્તારમાં સમસ્યા ઊભી થઈ હતી. એપ્રિલમાં છેલ્લી સુનાવણી દરમિયાન અદાલતને જણાવવામાં આવ્યું હતું કે દૂષિત પાણી પીવાથી આ વિસ્તારમાં ૧૩ જણ મૃત્યુ પામ્યા હતા..

સરકારે સોમવારે ખંડપીઠને જાણ કરી હતી કે પીવાના પાણીના ટેન્કરો સમયાંતરે પૂરા પાડવામાં આવી રહ્યા છે. અદાલતે મામલાની વધુ સુનાવણી મંગળવારે પર મુલતવી રાખી હતી. (પીટીઆઈ)■

# વરસાદ તો થોડો જ આવ્યો, પણ ઠંડો પવન લઈને આવ્યો

## શહેરના વરલી વિસ્તારમાં તો પશ્ચિમી પરામાં બાન્દ્રામાં સૌથી વધુ વરસાદની નોંધઃ ઠંડા પવને વાતાવરણ ખુશનુમા બનાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાંબી રાહ જોવડાવ્યા બાદ રવિવારે થયેલા આગમન પછી સતત બીજે દિવસે, સોમવારે પણ ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જોકે પ્રમાણમાં વરસાદ થોડો જ આવ્યો હોવા છતાં દિવસભર વાતા ઠંડા પવને મુંબઈગરાઓને ગરમીમાંથી ઘણી રાહત અપાવી હતી. સવારના સમયે માત્ર એક કલાક પડેલા વરસાદે વાતાવરણ ખુશનુમા બનાવી દીધું હતું.

રવિવારે સવારે મુંબઈમાં થયેલા વરસાદના આગમનને કારણે મુંબઈગરાંએ હાશકારો અનુભવ્યો હતો. સતત બીજે દિવસે સોમવારે પણ આવેલા વરસાદને કારણે લોકોને ગરમી અને અસહ્ય બફારામાંથી ઘણી રાહત મળી હતી. સવારે છથી સાત વાગ્યા દરમિયાનના એક કલાકના વરસાદે અને ઠંડા પવને ગરમ વાતાવરણને ઠંડકમાં ફેરવી દીધું હતું.

પાલિકાના આંકડા દર્શાવે છે કે શહેરના વરલી નાકા ખાતે આવેલી સાવિત્રીબાઈ ફુલે બીએમસી સ્કૂલમાં ૬૧ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી. જી-એસ વૉર્ડમાં ૫૮ તો મલબાર હિલમાં ૪૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. વરલી ફાયર સ્ટેશન પાસે ૪૨ અને એફ-એસ વૉર્ડમાં ૪૧ મિ.મી. વરસાદ વરસ્યો હતો.

પશ્ચિમી પરામાં સૌથી વધુ વરસાદ બાન્દ્રામાં નોંધાયો હતો. બાન્દ્રાની પાલી ચિમબાઈ સ્કૂલ અને સુપારી ટૅન્ક બીએમસી સ્કૂલમાં ૭૦-૭૦ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી. જોકે પૂર્વ પરામાં નોંધપાત્ર વરસાદ પડ્યો નહોતો, એવું પાલિકાનું કહેવું છે.

સામાન્ય રીતે ચોમાસું ૧૦ જૂનની આસપાસ મુંબઈ પહોંચી જાય છે, પરંતુ આ વર્ષે તેના આગમનમાં વિલંબ થયો છે. આ મહિનાની શરૂઆતમાં ચોમાસું દક્ષિણ કોંકણમાં આગળ વધ્યું હતું, પરંતુ પ્રતિકૂળ હવામાનને કારણે તેની ગતિ અટકી ગઈ હતી.

સોમવારે સવારે શહેરના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો, જેને પગલે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. પરિણામે અમુક જગ્યાએ ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

જોકે વરસાદને કારણે પાણી ભરાયાં હોય કે વરસાદી દુર્ઘટના બની હોય એવી કોઈ નોંધ પાલિકામાં થઈ નહોતી. જાહેર પરિવહન સેવાને પણ ખાસ કોઈ અસર થઈ નહોતી. ■

# વિધાનભવનમાં આજથી ફેસ-રેકગ્નિશન સિસ્ટમ દ્વારા જ એન્ટ્રી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા સંકુલમાં મંગળવારથી ફેસ-રેકગ્નિશન સિસ્ટમ પ્રવેશ ચહેરાની ઓળખ પદ્ધતિ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે, વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે સોમવારે જાહેરાત કરી હતી. રજિસ્ટ્રેશન અંગેની સમસ્યાઓનો સામનો કરી રહેલા પત્રકારો, અધિકારીઓ અને કર્મચારીઓને એક દિવસની છૂટ આપવામાં આવી હતી.

વિધાનસભાના ચોમાસુ સત્રના પહેલા દિવસે નાર્વેકરે ગૃહમાં જણાવ્યું હતું કે ચહેરાની ઓળખ પ્રણાલી લાગુ કરવાની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને મોટાભાગના વિધાન સભ્યોની નોંધણી પહેલા જ પૂર્ણ થઈ ગઈ છે. હવેથી વિધાન ભવનમાં પ્રવેશ ચહેરા ઓળખ પદ્ધતિથી થશે. મોટાભાગના વિધાન સભ્યોના ચહેરા ઓળખવાની પ્રક્રિયા અત્યાર સુધીમાં પૂર્ણ થઈ ગઈ છે અને તેમનો પ્રવેશ સરળતાથી થઈ રહ્યો છે.

વધુમાં નાર્વેકરે જણાવ્યું હતું કે કેટલાક પત્રકારો, અધિકારીઓ અને કર્મચારીઓ ટેકનિકલ મુશ્કેલીઓને કારણે ચહેરાની ઓળખ રજિસ્ટ્રેશન પૂર્ણ કરી શક્યા નથી. જે પત્રકારો, અધિકારીઓ અને કર્મચારીઓના ચહેરાની ઓળખ પૂર્ણ થઈ નથી તેમને એક દિવસ છૂટ આપવામાં આવી છે અને તેમના ઓળખપત્રના આધારે પ્રવેશની મંજૂરી આપવામાં આવી છે. મંગળવારથી ચહેરાની ઓળખ પદ્ધતિ દ્વારા વિધાનસભા પરિસરમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે. (પીટીઆઈ)

# બળવાખોર સાંસદ આષ્ટિકરના પુત્રને સેના (યુબીટી)માંથી કાઢી મૂકાયાઃ સંજય રાઉત

મુંબઈ : છ લોકસભા સભ્યોના બળવા સામે ઝઝૂમતા શિવસેના (યુબીટી) એ બળવાખોર સાંસદ નાગેશ પાટિલ આષ્ટિકરના પુત્રને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ બદલ બરતરફ કર્યા છે, એમ પાર્ટીના નેતા સંજય રાઉતે સોમવારે જણાવ્યું હતું. સાંસદના પુત્ર, કૃષ્ણ પાટિલ આષ્ટિકર, ગયા અઠવાડિયે યોજાયેલી મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં નાંદેડ મતવિસ્તારમાંથી પાર્ટીના ઉમેદવાર હતા.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સામે બળવો કરનારા છ સાંસદોમાં નાગેશ પાટિલ આષ્ટિકર પણ છે. સંસદસભ્યે રવિવારે કહ્યું કે તેઓ અને અન્ય સભ્યો ૧૮ જૂન સુધી ક્યાંય ગયા નહોતા, પરંતુ તેમના વિરુદ્ધ કેટલીક ટિપ્પણીઓ કરવામાં આવ્યા બાદ તેમણે પોતાનો વિચાર બદલી નાખ્યો, જે સ્પષ્ટપણે રાજ્યસભાના સાંસદ સંજય રાઉત તરફ ઈશારો કરે છે. પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરાયેલા એક વિડીયો ક્લિપમાં, સાંસદે એમ પણ કહ્યું કે તેમણે પોતાની વિચારધારા સાથે કોઈ સમાધાન કર્યું નથી અને એક શિવસેનામાંથી બીજી શિવસેનામાં ગયા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે છેલ્લા બે વર્ષમાં ઘણા પ્રયાસો છતાં, તેઓ તેમના લોકસભા મતવિસ્તાર માટે ભંડોળ મેળવવામાં નિષ્ફળ ગયા હતા. ■

# ૯૦ વર્ષના અણ્ણા હઝારે ફરી આંદોલન કરવા ઉત્સુકઃ અનશન પર ઉતરવાનો ઈશારો

અહિલ્યા નગરઃ વરિષ્ઠ સમાજસેવક અણ્ણા હઝારે ફરી એકવાર આંદોલનના મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. રાજ્ય સરકાર સામે અણ્ણા હઝારેએ પાંચમી જુલાઈથી રાલેગણસિદ્ધિ ખાતે ભૂખ હડતાળની ચેતવણી આપી છે. રાજ્ય સરકાર દ્વારા ૧૨ જૂન, ૨૦૨૬ ના દિવસે માહિતી અધિકાર (આરટીઆઈ) અંગે લાગુ કરાયેલા નવા નિયમો સામે વરિષ્ઠ સમાજસેવક અણ્ણા હઝારેએ ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું છે.

રાજ્ય સરકારે હવે માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માગતી વખતે નવા ધોરણો લાગુ કર્યા છે. આ ધોરણો સામે આરટીઆઇ કાર્યકરોમાં અસંતોષનું વાતાવરણ છે. અણ્ણા હઝારેએ આક્રમક વલણ અપનાવી આરોપ મૂક્યો છે કે આ નવા નિયમો માહિતી અધિકારને નબળો પાડી રહ્યા છે અને ભ્રષ્ટાચારને વેગ આપી રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર મોકલીને આ દમનકારી નિયમોને તાત્કાલિક રદ કરવાની માગ કરી છે. તેમણે ચેતવણી પણ આપી છે કે જો સરકાર એક પણ પગલું પાછું નહીં ભરે તો તેઓ પાંચમી જુલાઈ, ૨૦૨૬ થી રાલેગણ સિદ્ધિના યાદવ બાબા મંદિરમાં અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર બેસશે.

અણ્ણા હઝારેએ નવા નિયમોની જોગવાઈઓ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. માહિતી માગવા માટે ફીમાં ધરખમ વધારો, અરજદાર માટે ઓળખપત્રની આવશ્યકતા અને સૌથી મહત્ત્વનું 'એક વિષય-એક અરજી'ની નવી શરત સામાન્ય માણસ માટે માહિતી મેળવવાનું અત્યંત મુશ્કેલ બનાવશે. આ માહિતી અધિકાર કાયદાનું એક પ્રકારનું ગળું દબાવવાનો અને પારદર્શિતાને સમાપ્ત કરવાનો પ્રયાસ હોવાનો દાવો અણ્ણાએ પત્રમાં કર્યો છે.

### પુણે પોર્શ કેસ

# સગીર આરોપીના પિતાના જામીન રદ કરવા માટે પોલીસે કોર્ટમાં અરજી કરી

પુણેઃ પુણે પોલીસે પોર્શ કાર અકસ્માત કેસમાં સગીર આરોપીના પિતા વિશાલ અગ્રવાલને આપવામાં આવેલા જામીન રદ કરવા માટે કોર્ટનો સંપર્ક કર્યો છે અને આરોપ લગાવ્યો છે કે તેમને રાહત આપતી વખતે સુપ્રીમ કોર્ટે લાદેલી શરતોનું ઉલ્લંઘન કર્યું છે.

આ પગલું થોડા અઠવાડિયા પહેલા વાયરલ થયેલા એક વીડિયોના સંદર્ભમાં લેવામાં આવ્યું છે જેમાં અગ્રવાલ પરિવારના સભ્યો સાથે જામીનની ઉજવણી કરી રહ્યા હોવાનું કથિત રીતે સોશ્યલ મીડિયા પર વાયરલ થયું હતું, જેના કારણે લોકોમાં રોષ ફેલાયો હતો.

શિવાજીનગર સેશન્સ કોર્ટમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર શિશિર હિરે દ્વારા દાખલ કરાયેલી અરજી મંગળવારે સુનાવણી માટે રજૂ કરવામાં આવશે.

અગ્રવાલ પર મે, ૨૦૨૪માં પોર્શ કાર અકસ્માતમાં બે લોકોનાં મોત થયા બાદ તેમના પુત્રને કાનૂની પરિણામોથી બચાવવા માટે લોહીના નમૂના બદલવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. આ વર્ષે માર્ચમાં સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા હતા.

પુણે પોલીસ કમિશનર અમિતેશ કુમારે આ વીડિયોની નોંધ લીધી અને કાનૂની કાર્યવાહીનો નિર્દેશ આપ્યો હતો, ત્યાર બાદ રાજ્યના કાયદા વિભાગ પાસેથી કોર્ટમાં જવાની પરવાનગી મેળવવામાં આવી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ફરિયાદ પક્ષના મતે કથિત ઉજવણીઓ સાક્ષીઓ પર અસર કરી શકે છે અને જામીન આપતી વખતે સુપ્રીમ કોર્ટે નક્કી કરેલી શરતોનું ઉલ્લંઘન છે.

જો કે અગ્રવાલ પરિવારે આરોપોને ફગાવી દેતા કહ્યું છે કે આ વીડિયો ૨૦૨૩ માં શૂટ કરવામાં આવ્યો હતો અને અકસ્માત પહેલાનો છે. ■





ખાસ ગુણવત્તાયુક્ત, સ્વાસ્થ્યવર્ધક, પોષ્ટીક શ્રેષ્ઠ સૂકામેવાનું એકમાત્ર સ્થળ

ફ્રી હોમ ડિલિવરી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રેગ્યુલર બદામ | ૯૨૦ | કાજુ કણી સફેદ | ૭૨૦ | A અંજીર | ૧૪૦૦ | જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ | હેઝલ નટ | ૨૫૦૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૯૬૦ | કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ | 2A અંજીર | ૧૬૦૦ | અજવા ખજૂર | ૧૨૦૦ | પ્રુન્સ | ૮૦૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૦૦૦ | કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ | 3A અંજીર | ૧૮૦૦ | લાલ ખજૂર | ૧૪૦ | મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૨૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ | કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ | 4A અંજીર | ૨૦૦૦ | સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ | પીકન નટ | ૨૨૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ | કાજુ પુરી | ૧૦૦૦ | 5A અંજીર | ૨૪૦૦ | પમ્પકીન સીડસ | ૪૮૦ | મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૧૦૦ | કાજુ રોટલા | ૧૨૦૦ | 6A અંજીર | ૨૮૦૦ | રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૬૦૦ | ચીલગોઝા | ૬૦૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૨૦૦ | ઈન્ડિયન કિસમિસ | ૬૦૦/૬૮૦ | 7A અંજીર જમ્બો | ૩૬૦૦ | સનફ્લાવર સીડ | ૩૨૦ | A મખાના | ૧૨૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૨૪૦૦ | અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ | પીસ્તા મગજ | ૨૬૦૦ | રોસ્ટેડ સનફ્લાવર સીડ | ૪૦૦ | 2A મખાના | ૧૪૦૦ |
| 2A મામરા બદામ | ૩૬૦૦ | અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ | મોટા પીસ્તા મગજ | ૨૮૦૦ | ચીયા સીડસ | ૩૬૦ | જમ્બો મખાના | ૧૮૦૦ |
| 3A મામરા બદામ | ૪૦૦૦ | સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ | A મોટા પીસ્તા મગજ | ૩૦૦૦ | ક્યુનોવા | ૨૮૦ | ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૮૦૦ |
| 4A મામરા બદામ | ૪૮૦૦ | રેગ્યુલર કાળી કિસમિસ | ૫૨૦ | જમ્બો પીસ્તા મગજ | ૩૨૦૦ | કલીંગર સીડસ | ૬૮૦ | સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| 5A મામરા બદામ | ૫૬૦૦ | સીડલેસ કાળી કિસમિસ | ૬૦૦ | પિશોરી પીસ્તા | ૩૬૦૦ | ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૬૦ | તજ પાવડર | ૬૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૧૦૦૦૦ | મોટી સીડલેસ કાળી કિસમિસ | ૮૦૦ | પીસ્તા સ્લાઈસ | ૨૮૦૦ | રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ | ગુંદર કણી | ૨૮૦/૩૨૦ |
| બદામ સ્લાઈસ | ૧૧૦૦ | મોટી કાળી કિસમિસ | ૯૨૦ | સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ | રોસ્ટેડ ૭ સીડસ | ૬૦૦ | જીરાગોળી | ૨૮૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ | જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ | 2A સોલ્ટેડ પીસ્તા | ૧૭૦૦ | ધાણાદાળ | ૪૦૦ | મીઠા આમળા | ૨૦૦ |
| જમ્બો છીલટાવાળા ગોવા કાજુ | ૧૬૦૦ | આખા અખરોટ | ૧૦૦૦ | 3A સોલ્ટેડ પીસ્તા | ૧૮૦૦ | સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ | હની આમળા | ૩૬૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ | અખરોટ કણી | ૧૦૦૦ | અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ | સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ | ઇરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| 1A કાજુ | ૧૧૦૦ | અખરોટ ક્વાર્ટર ટુકડા નવા | ૧૪૦૦ | પબડી ગોટા | ૧૦૦૦ | ચારોલી | ૨૪૦૦ | કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૫૦ |
| 2A કાજુ | ૧૩૦૦ | કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ | પબડી ફાડચા | ૮૦૦ | ગ્રીન ઈલાયચી | ૩૬૦૦/૪૦૦૦/૪૪૦૦ | સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૫૦ |
| 3A કાજુ | ૧૪૦૦ | વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ | કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૨૨૦ | ઈલાયચી પાવડર | ૪૦૦૦ | ભીમસેની કપુર | ૧૨૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૬૦૦ | જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૪૦૦ | ઓમાન કાળી ખજૂર | ૪૦૦ | કેનબેરી | ૬૮૦ | કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૨૦૦ | એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ | ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૪૦ | કેનબેરી આખી | ૮૦૦ | જાવત્રી | ૩૬૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૬૦૦ | 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ | કલમી ખજૂર | ૮૦૦ | બ્લ્યુ બેરી | ૧૬૦૦ | બાદયાન | ૧૨૦૦ |
| મસાલા / મરી / પુદિના કાજુ | ૧૨૦૦ | 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ | કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ | ડ્રાય કિવી | ૬૦૦ | જાયફળ | ૧૪૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ | જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ | મજદૂલ ખજૂર (લૂઝ) | ૧૨૦૦ | ડ્રાય માંગ્રો / ડ્રાય પાઈનએપલ | ૬૮૦ | | |
| | | સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ | મજદૂલ ખજૂર | ૧૪૦૦ | બ્રાઝિલ નટસ | ૩૬૦૦ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નવા લોકવાન ઘંઉ | ૪૪ | રાવલગાવ ચોરસ સાકર | ૭૦ | કાબૂલી ચણા | ૧૨૦/૧૪૦/૧૬૦ | સામો | ૨૪૦ | તજ | ૪૦૦/૬૮૦ |
| નવા બેસ્ટ સરબતી એમપી સિહોર | ૬૪ | મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ | વાલની દાળ | ૨૪૦ | કુટી દાળો | ૨૪૦ | લવીંગ | ૧૨૦૦/૧૪૦૦ |
| નવા એમપી સિહોર | ૫૨/૬૦ | જાડી મોગરદાળ | ૧૪૦ | ચોળાની દાળ | ૧૬૦ | કુટી લોટ | ૨૮૦ | રાઈ | ૧૦૦/૧૨૦/૧૪૦ |
| જુના પરિમલ | ૪૦ | મોગરદાળ રજવાડી | ૧૬૦ | રાજમા | ૧૬૦ | સીંગોડાનો લોટ | ૪૦૦ | લોનાવલા કોક્મ | ૬૦૦ |
| સુરતી કોલમ | ૪૮/૫૬ | નવી મસુરદાળ | ૯૦ | જમ્બો રાજમા | ૧૬૦ | એમપી ઘઉંનો લોટ | ૬૫ | રાઈ કુરીયા | ૨૦૦ |
| જુના લચકારી વાડા કોલમ | ૭૬ | અળદ દાળ | ૧૪૦/૧૬૦ | સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ | ઘઉંનો લાડુ લોટ | ૭૦ | મેથી કુરીયા | ૨૮૦ |
| જુના આંબામોર | ૨૧૦ | ચણા દાળ | ૮૪/૯૦ | લાલ તુવર | ૨૦૦ | સીંગદાણા | ૧૬૦/૧૭૦/૧૮૦ | ધાણા કુરીયા | ૩૨૦ |
| જુના કાળી મુછ | ૯૦ | ગ્રીન છીલટી મગ દાળ | ૧૨૦/૧૪૦ | કબૂતર જુવાર | ૩૮ | આખા સીંગ (ભુતડા) | ૧૪૦ | ~~~હોમમેડ મસાલા~~~ | |
| નવા કાળી મુછ | ૮૪ | જાડી ગ્રીન છીલટી મગ દાળ | ૧૬૦ | સોલાપુર જુવાર | ૮૦ | સાબુદાણા | ૮૦ | સ્પેશ્યલ દુધનો મસાલો | ૨૮૦૦ |
| નવી રેંટીયો તુવેર દાળ | ૧૭૦ | મગ | ૧૨૦/૧૪૦ | બાજરી | ૬૦ | નવો દેશી ગોળ | ૭૫ | ઓરગૈનીક સૂઠ પાવડર | ૬૦૦ |
| અંગુર તુવરદાળ | ૧૬૦ | જાડા મગ દેશી | ૧૮૦ | ખાવાની પીળી મકાઈ | ૬૦ | બરફી ગોળ | ૬૫ | ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| લક્ષ્મી તુવેરદાળ | ૧૫૦ | મઠ | ૧૨૦ | પોપકોર્ન મકાઈ | ૧૪૦ | ગોળ પાવડર | ૧૪૦ | પ્યોર ચાનો મસાલો | ૧૨૦૦ |
| કોરી તુવર દાળ લાતુર | ૧૪૦ | આખા મસુર | ૧૨૦ | લાપસી રવો | ૫૨ | ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૫ | પ્યોર ગરમ મસાલો | ૧૨૦૦ |
| કોરી તુવર દાળ ગુજરાત મઢી | ૧૫૦ | સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ | જાડો / બારીક રવો | ૪૮ | મેથી | ૧૨૦/૧૬૦ | પ્યોર આમચૂર પાવડર | ૬૦૦ |
| દામજી પાસુ તુવરદાળ | ૨૦૦ | લીલા વટાણા | ૧૬૦ | મેંદો | ૪૮ | જમ્બો જાડી મેથી | ૨૦૦ | ખોપરા ખમણ | ૪૦૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ | કાળા વટાણા | ૧૬૦ | જીરૂ | ૩૨૦/૩૬૦/૪૦૦/૪૮૦ | લીલી વરિયાળી | ૪૦૦/૪૮૦/૫૨૦ | સેલમ હળદર પાવડર | ૩૨૦ |
| જાડા પૌંઆ | ૬૫ | વાલ સુરતી | ૨૦૦ | જુવારનો લોટ | ૯૦ | લખનૌ વરિયાળી ગ્રીન | ૪૮૦ | મિરચી પાવડર | ૪૮૦ |
| મંગલમ જાડા પૌંઆ | ૭૬ | ચોરા | ૧૨૦ | નાચણીનો લોટ | ૮૦ | ધાણા દાળ | ૪૦૦ | કશ્મિર મિરચી પાવડર | ૮૦૦ |
| પાતળા પૌંઆ | ૬૮ | જાડા ડોલર ચોરા | ૧૪૦ | મકાઈનો લોટ | ૮૦ | તલ | ૨૪૦/૨૮૦ | માલવણી મસાલા | ૪૦૦ |
| સાકર | ૪૪/૪૬ | બારીક ચોરા | ૨૪૦ | રાજગીરાનો લોટ | ૧૮૦ | કાળા તલ | ૩૬૦ | ધાણા પાવડર | ૨૮૦ |
| ખડી સાકર | ૮૦ | બીબી પાપડી વાલ | ૧૬૦ | ઢોકળાનો લોટ | ૧૨૦ | સુવા | ૩૬૦ | ધાણા જીરૂ પાવડર | ૩૬૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૮૮ | લાલ ચણા નાના | ૯૦ | હાંડવાનો લોટ | ૧૬૦ | આજમો | ૩૬૦/૪૪૦ | સિંધેવ મીઠુ (પિન્ક સોલ્ટ) | ૬૦ |
| | | લાલ મોસંબી ચણા | ૧૪૦ | ચોખાનો લોટ | ૮૦ | જાડો આજમો | ૬૦૦ | સાદુ લસણ મોટી સાઈઝ | ૨૮૦ |
| | | | | | | રતલામ ખસખસ | ૨૨૦૦ | | |

FREE HOME DELIVERY

Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card

મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- Sunday Closed Rates per kg.

S. Arts

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

# એમ્બીવેલીમાં ધીરગુરુદેવનો અમીશા નીરજ વોરાના ગૃહઆંગણે ઐતિહાસિક ચાતુર્માસ પ્રવેશોત્સવ



એમ્બીવેલીસિટીના પ્રાંગણે પ્રથમ જ વાર પૂ. શ્રી ધીરગુરુદેવ અને પૂ. મીનાજી મ.સ. ની ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પૂ. પલ્લવીજી મ.સ., પૂ. ચંદનાજી મ.સ., પૂ. સૌરભસુધાજી મ.સ., પૂ. શુભેચ્છાજી મ.સ. ઠાણા - ૧૬ તથા અમેરીકા, આફ્રિકા, મસ્કત, કલકત્તા, રાયપુર, જળગાંવ, ઇન્દોર, પૂના, અમદાવાદ, સુરત, વાપી, યવતમાળ, જશાપર, કાટકોલા, જામનગર, ધોરાજી, ધંધુકા, ખપોલી, લોનાવાલા, રાજકોટ અને મુંબઇના વિવિધ સંઘોના સરસ્વતી કે નંદન, કોટી કોટી વંદન ના ભાવિકોના જયનાદે શોભાયાત્રા ડુંગર દરબાર, ઓડીટોરીયમમાં ધર્મસભામાં પરિવર્તિત થયા બાદ લલિત મંડળે સ્વાગત ગીત રજૂ કરેલ. અમીશા નીરજ વોરા પરિવારે સહુને આવકાર્યા હતા. ઇંગ્લિશ સહિત પાંચ ભાષામાં પ્રકાશિત દશવૈકાલિક સૂત્રની વિમોચન વિધિ માલિનીબેન કિશોરભાઈ સંઘવી પરિવારના હસ્તે કરાયેલ.

પૂ. મહાસતીજી એ શાસ્ત્ર ગાથાનું સમૂહગાન કરાવેલ. હિંગવાલા સંઘ - ઘાટકોપર, ઇન્દોર સંઘે ચાતુર્માસની વિનંતિ કરેલ. જીવદયા કળશનો લાભ જી-૭ ગ્રૂપ - વિલેપાર્લે અને બહેરા-મુંગા શાળા ભોજન તિથિનો ૨૭ ભાવિકોએ લાભ લીધેલ. ભાવિકોએ રોકડ રૂપિયા ૫૦૦ અને લાડુ વગેરેથી સંઘ પૂજન કરેલ. ૧૫૦૦ થી ભાવિકોએ ગૌતમ પ્રસાદનો લાભ લઈને ચાતુર્માસ કમિટીની વ્યવસ્થાને બિરદાવી હતી. આ પ્રસંગે નવિન દોશી, યોગેશ લાઠીયા, ઉમેશ સંઘવી, વનરાજ તુરખીયા, પિયુષ અવલાણી, રમેશ દામાણી, મુકેશ દોશી, અરવિંદ દેસાઈ, અભય શાહ, ઉર્વિશ વોરા, મિલન અજમેરા, વિનુ કપાસી, જયેશ ઘોલેરાવાળા, કે. ડી. કરમુર, નિકુંજ મહેતા, દર્શક રૂપાણી, મુકેશ કામદાર વગેરે તેમજ રાકેશ સોની, કિરીટ ગાલા, પ્રતીક અગરવાલ, વિનેસ મહેતા, બાલા સુબ્રમનીયમ, વૈભવ સંઘવી, પ્રગ્નેશ ચાવડા, એકે જૈન, રજનીકાંત પટેલ, ડો. હેમંત ભંડારી, ધર્મેન્દ્ર શેઠ, મનીષ વોરા (અમર સન્સ) હરેશ વોરા, સુરેશ કામદાર, પ્રવીણ કોઠારી, જિગ્નેશ વોરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજઆયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજિત એવમ મંજુલાબેન તથા સોમાલાલ વ્યાસ પરિવાર પ્રેરિત શ્રીમદ ભાગવત સપ્તાહ હાલમાં સંપન્ન થઇ. આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ઘાટકોપર સ્થિત લાયન્સ કોમ્યુનિટી હોલ ગારોડિયા નગરમાં તા. ૧-૬-૨૬થી ૭-૬-૨૬ સુધી રહ્યું હતું. વ્યાસપીઠ પર શાસ્ત્રી પ. પૂજય શ્રી ધનંજયભાઇ વ્યાસ બિરાજમાન થઇ શ્રીમદ ભાગવતનું રસપાન કરાવ્યું હતું. વિવિધ મનોરથી જેમાં નૃસિંહ પ્રાગટય, વામન જન્મ, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, શ્રી ગોવર્ધન લીલા, રૂક્ષ્મણી વિવાહ ઉજવવામાં આવ્યા હતા.

# શ્રી નાગરદાસ ધારસી ભૂતા ચૅરિટીઝ - શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈ સ્કૂલ

શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈ સ્કૂલમાં પ્રી-પ્રાઇમરી, પ્રાઇમરી અને સેકન્ડરી વિભાગ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ની શરૂઆત થઈ એ નિમિત્તે શાળાને રંગબેરંગી બલૂન્સ, રિબન્સ અને અન્ય સજાવટની સામગ્રીથી સજાવવામાં આવી હતી. શાળાના પ્રવેશદ્વારને આકર્ષક અને સુંદર રંગોથી શોભિત કરવામાં આવ્યો હતો. શાળાના માનનીય ટ્રસ્ટીઓ શ્રી કમલેશજી ભૂતા, શ્રીમતી દેવાંગીજી ભૂતા, શ્રી શુભેન્દુજીભૂતા, શ્રીમતી તેજાશ્રીજી અને ડૉ. વૃષ્ણિજી ભૂતા તેમ જ શાળાનો વહીવટી સ્ટાફ તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લાસભર્યા શિક્ષકોએ પ્રવેશદ્વારે સ્વાગત ગીત, આરતીનો થાળ, ફૂલની પાંખડી, હળદર-કુમકુમનો તિલક, ઢોલના નાદ અને હાર્દિક સ્મિત સાથે વિદ્યાર્થીઓનું ઉસ્માભર્યું સ્વાગત કર્યું હતું. દરેક વિદ્યાર્થીએ સૌપ્રથમ શાળાના કેન્દ્રમાં સ્થાપિત મા સરસ્વતીજીની વિશાળ મૂર્તિ સમક્ષ નમન કરીને આશીર્વાદ મેળવ્યા અને નવી ઊર્જા, એકાગ્રતા, દૃઢ નિશ્ચય, આનંદ અને ખુશી સાથે પોતાના વર્ગખંડ તરફ આગળ વધ્યા હતા.

# કૃષિ લોન માફી માટે ૨૦,૦૦૦ કરોડ સહિત કુલ ૯૭,૭૦૬ કરોડની પૂરક માગણીઓ

## મહારાષ્ટ્ર સરકારે ચોમાસુ સત્રના પહેલા દિવસે જ માગણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યની તિજોરી પર ૭૪,૮૧૭.૬૬ કરોડ રૂપિયાની કૃષિ લોન માફી યોજનાના ૨૦,૫૫૨ કરોડ રૂપિયા સહિત કુલ ૯૭,૭૦૬.૪૦ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ મહારાષ્ટ્ર સરકાર દ્વારા સોમવારે વિધાન સભામાં માંડવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કૃષિ લોન માફી પહેલેથી જ વિવાદમાં સપડાઈ છે. વિપક્ષ ઓછામાં ઓછી ટેક્નિકલ શરતો સાથે સંપૂર્ણ કૃષિ લોન માફીની માગણી કરી રહ્યું છે અને એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે તો આ મહિનાના પ્રારંભમાં 'કડક' શરતો દૂર કરવા માટે ભૂખ હડતાળ પણ કરી હતી.

કુલ પૂરક માગણીઓમાંથી, અનિવાર્ય ખર્ચ માટે ૧૩,૮૨૫.૭૧ કરોડ રૂપિયા, કાર્યક્રમ સંબંધિત ખર્ચ માટે ૬૬,૫૫૯.૪૦ કરોડ રૂપિયા અને કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓ હેઠળ ઉપલબ્ધ ભંડોળ દ્વારા ટેકો આપવા માટે ૧૭,૩૨૧.૨૯ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

કુલ માગણીઓ ૯૭,૭૦૬.૪૦ કરોડ રૂપિયાની હોવા છતાં, ગોઠવણો અને વસૂલાતને કારણે સરકારી તિજોરી પર વાસ્તવિક નાણાકીય બોજ ફક્ત ૭૪,૮૧૭.૬૬ કરોડ રૂપિયાનો થશે, એમ સરકાર દ્વારા જારી કરાયેલ એક સત્તાવાર નોંધમાં જણાવાયું છે.

કૃષિ લોન માફી યોજના - પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર શેતકરી કર્જમુક્તિ યોજના, ૨૦૨૬ માટે પ્રસ્તાવિત સૌથી મોટી ફાળવણીમાં ૨૦,૫૫૨ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

કેન્દ્રની રાજ્યોને મૂડી રોકાણ માટે વિશેષ સહાય યોજના હેઠળ વ્યાજમુક્ત લોન માટે રૂ. ૧૦,૦૦૭.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

■ પ્રાર્થનાસભા તેમજ આધ્યાત્મિક પ્રવચન, ભજન, કીર્તન, શ્લોક માટે સંપર્ક ૯૯૩૦૪૬૧૭૭૯. (૩૫૧)

### ૧૫. નોકરીજોઈએછે

WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Export Procedures, Office Routine, Computer, Seeks Part Time Job. 9930461779. (350)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૭૬૭૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ₹ ૨૫૦ને બદલે ₹. ૫૦૦ દંડ રેલવે કાયદામાં હવે મોટા ફેરફારો

મુંબઈ : ટિકિટ વિના ટ્રેનમાં મુસાફરી કરવી હવે ઘણી મોંઘી પડશે. ખુદાબક્ષોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, રેલવેએ દંડ વધારવાનો નિર્ણય લીધો છે. દંડની રકમ લગભગ બમણી કરી દેવામાં આવી છે. રેલવે સ્ટેશનો પર આ અંગે જાહેરાતો કરવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારે રેલવે અધિનિયમ, ૧૯૮૯ માં નોંધપાત્ર સુધારા કર્યા છે, જેમાં ટિકિટ વિના મુસાફરી માટે લઘુત્તમ દંડ ₹૨૫૦થી વધારીને ₹૫૦૦ કરવામાં આવ્યો છે. જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) અધિનિયમ, ૨૦૨૩ હેઠળ લાગુ કરાયેલા આ ફેરફારો, રેલવે નિયમોના વિવિધ ઉલ્લંઘનો માટે કડક નાણાકીય દંડની જોગવાઈ કરે છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ, રેલવે બોર્ડે તમામ ઝોનલ વહીવટીતંત્રોને સુધારેલા નિયમો વિશે જાણ કરી દીધી છે, અને ઘણા ક્ષેત્રોમાં આ નવી દંડાત્મક જોગવાઈઓનો અમલ શરૂ થઈ ગયો છે. સુધારેલી કલમ ૧૩૭ હેઠળ, માન્ય ટિકિટ વિના મુસાફરી કરનારા અથવા વપરાયેલી ટિકિટનો ફરીથી ઉપયોગ કરનારા તથા અન્ય વ્યક્તિના નામે જારી કરાયેલી ટિકિટનો ઉપયોગ કરીને મુસાફરી કરનારા મુસાફરોએ ભાડા ઉપરાંત વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. આ માટે લઘુત્તમ રકમ ₹૫૦૦ નક્કી કરવામાં આવી છે. દંડ ભરવાનો ઇનકાર કરવાથી મામલો કોર્ટમાં જઈ શકે છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### હડતાળ પાછી ખેંચાયા

નહોતી. બેસ્ટ દ્વારા ૨,૭૬૬ જેટલી બસો દોડાવવામાં આવે છે, જેમાં રોજના પચીસ લાખ પ્રવાસી મુસાફરી કરે છે. રેલવે બાદ પરિવહન માટે મુંબઈગરાઓ માટે બેસ્ટની બસો સેકન્ડ લાઈફલાઈન ગણાય છે. લાંબા સમયથી પડતર માગણીને લઈ બેસ્ટની સંયુક્ત કામગાર કૃતિ સમિતિ દ્વારા ગુરુવારની રાતથી હડતાળ જાહેર કરવામાં આવી હતી. શુક્રવારથી ત્રણ દિવસ સુધી આ હડતાળ ચાલી હતી. બાદમાં રવિવારની રાતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા બેસ્ટ ઍક્શન કમિટી સાથે બેઠક થઈ હતી. બેઠકમાં લેવાયેલા નિર્ણય પછી હડતાળ સમેટાઈ ગઈ હતી.

જોકે હડતાળ પાછી ખેંચવામાં આવ્યા છતાં સોમવારની સવારે બેસ્ટની માત્ર ૫૭ બસો જ દોડી શકી હતી. બેસ્ટના સવારના આઠ વાગ્યાની આંકડા અનુસાર ૨,૫૨૭ બસો દોડાવવાનું નક્કી થયું હતું, પણ માત્ર ૧,૪૩૬ બસ જ દોડી શકી હતી.

આની પાછળનું કારણ ૧,૪૫૪ ડ્રાઈવરની સામે માત્ર ૮૩૫ ડ્રાઈવર જ ફરજ પર હાજર થયા હોવાનું જાણવા મળ્યું હતું. આમાંથી બેસ્ટની પોતાની ૧૬૫ બસ, જ્યારે વેટ-લીઝ પરની ૨૩૩૯ની સામે માત્ર ૧,૨૭૧ બસ દોડી હતી.

સવારે પિક અવર્સના સમયે જ બસનાં ફાંફાં હોવાથી અનેક બસ સ્ટોપ પાસે પ્રવાસીઓની લાંબી લાઈનો લાગી હતી. કંટાળીને અનેક પ્રવાસી મેટ્રો તરફ વળ્યા હતા. મોટા ભાગના લોકલ ટ્રેનથી તેમના સ્થળે પહોંચ્યા હતા.

બપોરના ત્રણ વાગ્યાની આસપાસ પરિસ્થિતિમાં થોડો સુધારો આવ્યો હતો, પરંતુ ડ્રાઈવરોની સંખ્યા અડધી જ હોવાથી પ્રવાસીઓની હાલાકી ઓછી થઈ નહોતી. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ૨,૯૦૨ની સામે ૨,૦૦૮ બસ રસ્તા પર આવી હતી. બેસ્ટના કહેવા મુજબ ૯,૯૨૧ ડ્રાઈવરને બદલે ૫,૯૨૩ ડ્રાઈવર જ કામે જોડાયા હતા. અડધોઅડધ ડ્રાઈવરની ગેરહાજરીને કારણે બસો ઓછી દોડી હતી. આમાં વેટ-લીઝની બસના ડ્રાઈવરો ૪,૧૮૩ની સામે માત્ર ૧,૮૪૦ જ હાજર રહ્યા હતા. એ જ રીતે કન્ડક્ટરોની પણ સંખ્યા અડધી જ હતી.

### બળવાખોર સંસદસભ્ય

માટે આ એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

જોકે, આ બધી ઘટનાઓ બની રહી છે ત્યારે બીજી તરફ, શિવસેના શિંદે જૂથના નેતા રામદાસ કદમ દ્વારા કરવામાં આવેલા દાવાને કારણે મોટો ખળભળાટ મચી ગયો છે. કદમે દાવો કર્યો છે કે છ નહીં, પરંતુ સાત સંસદ સભ્યોના હસ્તાક્ષર છે. છ શિંદેના નિવાસસ્થાને પહોંચી ચૂક્યા છે, પરંતુ હવે કદમના દાવાથી સાતમા સંસદ સભ્ય વિશે કુતૂહલ થયું છે.

કદમે વધુમાં જણાવ્યું હતું કે છ નહીં પણ સાત સંસદ સભ્યોએ સહી કરી છે. સોમવારે છ શિવસેનામાં જોડાઈ ગયા છે.

### નાંદેડ, ઔરંગાબાદમાં

કૃષ્ણા આષ્ટિકરને 'પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ' માટે દૂર કરવામાં આવ્યા છે.

ઔરંગાબાદ-કમ-જાલના સ્થાનિક સત્તાવાળાઓના મતવિસ્તારમાં, ભાજપના ઉમેદવાર સુહાસ શિરસાટે ૪૫૫ પ્રથમ પસંદગીના મતો મેળવ્યા હતા. તેમના સેના (યુબીટી)ના હરીફ ગણેશ કૌતિકરાવ લોખંડેને ૧૩૫ મત મળ્યા હતા, જ્યારે અન્ય ઉમેદવાર ઇશાક ખાન સંદુ ખાનને ૩૫ મત મળ્યા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. સીટ માટેની ચૂંટણીમાં કુલ ૬૨૫ મત પડ્યા હતા, અને પાંચ મત અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા.

ઉસ્માનાબાદ-લાતુર-બીડ સ્થાનિક સત્તાવાળાઓના મતવિસ્તારમાં, ભાજપના ઉમેદવાર બસવરાજ પાટીલ ૮૪૪ મતો મેળવીને જીત્યા, જ્યારે તેમના હરીફ કોંગ્રેસના ઉમેદવાર મહેશ દેશમુખને ૧૨૫ મતો મળ્યા હતા.

કુલ ૯૮૩ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો અને ૧૪ મતો અમાન્ય જાહેર કરવામાં આવ્યા.

અગાઉ, વર્ધા-ચંદ્રપુર-ગઢચિરોલીથી ભાજપના અરુણ લાખાણી અને અહિલ્યાનગરથી પ્રાજક્ત તનપુરે, પુણેથી એનસીપીના ઉમેદવાર વિક્રમ કાકડે અને રાયગઢ-રત્નાગિરી-સિંધુદુર્ગથી અનિકેત તટકરે, અને થાણેથી શિવસેનાના ઉમેદવાર રવિન્દ્ર ફાટક અને યવતમાળથી દુષ્યંત ચતુર્વેદી બિનહરીફ ચૂંટાયા હતા.

તનપુરે ઉમેદવારી નોંધાવવાના થોડા સમય પહેલા જ ભાજપમાં જોડાયા હતા. એનસીપી (એસપી) નેતા જયંત પાટીલના ભત્રીજા, અહિલ્યાનગરના નેતા, અગાઉ મહા વિકાસ આઘાડી (એમવીએ)ની સરકારમાં પ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે.

વિપક્ષ એમવીએએ આરોપ લગાવ્યો હતો કે શાસક ગઠબંધન દ્વારા હરીફ ઉમેદવારોને પાછા ખેંચવા માટે પૈસા અને શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### બ્રિટનમાં રહેતા

પત્ની સાથે છૂટાછેડા થયા પછી ગઢવીએ બીજાં લગ્ન માટે એક મેટ્રિમોનિયલ સાઈટ પર પોતાનો પ્રોફાઈલ તૈયાર કર્યો હતો. આ સાઈટ પર સર્ચ કરતી વખતે જુલાઈ, ૨૦૨૦માં ગઢવીની ઓળખ સોલંકી સાથે થઈ હતી. બન્નેએ મોબાઈલ નંબરની આપલે કર્યા પછી વૉટ્સઍપના માધ્યમથી સંપર્કમાં રહેતાં હતાં.

સોલંકીએ પણ પતિથી છૂટાછેડા લઈને દીકરી સાથે રહેતી હોવાનું કહ્યું હતું. વાતચીત દરમિયાન સોલંકીએ લગ્ન માટે હામી ભરી હતી. લગ્ન પહેલાંની મુલાકાત માટે સોલંકી દીકરી સાથે બ્રિટન પણ ગઈ હતી, જ્યાં ગઢવી સાથે રિંગ સેરેમની કરી હોવાનો દાવો ફરિયાદમાં કરાયો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બ્રિટન આવ-જાની ટિકિટ, વિઝાનો ખર્ચ, અંધેરીના ઘરના ભાડાને બહાને સોલંકીએ નાણાં પડાવ્યાં હતાં. એ સિવાય બ્રિટનથી ભારત પાછા ફરતી વખતે સોલંકીને પાંચ હજાર બ્રિટિશ પાઉન્ડ (૫.૧૦ લાખ રૂપિયા) ખર્ચ પેટે ગઢવીએ આપ્યા હતા.

દરમિયાન ફેસબુક પરના એક કોમન મિત્ર પાસે પૂછપરછ કરતાં સોલંકીનાં છૂટાછેડા ન થયા હોવાની જાણ ગઢવીને થઈ હતી. ત્યાર બાદ પણ વિવિધ કારણો બતાવી નવેમ્બર, ૨૦૨૦થી જુલાઈ, ૨૦૨૧ દરમિયાન સોલંકીએ નાણાં પડાવ્યાં હતા. પછી ૨૦૨૨માં સોલંકીએ ગઢવીને વૉટ્સઍપ પર બ્લૉક કરી દીધો હતો. પરિણામે ૧૫.૭૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ ગઢવીએ કરી હતી.

## પાયદસ્ત

એમી જમશેદ રાનદેરીયા તે મરહુમ જમશેદના ધનિયાની. તે મરહુમ દિનબઇ ફરામરોઝ પ્રીનતરના દીકરી. તે નરગીશ ને કેરસીના મમી. તે ઝરીર ને હુતોકશીના સાસુ. તે મરહુમો કેટી, પરીન, જેમી, બૉમી, માનેક ને ફિરોઝના બહેન. તે આસતાદ ને ઝુબીનના બપઇજી. (ઉં. વ. ૯૮) રે. ઠે. કોન્ટ્રેક્ટર બિલ્ડિંગ, ૧લે માળે, રૂમ. નં. ૫, ડો. આંબેડકર રોડ, ભાઇખલા. મુંબઇ-૪૦૦૦૨૭. પાયદસ્ત : તા. ૨૩-૬-૨૬ના દિને સવારે ૭.૪૫ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે મેવાવાલા અગિયારીમાં.

## પારસી મરણ

બુરઝીન બરજોર તારાપોર તે મેહરુ તથા મરહુમ બરજોરજી તારાપોરના દીકરા. તે શીરાઝ ને મેહરનોશના ભાઇ. મેરઝાનના મામા. તે યઝદાનના બનેવી. (ઉં. વ. ૬૨) રે. ઠે. ૧૮૦૪, હીલ્લા ટાવર્સ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં.

હુતોકશી હોરમઝજી પીર તે મરહુમો વીલુ હોરમઝજી પીરના દીકરી. તે મરહુમ એમીના બહેન. તે જહાંગીર એન. કાતરકનો ભાનજો. તે માહારુખ એફ. મોતાફરામના નીસ. તે સાઇરસ એન. કાતરકના નેવીયું. (ઉં. વ. ૮૨) રે. ઠે. બી-૧૬, ભરુચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ગોદાવરા અગિયારીમાં છેજી.

સોલી દારબશા વજીફદાર તે ડો. બખતાવરના ધની. તે મરહુમો ઓસતી ખોરશેદ એરવદ દારાબશા વજીફદારના દીકરા. તે ઓસ્તી પીનાઝના પપા. તે મરહુમો આકીશના જમાઇ. તે મરહુમ કેટીના ભાઇ. તે તરોનીશ ના મમાવા. (ઉં. વ. ૮૧) રે. ઠે. જ-૪, ગોદરેજ બાગ, સીમલા હાઉસ આગળ, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે જોખી અગિયારીમાં છે.

જરુ સરોશ કરાઇ તે મરહુમ સરોશના ધનિયાની. તે મરહુમો નરગીશ તેહમુરસપ એન્જિનિયરના દીકરી. તે ખુશરુ ને આરમઇતીના માતાજી. તે શીરાઝ ને ફરશીદના સાસુજી. તે મરહુમો કેરસી ને મનીના બહેન. તે દેલનાઝના બપઇજી. (ઉં. વ.૭૧) રે. ઠે. ૮૧૬, મિસ્ત્રી બિલ્ડિંગ, રૂમ એ-૧૬, બીજે માળે, જામેજમશેદ રોડ, દાદર ટી.ટી. મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૬-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે પોટરસની અગિયારીમાં.

શેરનાઝ દીનયાર દુબાશ તે મરહુમ દીનયારના ધનિયાની. તે મરહુમો રોશન દારા ભંડારી ને ધનજીશા જાલેજર શ્રોફના દીકરી. તે બેદીન નેવીલના માતાજી. તે વીવહાનના બપઇજી. તે ઝુબીન ને ફ્રીયાનના ફૂઇ. તે કાવસના કઝીન. (ઉં. વ. ૭૨) રે. ઠે. એન. એમ. પીટીટ ચાલ, ૧૩૩ મોદી સ્ટ્રીટ, રૂમ નં.૩૪, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧.

## જૈન મરણ

પાલિતાણા નિવાસી હાલ વાલ્કેશ્વર, સ્વ. શાંતાબેન જયંતિલાલ કરસનદાસ શેઠના સુપુત્ર પ્રવીણચંદ્ર શેઠ (ઉં. વ..૮૪) સોમવાર, તા. ૨૨/૦૬/૨૬ના રોજ અવસાન પામેલ છે. તે પુષ્પાબેનના પતિ, દિપેશભાઈ, ભાવેશભાઈ, ધર્મેશભાઈના પિતા, ડિમ્પલ, સેજલ અને ભાવિકાના સસરા, શૌર્ય, ધૈર્ય, માનવ, હૃદય અને અસંગના દાદા, મનસુખલાલ હેમચંદ સંઘવી મહુવાવાળાના જમાઈ. સરનામુંઃ ૧૦૬ /ઇ, શાંતિનગર, ૯૮ નેપિયન્સી રોડ. વાલ્કેશ્વર મુંબઈ.

ગં.સ્વ. સોનબાઇ (ઉં. વ. ૯૨) ગામ બાયઠ હાલ થાણે (ચેકનાકા) તા. ૨૧.૦૬.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રતનશી હીરજી ગોશરના પુત્રવધુ, સ્વ. મુલજીભાઈના ધર્મપત્ની, સ્વ. ત્રિકમજી પત્રામલ લોડાયા (ગામ - નલિયા) ની સુપુત્રી, ગં.સ્વ. પ્રેમિલા, સ્વ. ચેતના, મહેન્દ્ર, નિતેશ અને ગં.સ્વ. ખ્યાતિના માતુશ્રી, સ્વ. લક્ષ્મીચંદ ગડા, સ્વ. કાંતિલાલ નાગડા, અ.સૌ. પ્રિયંકા, અ.સૌ. માયા, સ્વ. યોગેશભાઈ ગગંરના સાસુમા, સ્વ. ધનજીભાઈ, સ્વ.પદમશીભાઈ, સ્વ.નારાણજીભાઈ, પ્રતાપભાઈ, સ્વ. માલતીબેન(મેઘબાઈ) તારાચંદ મોતાના ભાભી. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૩.૦૬.૨૬ના ૪થી ૫.૩૦. બંને પક્ષ તરફથી પ્રાર્થના સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ગોપુરમ હોલ, પુરુષોત્તમ ખેરાજ સ્ટેટ, જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં, ડો. આર.પી. રોડ, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. જગજીવનદાસ બાઉચંદ દોશીના સુપુત્ર, વસંતરાય (ઉં. વ. ૯૩) તા. ૨૧.૦૬.૨૬ના દેહ પરિવર્તન થયેલ છે. તે હંસાબેનના પતિ, મીનાબેન, આરતીબેન, રૂપાબેન તથા દીપકભાઈના પિતાશ્રી, સ્વ. રાજેશકુમાર, મુકેશકુમાર, આશિષકુમાર, બીજલના સસરા, સ્વ. દલસુખભાઈ, સ્વ. કિરીટભાઈ, ધર્મેન્દ્રભાઈ, સ્વ. મંગળાબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. ઉષાબેન તથા રાજુલબેનના ભાઈ, સ્વ. વિનાયકલાલ બાવચંદ મહેતા, કટકના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

ભુજપુરના પ્રિતી જીતેન્દ્ર દેઢિયા (ઉં. વ. ૫૩) તા.૨૦/૬/૨૬ ના અવસાન પામેલ છે. ભાનુમતી ચંપકલાલના પુત્રવધુ. જીતેન્દ્રના પત્ની. હર્ષ જેનિશના માતા. હંસાબેન (મણી) મણીલાલની પુત્રી. રશ્મી રૂપેનના બેન. પ્રા.: વ.સ્થા.જૈન શ્રા.સં.કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા.૨ થી ૩.૩૦. નિ.જીતેન્દ્ર દેઢિયા, ૩/૩૦૩, પાલાંગે હાઈટ્સ, જૈન મંદિર પાસે, ચરઈ, થાણે.

નાની તુંબડીના હેમેન્દ્ર સુરજી સતિયા (ઉં. વ. ૫૮) તા. ૨૦.૬.૨૬ નાઅવસાન પામ્યા છે. અમૃતબેન સુરજી (બાબુભાઈ) પાલણના સુપુત્ર. દિનાબેનના પતિ. અપૂર્વ, હિરલના પપ્પા. ટુંડા કુસુમ વસનજી મુરજી, પત્રી હેમલતા ચંદ્રકાંત ડુંગરશી, નવીનાર ઈંદિરા (હીના) ચંદ્રકાંત મોરારજી, નાની ખાખર સુસ્મિતા બિપીન વૃજલાલ, ટુંડા વીણા હસમુખ વેલજીના ભાઈ. નવાવાસ લીલાવતીબેન ગાંગજી ચાંપશીના જમાઈ. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ. જૈન સંઘ : નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦. નિ. હેમેન્દ્ર સતિયા : ૭૦૨, અર્થ ગેલેક્સી, આંબેડકર રોડ, દાદર-ઈ. મું-૧૪.

**વીસા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ (પેડર રોડ મુંબઇ) સ્વ. છગનલાલ લધુભાઇ શાહ (વસા) સ્વ. અનસુયાબેન છગનલાલ શાહના સુપુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૮૩) તે વિશાખાબેનના પતિ. રૂપમબેન, સ્વ. અમિતના પિતાશ્રી. રંજનબેન હર્ષદભાઇ ઉદાણી-વિજુબેન બિપિનભાઇ મહેતા, રશ્મિબેન મનહરભાઇ મહેતા, ચંદ્રકાંતભાઇ, ચંદ્રિકાબેનના ભાઇ. અમદાવાદ નિવાસી શાંતીભાઇ અપ્પાના જમાઇ. તા. ૨૧મી જૂન રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

સરદાર નિવાસી, હાલ ઘાટકોપર, અનિલભાઈ ધીરજલાલ દોશી (ઉં. વ. ૮૯) તે ધીરજલાલ નરભેરામ દોશીના પુત્ર, કુંદનબેનના પતિ, જીતેશ, સ્વ. દીપ્તિ તથા નિલેશના પિતા, અ.સૌ. સુલેખા તથા અ.સૌ. રેખાના સસરા, ડો. હરજીવન પોપટલાલ પાડલિયાના જમાઈ. તા. ૨૧ જૂન ૨૦૨૬, રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થા.જૈન**

મરમઠ વેકરી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. હીરાબેન પ્રભુદાસભાઈ શેઠના દીકરા દિવ્યાંશુ પ્રભુદાસ શેઠ (ઉં. વ. ૬૬) તા. ૧૮/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હરિતભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. જયેશભાઈ તથા નીરૂબેન કિરીટભાઈ દોશી, આરાધનાબેન અશ્વિનભાઈ દેસાઈના ભાઈ. સરલાબેનના દિયર. સ્વ. દલીચંદભાઈ, સ્વ. સોભાગચંદભાઈ તથા સ્વ. સુરેશભાઈ શેઠના ભત્રીજા, સિદ્ધિ હાર્દિક કારિયાના કાકા. પારસ, રોહન, પિનલના મામા. ચક્ષુદાન તથા ત્વચા દાન કરેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે

**જાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જૈન**

ગામ રામપુરા ભાનકોડા હાલ બોરીવલી, સ્વ. જયંતીલાલ મણિલાલ શાહ (ઉં. વ. ૮૦) તા. ૨૧-૦૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ગં.સ્વ. સ્વ. ઉષાબેનના પતિ, સ્વ. શંગારબેન મણિલાલ મોહનલાલ શાહના સુપુત્ર, વિશાલ, શેફાલી રચિક કોઠારી તથા પાયલ પ્રશાંત મહેતાના પિતાશ્રી, પૂજાના સસરા, સિદ્ધ, વંશ અને કાયોમીના વ્હાલા દાદાશ્રી / નાનાશ્રી, રમેશભાઈ દાગલીના જમાઈશ્રી.ભાવયાત્રા તા. ૨૩ જૂન, ૨૦૨૬ મંગળવાર સમય ૧૦થી બપોરે ૧૨. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સર્વોદય હોલ, ગ્રાઉન્ડ ફ્લોર,એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી પશ્ચિમ.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

શાંતુબેન (સુધાબેન) રમણિકલાલ બદિયાણી (ઉં. વ. ૮૦) તે કંચન ધર્મેશ વડોદરીયાના માતુશ્રી. તે ગો. વા. ચંદ્રિકાબેન મથુરાદાસ મજીઠીયા, ગો. વા. જયાબેન ગિરિધરદાસ દાસાણી, ગો. વા. હંસાબેન રમણદાસ બદિયાણી, ગો. વા. વલ્લભદાસ, રમણભાઇ, સુંદરભાઇના બેન. તે ગો. વા. હીરાબેન અને હરીદાસ ઠાકરસી બદિયાણીના દીકરી. વૃંદાના નાની. રવિવાર, તા. ૨૧ જૂનના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩ જૂન મંગળવારના સાંજે ૫થી ૬. ઠે. મહિલા આધારિકા હોલ, પાવનધામની બાજુમાં, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**વોરા**

મૂળ ગામ ડાંગરવાડા, સ્વ. ગોગનભાઈ મોહનભાઈ વોરા તા. ૨૧/૦૬/૨૬, રવીવારના અવસાન થયેલ છે. તે સુરેશભાઈના પિતાશ્રી, જેઠાભાઈ મોહનભાઈ વોરા, ભરતભાઈ મોહનભાઈ વોરાના મોટાભાઈ. જીતુભાઈ જેઠાભાઈ વોરા, જયેશભાઈ જેઠાભાઈ વોરાના મોટાબાપુ. તેઓનું બેસણું તા. ૨૪/૦૬/૨૦૨૬ને બુધવારના રોજ ૮-૦૦ થી ૧૦-૦૦. શ્રી ગણેશ એપાર્ટમેન્ટ ચિત્રકૂટ ધામ - ૨, અક્ષર માર્ગ, રાજકોટ.

**હાલાઈ લોહાણા**

થાણા નિવાસી, રંજન (ઉં. વ. ૭૧) (કલવા/થાણે) રવિવાર તા. ૨૧/૦૬/૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે ઉપેન્દ્ર વસંતરાય તન્નાના પત્ની, હિમાંશુ તથા વિશાલના માતુશ્રી, બિંદુ તથા રૂપાલીના સાસુ, યશ, દેવાંશી તથા આદિત્યના દાદી, સ્વ. લલીતાબેન તથા સ્વ. વૃજલાલ તુલસીદાસ ગણાત્રાના સુપુત્રી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૩/૦૬/૨૬ના સાંજે ૪થી ૫. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ**

સ્વ. મનુભાઈ ગિરધરલાલ પંચાલ હાલ બેંગ્લોર, તા. ૧૯/૦૬/૨૬, શુક્રવારના રોજ અવસાન પામેલ છે. તે ઈલાબેનના પતિ, રાકેશભાઈ અને દર્શનાબેનના પિતા, પ્રીતિબેન અને સુકેતુના સસરાજી, ક્ષમ્યના દાદા, મનાક્ષ અને કહાનના નાના. પ્રાર્થનાસભા તા. ૨૪/૦૬/૨૬, બુધવાર સાંજે ૪થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ બોરીવલી, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી પશ્ચિમ. લૌકીક રિવાજ બંધ છે.

**હાલાઇ ભાટિયા**

ગં.સ્વ. દિપીકાબેન જમનાદાસ આશર (ઉં. વ. ૭૯) ગામ જામનગર, હાલ મુંબઈ, તે ગં.સ્વ. મોંઘીબેન હીરજી આશરના પુત્રવધૂ. ગં.સ્વ. ગંગાબેન પ્રેમજી આશરના પુત્રી, મીનાક્ષી ઉદયસિંહ પાલીચા, જીગ્ના મહેશકુમાર આશર, શીતલ જીતેશકુમાર આશર અને મિહિરના મમ્મી, વૃષાલીના સાસુ, રમીલાબેન, રાજનીબેન અને દિનેશભાઇના બહેન. માયા, અ.સૌ. ઝરણાં હર્ષકુમાર ઉદેશી, અ.સૌ. રીતુ સોહિલકુમાર સંપટ, હીતિકા અને મોહનિશના નાની. દિનાંક ૨૧-૦૬-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### નાશિકમાં આશ્ચર્યજનક

આ ચૂંટણી જીતી લીધી હતી.

નાસિક વિધાન પરિષદ માટે કુલ ૬૧૮ મતદારોએ મતદાન કર્યું હતું. ગણતરી દરમિયાન, આમાંથી ૧૩ મત અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. તેથી, કુલ ૬૦૫ મત માન્ય હતા. આ માન્ય મતોના આધારે, વિજય માટે ૩૦૩ મતોનો ક્વોટા નક્કી કરવામાં આવ્યો હતો. આ ગણતરીમાં, અપક્ષ ઉમેદવાર ગોકુલ ગીતેએ ૩૫૭ મત મેળવીને સરળતાથી વિજયનો આંકડો પાર કર્યો. જ્યારે મહાયુતિના નરેન્દ્ર દરાડે માત્ર ૨૪૮ મત મેળવી શક્યા. બીજી તરફ, ચૂંટણી મેદાનમાં રહેલા અન્ય ઉમેદવાર પ્રસાદ હિરેને શૂન્ય મત મળ્યા. ગોકુલ ગીતેએ પહેલા રાઉન્ડમાં જ ૩૦૩નો ક્વોટા પાર કર્યો, જેનાથી તેમનો વિજય સુનિશ્ચિત થયો. શિવસેના એમએલસી મનીષા કાયન્દેએ પરિણામ અંગે વાંધો વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'પરિણામ અંગે ગંભીર શંકા છે કારણ કે અમને ખાતરી આપવામાં આવી હતી કે અમારા ઉમેદવારને ટેકો આપવામાં આવશે.'

મોટાભાગના સ્થાનિક પ્રતિનિધિઓએ ગીતેની તરફેણમાં મતદાન કર્યું હોવાનું સ્પષ્ટ થયા પછી દેખીતી રીતે નારાજ દરાડે ગણતરી કેન્દ્ર છોડી ગયા.

ગિતે સ્થળ પર પહોંચ્યા અને દરાડેના ભાઈ અને નાસિક શિક્ષક મતવિસ્તારના વર્તમાન એમએલસી કિશોર દરાડેની હાજરી સામે સખત વાંધો ઉઠાવ્યો ત્યારે ગણતરી કેન્દ્ર પર થોડો તણાવ સર્જાયો હતો. તેના કારણે ઉમેદવારો અને તેમના સમર્થકો વચ્ચે થોડો તણાવ સર્જાયો હતો.

ગીતેએ દારાડે સામે પોતાની ઉમેદવારીની જાહેરાત કરી ત્યારથી નાસિક મતવિસ્તારમાં વિવાદ જોવા મળ્યો હતો. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે દરાડેએ તેમના પિતા વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો.

### શિવસેનામાં છ વાઘ

આ સંબંધિત તમામ કાનૂની કાર્યવાહી કરી છે.

ઠાકરેનો પક્ષ છોડીને આવેલા છ સાંસદો આ વખતે જાહેરમાં શિંદેની શિવસેનામાં જોડાયા હતા. સંજય પાટિલ લોકો સાથે જોડાયેલા કાર્યકર છે, જમીની સ્તરે કામ કરે છે. ઓમરાજે તેમના મનના રાજા છે, પરંતુ તેમણે પોતાનું મન બનાવી લીધું છે અને આપણી સાથે આવ્યા છે. તેમના કાર્યકરો સાથે ચર્ચા કર્યા પછી, તેમણે વિકાસ અને ન્યાય માટે ટેકો આપ્યો. કેટલાક લોકોએ તેમનું અપમાન કર્યું, તેમને રીલ સ્ટાર કહ્યા. પરંતુ ઓમરાજે એક વાસ્તવિક સ્ટાર છે.

સંજય દેશમુખ સારા છે અને અમારી પાસે તે છે કારણ કે તે વધુ સારું કામ કરવા માગે છે. નાગેશ પાટિલ આષ્ટિકર ખૂબ સારા છે. ભાઈસાહેબ વાકચૌરે પણ આવા જ કાર્યકર છે.

**મરણ ખબર માટેની સૂચના** — મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મંત્રાલયમાં ઈન્ટરવ્યૂ પછી નોકરીને નામે ૭.૬૫ લાખ રૂપિયા પડાવ્યા

**નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પીએ પ્રભાકર કાળે પર પણ આક્ષેપઃ જોકે તેની કોઈ ભૂમિકા ન હોવાનો પોલીસનો દાવો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મંત્રાલયમાં ઈન્ટરવ્યૂ લીધા પછી ફોરેસ્ટ ગાર્ડની નોકરી અપાવવાને બહાને નાંદેડના યુવાન પાસેથી ૭.૬૫ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. આ રૅકેટમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પીએ પ્રભાકર કાળેની સંડોવણીના પણ આક્ષેપ થયા હતા, પરંતુ પ્રાથમિક તપાસમાં તેની કોઈ ભૂમિકા ન હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

નવી મુંબઈના તળોજા ખાતે રહેતી સામાજિક કાર્યકર વર્ષા ભુતાળે (૪૦)એ આ મામલે ૧૫ જૂને મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે પોલીસે વિશ્વનાથ ગચ્છે સહિત પાંચ જણ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે મંત્રાલયમાં સારી ઓળખાણ હોવાનો દાવો આરોપીએ કર્યો હતો. ફરિયાદીના એક સગાને સરકારી નોકરી અપાવવાની ખાતરી આરોપીએ આપી હતી. આ માટે નાંદેડમાં રહેતા યુવકને ઈન્ટરવ્યૂ માટે મંત્રાલયમાં બોલાવવામાં આવ્યો હતો.

કહેવાય છે કે મંત્રાલયના ગ્રાઉન્ડ ફ્લોર પર યુવકનો ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો હતો અને પછી આરોપીએ ફોરેસ્ટ ગાર્ડ તરીકેની નોકરી મળી હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું. બાદમાં આરોપીને બોગસ એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે નોકરી સંબંધી તબીબી તપાસ માટે યુવકને દક્ષિણ મુંબઈની એક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. એપોઈન્ટમેન્ટ લેટર અને ટ્રેનિંગ લેટર આપીને યુવકને નાગપુર, નાશિક અને સાતારા સહિતના સ્થળે તાલીમ માટે લઈ જવાયો હતો. જોકે કોઈ પણ તાલીમ આપ્યા વિના યુવકને સાતારામાં છોડી આરોપી પાછા મુંબઈ ફર્યા હતા. નોકરીને નામે છેતરપિંડી કરાઈ હોવાનું જણાતાં પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. આરોપીએ ઑનલાઈન ટ્રાન્ઝેક્શનથી ૭.૨૫ લાખ રૂપિયા અને ૪૦ હજારની રોકડ સ્વીકારી હતી. આ કેસમાં પ્રભાકર કાળેની સંડોવણીનો આક્ષેપ કરાયો હતો. જોકે વરિષ્ઠ અધિકારીના કહેવા મુજબ આ પ્રકરણે તપાસ અધિકારીએ કેસ સંબંધી પ્રાપ્ત દસ્તાવેજોની ચકાસણી કરી હતી. એ સિવાય અત્યાર સુધીની તપાસમાં કાળેની સંડોવણી જણાતી નથી. ■

# મહારાષ્ટ્ર વિધાનભવનના પગથિયાં પર વિપક્ષનું કૃષિ લોન માફીના મુદ્દે વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસુ સત્રના પહેલા દિવસે સોમવારે મહારાષ્ટ્ર વિધાનભવનના પગથિયાં પર વિપક્ષી દળોએ રાજ્યની મહાયુતિ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં ઓછામાં ઓછી ટેક્નિકલ શરતો સાથે સંપૂર્ણ લોનમાફી આપવાની (ખેડૂતોના ૭/૧૨ કોરા કરવાની) માગણી કરવામાં આવી છે. શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરે, અંબાદાસ દાનવે અને કોંગ્રેસના સતેજ પાટીલના નેતૃત્વમાં વિપક્ષી વિધાનસભ્યોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

ખેડૂતોને સંપૂર્ણ લોન માફી મળવી જોઈએ અને સરકારે તેનો અમલ કરવો જોઈએ એવી માગણી તેમણે કરી હતી.

રાજ્ય સરકારે ખેડૂતો માટે લોન માફીની જાહેરાત કરી છે, પરંતુ વિપક્ષે એવો દાવો કર્યો હતો કે આ યોજના સાથે જોડાયેલી ઘણી શરતો ઘણા પાત્ર લાભાર્થીઓને બાકાત રાખશે.

બીજી જૂને મહારાષ્ટ્ર કેબિનેટે ૩૬,૫૮૫ કરોડ રૂપિયાની કૃષિ લોન માફી યોજનાને મંજૂરી આપી, જેનો લગભગ ૫૬ લાખ ખેડૂતોને લાભ થવાની અપેક્ષા છે. નપુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર શેતકરી કરજ-મુક્તિ યોજનાથ નામની આ યોજના બે લાખ રૂપિયા સુધીની કૃષિ લોન માફી પૂરી પાડે છે. તેમાં ત્રણ ઘટકો છે - લોન માફી, એક વખતની પતાવટ અને પ્રોત્સાહન લાભો - અને પાત્રતા માટે કોઈ જમીન માલિકીનો માપદંડ રહેશે નહીં.

માફી ઘટક હેઠળ, જે ખેડૂતોની કુલ બાકી ટૂંકા ગાળાની પાક લોન, જેમાં મુદ્દલ અને વ્યાજનો સમાવેશ થાય છે, બે લાખ રૂપિયા સુધીની છે તેઓ સંપૂર્ણ દેવા રાહત માટે પાત્ર બનશે. લોન પહેલી એપ્રિલ, ૨૦૧૯ અને ૩૧ માર્ચ, ૨૦૨૫ની વચ્ચે વિતરિત કરવામાં આવી હોવી જોઈએ. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીની મુદત ધરાવતી હોવી જોઈએ અને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચૂકવવામાં આવી ન હોવી જોઈએ. જે ખેડૂતોના બાકી લેણા બે લાખ રૂપિયાથી વધુ છે તેમને ઓટીએસ ઘટક હેઠળ આવરી લેવામાં આવશે. આવા દેવાદારોએ બે લાખ રૂપિયાથી વધુની રકમ ચૂકવવી પડશે, ત્યારબાદ તેઓ બે લાખ રૂપિયાની માફી માટે પાત્ર બનશે. તેમને બાકી રકમનો તેમનો હિસ્સો જમા કરાવવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ■

# નાશિકમાં બૅન્ક સાથે ૩૮ કરોડની છેતરપિંડીઃ જ્વેલર્સની ધરપકડ

નાશિકઃ ટીજેએસબી કો-ઑપરેટિવ બૅન્ક સાથે ૩૮ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ નાશિક પોલીસે છ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ મામલે પોલીસે બાફના જ્વેલર્સના ડિરેક્ટર નીલેશ બાફનાની ધરપકડ કરી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે બૅન્ક અધિકારીની ફરિયાદને આધારે સરકારવાડા પોલીસે શનિવારે નીલેશ સુભાષ બાફના, સુભાષ લખીચંદ બાફના, નર્મતા નીલેશ બાફના, પ્રભાવતી સુભાષ બાફના, સરલા પારસમલ બાફના અને ગૅરન્ટર કાંતિલાલ લખીચંદ બાફના વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પ્રાથમિક તપાસ બાદ પોલીસે રવિવારે નીલેશ બાફનાની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૬ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. વધુ તપાસ માટે આ કેસ આર્થિક ગુના શાખામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ બાફનાએ ૧૯૯૮માં ટીજેએસબી બૅન્ક પાસેથી ૯૦ લાખની કૅશ ક્રેડિટ લીધી હતી. તેણે સમયાંતરે પુનઃચુકવણી કરીને તેણે બૅન્ક અધિકારીઓનો વિશ્વાસ જીત્યો હતો.

ત્યાર બાદ તેણે સમયાંતરે વધુ લોનની માગણી કરી હતી, જેનો આંકડો ૪૪ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. જોકે માર્ચ, ૨૦૨૫થી તેણે નિયમિત રીતે લોનના વ્યાજની ચુકવણી કથિત રીતે કરી નહોતી.

અધિકારીએ જણાવ્યું હતું કે બાફનાનું એકાઉન્ટ નૉન-પરફોર્મિંગ એસેટ બની ગયું હતું. બૅન્કે પછી તેની મિલકતોને ટાંચ મારવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ૧૨ મેના રોજ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના આદેશ પછી બૅન્કે ત્રીજી જૂને બાફનાને એક નોટિસ મોકલાવી હતી અને દુકાનમાંનો બધો સામાન કબજામાં આપવાનું કહ્યું હતું. જોકે બાફનાએ દુકાનની કસ્ટડી આપી નહોતી.

પરિણામે પોલીસની મદદથી દુકાનનું શટર તોડવામાં આવ્યું હતું. જોકે દુકાનમાંથી માત્ર રૂપિયા ૨૫,૧૯,૨૫૦ મૂલ્યનો સામાન મળી આવ્યો હતો. આરોપીએ ૫૯.૦૭ કરોડ રૂપિયાનો સામાન હોવાનું ખોટું સ્ટેટમેન્ટ રજૂ કર્યું હતું અને તે દસ્તાવેજો સાચા હોવાનું દર્શાવ્યું હતું, એવું પોલીસે જણાવ્યું હતું. આ દસ્તાવેજોને આધારે બૅન્કમાંથી વિવિધ લોન સુવિધાઓ અને કૅશ ક્રેડિટ લેવામાં આવી હતી. ૧૯૯૮થી આરોપીના ટ્રાન્ઝેક્શનની તપાસ કરવામાં આવતાં આ છેતરપિંડી સામે આવી હતી. પરિણામે બૅન્ક અધિકારીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઈ)■

# લાલચવશ જનાદેશ છોડી દીધોઃ આદિત્ય ઠાકરેએ કરી બળવાખોરોની ટીકા

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય અને ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ સોમવારે અસંતુષ્ટ સંસદ સભ્યો પર પ્રહારો કરતા દાવો કર્યો હતો કે મતદારોએ તેમના મતવિસ્તારમાં એનડીએ ઉમેદવારોને નકારી કાઢ્યા હતા અને 'ઈન્ડિયા' ગઠબંધનને ટેકો આપ્યો હતો, પરંતુ લાલચવશ તેઓ રાતોરાત બેશરમીથી જનાદેશ છોડી જતા રહ્યા છે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં ઠાકરેએ સરકાર પર પક્ષપાત કરવાનો અને રાજકીય હેતુઓ માટે જાહેર ભંડોળનો દુરુપયોગ કરવાનો આરોપ કરી જણાવ્યું હતું કે અસંતુષ્ટોની વફાદારી અને પ્રતિષ્ઠા વેચવાલ છે.

શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને આંચકો આપી તેમના પક્ષના નવ લોકસભા સભ્યોમાંથી છ સભ્યોએ બળવો કર્યો છે, જેમાંથી બે સભ્યોએ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શાસક શિવસેનામાં જોડાવાની પુષ્ટિ કરી છે.

આદિત્ય ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે 'પક્ષપલટો કરી રહેલા એનડીએ વિરુદ્ધ એમવીએ અને 'ઇન્ડિયા'ના જોર પર ચૂંટાયા હતા. એ લોકો માટે શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને એનસીપી (એસપી)ના નેતાઓ પ્રચાર કરી રહ્યા હતા. દરેક જણે તમામ પક્ષો અને સાથી પક્ષોના નેતાઓ પાસે સભાના આયોજનની માગણી કરી હતી.

મતદારોએ તમારા મતવિસ્તારોમાં એનડીએ ઉમેદવારોની વિરુદ્ધ અને 'ઇન્ડિયા' ગઠબંધન માટે મતદાન કર્યું હતું. લાલચવશ રાતોરાત બેશરમીથી છેહ દીધો છે એ તેમણે સ્વીકારી લેવું જોઈએ.'

બળવો કરનારા છ શિવસેના (યુબીટી) સંસદ સભ્યોમાંથી નાગેશ પાટીલ આષ્ટિકર અને ઓમપ્રકાશ રાજેનિમ્બાળકરે રવિવારે ભંડોળની તંગી સહિતના વિવિધ કારણો ટાંકી પક્ષ છોડવાની પુષ્ટિ કરી હતી. આ બળવાથી મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની ભવિષ્યની રાજકીય લડાઈઓ માટે તેમના પક્ષને એક સાથે રાખવાની ક્ષમતા પર નવા પ્રશ્નો ઉભા થયા છે. (પીટીઆઈ)■

# વિપક્ષના સંસદસભ્યોનો એનડીએમાં જોડાવાનો નિર્ણય યોગ્ય, પણ વિધાનસભ્યોની જરૂર શું છે?

## ભાજપના વિધાનસભ્યનો સવાલ

મુંબઈઃ ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના વિધાનસભ્ય આશિષ દેશમુખે સોમવારે કહ્યું કે કેન્દ્રમાં મજબૂત સરકાર માટે એનડીએમાં જોડાવા બદલ વિપક્ષના સંસદ સભ્યોને આવકારીએ છીએ. જોકે, મહારાષ્ટ્રના શાસક મહાયુતિમાં વિપક્ષી વિધાનસભ્યોને સામેલ કરવાની જરૂરિયાત પર તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કારણ કે ગઠબંધન પહેલાથી જ વિધાનસભામાં બે તૃતિયાંશ બહુમતી ધરાવે છે. દેશમુખે દાવો કર્યો હતો કે વધારાના વિધાનસભ્યોને લાવવાથી શાસક ગઠબંધનનો ભાગ બનેલા વિધાનસભ્યોનું જોર ઘટી શકે છે.

શિવસેના (યુબીટી)ના નવ લોકસભા સભ્યોમાંથી છ સભ્યો દ્વારા બળવો થયા પછી તેમની ટિપ્પણી આવી છે.બે સભ્યોએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શાસક શિવસેનામાં જોડાવાની પુષ્ટિ કરી છે. વિપક્ષી લોકસભા અને રાજ્યસભાના સભ્યો પક્ષ બદલી રહ્યા હોવાથી કેન્દ્ર સરકાર મજબૂત બનશે એમ દેશમુખે કહ્યું હતું.

નાગપુર જિલ્લાના સાવનેર વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા દેશમુખે સવાલ કર્યો હતો કે હું આ પગલાનું સ્વાગત કરું છું કારણ કે આપણને ઘણા મહત્વપૂર્ણ ખરડા પસાર કરવા માટે એક મજબૂત કેન્દ્રની જરૂર છે, પરંતુ શું આપણને ખરેખર મહારાષ્ટ્રમાં વિપક્ષના વિધાનસભ્યોની જરૂર છે? ભાજપ, શિંદેની શિવસેના અને સુનેત્રા પવારની આગેવાની હેઠળની એનસીપીની બનેલી મહાયુતિ પાસે ૨૮૮ સભ્યોની રાજ્ય વિધાનસભામાં અત્યારે જ ૨૩૭ વિધાન સભ્યો છે. ડેપ્યુટી સીએમ શિંદેએ તાજેતરમાં વધુ વિપક્ષી નેતા તેમના પક્ષમાં જોડાવાના સંકેત આપ્યા હતા. શુક્રવારે શિવસેનાના સ્થાપના દિવસની રેલીને સંબોધતા શિંદેએ કહ્યું હતું કે 'આ ફક્ત એક ટ્રેલર છે; ફિલ્મ હજુ પૂરી થઈ નથી. શિવસેના (યુબીટી) ના છ લોકસભા સભ્યમાંથી બે સભ્યએ પહેલેથી જ કહ્યું છે કે તેઓ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાઈ રહ્યા છે. બાકીના ચાર સભ્યોએ મૌન જાળવી રાખ્યું છે.' (પીટીઆઈ)■

# વિક્રોલીમાં હિટ ઍન્ડ રનની ઘટનામાં બાઈકસવારનું મોત

મુંબઈઃ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિક્રોલી નજીક બનેલી હિટ ઍન્ડ રનની ઘટનામાં બાઈકસવાર યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેનો મિત્ર ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ શાહબુદ્દીન નૌશાદ ખાન (૨૫) અને હકીક સઈદ ખાન ૧૯ જૂનની વહેલી સવારે મુંબ્રાથી બાઈક પર બાન્દ્રા જઈ રહ્યા હતા. બન્ને વિક્રોલી નજીક પહોંચ્યા ત્યારે પાછળથી આવેલા અજાણ્યા વાહને તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં રસ્તા પર ફંગોળાયેલા બન્ને યુવક ગંભીર રીતે ઘવાયા હતા. તેમને મદદ કરવાને બદલે એવી જ હાલતમાં છોડી વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. વધુ સારવાર બાદ તેમને સાયન હૉસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર દરમિયાન શાહબુદ્દીન ખાનનું મૃત્યુ થયું હતું.■



# ગુજરાતના ૪૧ તાલુકામાં વર્ષારાણીનું આગમન, ભાવનગરમાં સૌથી વધુ પોણા બે ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સત્તાવાર ચોમાસાને હજુ પણ વાર લાગી શકે તેવા સંકેતો છે, જો કે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે રાજ્યના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. રાજ્યના ૧૬ તાલુકામાં અડધા ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. ભાવનગરમાં સૌથી વધુ ૧.૮૫ ઇંચ વરસાદ પડ્યો હતો, જ્યારે સુરતના ઉમરપાડામાં ૧.૭૭ ઇંચ અને નર્મદાના સાગબારા તાલુકામાં ૧.૫૪ ઇંચ વરસાદ પડ્યો હતો.

ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અનુસાર, સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. જે પૈકી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કુલ ૧૬ તાલુકામાં અડધા ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. જેમાં ભાવનગરમાં સૌથી વધુ ૧.૮૫ ઇંચ વરસાદ પડયો હતો, જ્યારે ઉમરપાડામાં ૧.૭૭ ઇંચ, સાગબારામાં ૧.૫૪ ઇંચ, ઉકાઈમાં ૧.૨૬ ઇંચ, વલસાડમાં ૧.૧૮ ઇંચ, અરેઠમાં ૧.૦૨ ઇંચ, અંબિકામાં ૦.૯૮ ઇંચ, સોનગઢમાં ૦.૭૯ ઇંચ, વઘઇમાં ૦.૭૫ ઇંચ, જેસરમાં ૦.૬૭ ઇંચ, ચીકદામાં ૦.૬૩ ઇંચ, કપરાડામાં ૦.૬૩ ઇંચ, સુરતમાં ૦.૫૯ ઇંચ, પારડી અને વાલોડમાં ૦.૫૫ ઇંચ તેમજ ખેરગામમાં ૦.૫૧ ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગની તાજેતરની આગાહી અનુસાર, આજે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને કલાકના ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ અને દાહોદ જિલ્લાનાં છૂટાછવાયાં સ્થળોએ મધ્યમ વાવાઝોડા સાથે વરસાદી માહોલ જોવા મળી શકે છે. આ ઉપરાંત, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલી સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગાજવીજ અને પવન સાથે હળવા પવનનાં ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

# કરોડોના સ્કોલરશિપ કૌભાંડનો માસ્ટરમાઇન્ડ વિજય પટેલ અમદાવાદમાંથી ઝડપાઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી શિષ્યવૃત્તિ યોજનાઓમાં આચરવામાં આવેલા કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) ને મોટી સફળતા મળી હતી. એસઓજીની ટીમે કૌભાંડના મુખ્ય સૂત્રધાર વિજય પટેલની અમદાવાદના શીલજમાંથી ધરપકડ કરી લીધી હતી. પકડાયેલો આરોપી વિજય પટેલ ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના અસલી દસ્તાવેજો તેમની જાણ બહાર મેળવીને તેનો દુરુપયોગ કરતો હતો.

જો કે આ આખું કૌભાંડ એક ફરિયાદી વિદ્યાર્થીએ કરેલા આક્ષેપ બાદ બહાર આવ્યું હતું, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે તેણે વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન કોઈ ડિપ્લોમા કોર્સમાં એડમિશન નહોતું લીધું કે ન તો કોઇ સરકારી શિષ્યવૃત્તિ માટે અરજી કરી તેમ છતાં આરોપીએ તેના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ગાંધીનગર જિલ્લાની કોલેજમાં ઓનલાઇન બોગસ એડમિશન મેળવી લીધું શિષ્યવૃત્તિની રકમ સીધી પડાવી લેવા માટે બેંકમાં બોગસ એકાઉન્ટ ખોલાવ્યું હતું. જો કે ઓટીપી આવે અને કોઇને જાણ ન થાય તે માટે નંબર પણ તેનો જ આપ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપીએ ૩ વર્ષની અંદર સરકારની યોજનાઓના કરોડો રૂપિયા ઓળવી લીધા હતા. આ કૌભાંડ દ્વારા તેણે એક તરફ સરકારની તિજોરીને મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું, તો બીજી તરફ શિષ્યવૃત્તિના અસલી હકદાર એવા અનેક ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને કારકિર્દી સાથે પણ ગંભીર છેતરપિંડી આચરી હતી.

ગાંધીનગર એસઓજી દ્વારા તમામ દસ્તાવેજો અને ડિજિટલ રેકોર્ડ્સની તપાસ કર્યા બાદ વિજય પટેલની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ■

# વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની પૂર્વે વર્લ્ડ એથ્લેટિક્સ ડેલિગેશન ગુજરાતની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એથ્લેટિક્સની આંતરરાષ્ટ્રીય સંચાલક સંસ્થા વર્લ્ડ એથ્લેટિક્સનું પાંચ સભ્યોનું ડેલિગેશન બીડ ઈવેલ્યુએશન પેનલના ચેરમેન એંટી ફિલ્હાકોસ્કીના નેતૃત્વમાં ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. આગામી ૨૦૨૮માં વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-૨૦ ચેમ્પિયનશિપ તથા વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૩૧ની સંભવિત યજમાની ગુજરાત કરવા જઇ રહ્યું છે.

વર્લ્ડ એથ્લેટિક્સ ડેલિગેશન આ પ્રસ્તાવિત રમતોત્સવોના સંદર્ભમાં ગુજરાતનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય આનુષાંગિક સુવિધાઓના અભ્યાસ-નિરીક્ષણ માટે તા. ૨૨ અને ૨૩ જૂન એમ ૨ દિવસો માટે ગુજરાત આવ્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સાથે ગાંધીનગરમાં મુલાકાત બેઠકથી આ ડેલિગેશને ગુજરાત પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનના સભ્યો સાથેની વાતચીતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિરીક્ષણ-મુલાકાતથી ડેલિગેશનને ગુજરાતની સજજતા અને સ્પોર્ટ્સ કલ્ચરની પ્રત્યક્ષ અનુભૂતિ થશે જ.

તેમણે આગળ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર આ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૩૧ની યજમાની મળે તે માટે આશાવાદી છે અને આ રમતોના સફળ આયોજનની તૈયારીઓ વેગવંતી બનાવી છે. આ મુલાકાત બેઠકની ચર્ચાઓ દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યુ હતું કે, ગુજરાત વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ, કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૩૦ સહિત વર્લ્ડક્લાસ સ્પોર્ટ્સના આયોજન માટે સજ્જ છે અને આ હેતુસર વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ, વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, કરાઈ એકેડમી જેવાં સ્થળોએ આવી વિશ્વસ્તરીય રમતોના આયોજન માટેની સુવિધાઓ ઝડપભેર વિકસી રહી છે.

આ મુલાકાત બેઠકમાં મુખ્ય પ્રધાનના અગ્ર સચિવ સંજીવ કુમાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ વાળા, આદીલ સુમારીવાલા, વાઈસ પ્રેસિડન્ટ વર્લ્ડ એથ્લેટિક્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ■

# અમદાવાદમાં રિક્ષા ભાડામાં મોટો વધારો, લઘુતમ ભાડું ૨૦ના બદલે પચીસ રૂપિયા કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર દેશમાં છેલ્લા કેટલાક સમયથી સતત વધી રહેલા સીએનજીના ભાવને કારણે રિક્ષા ચાલકો પર આર્થિક બોજ વધી રહ્યો છે. જેના કારણે અમદાવાદ શહેરમાં રિક્ષા ચાલક સંગઠનો દ્વારા અનેક વખત ભાડામાં વધારો કરવાની માગ કરવામાં આવી હતી. અંતે સરકાર દ્વારા આ માગને ધ્યાનમાં રાખીને રિક્ષા ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જો કે આ નિર્ણયથી શહેરના હજારો રિક્ષા ચાલકોને રાહત મળશે, જ્યારે મુસાફરોને હવે વધુ ભાડું ચૂકવવું પડશે.

અમદાવાદ રિક્ષા ચાલક એસોસિયેશનની ગાંધીનગર ખાતે ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરીએ બેઠક મળી હતી. જેમાં રિક્ષાચાલકોને ભાડામાં વધારો કરવાની છૂટ આપવામાં આવી છે. રિક્ષાનું મિનિમમ ભાડું ૨૦ રૂપિયા હતું જેમાં ૫ રૂપિયાનો વધારો કરીને ૨૫ રૂપિયા કરવામાં આવ્યું છે.

રિક્ષા ચાલકો અગાઉ પ્રતિ કિલોમીટરે ૧૫ રૂપિયા લેતા હતા જેમાં ૫ રૂપિયાનો વધારો કરીને ૨૦ રૂપિયા કરવામાં આવ્યા છે. અંદાજે ત્રણ વર્ષ બાદ રિક્ષા ચાલકોને ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ રિક્ષા ચાલક એસોસિયેશન અને પરિવહન વિભાગ વચ્ચે ગાંધીનગર સ્થિત ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરીમાં યોજાયેલી બેઠકમાં વધતા ઇંધણ ખર્ચ, વાહનોની જાળવણી અને અન્ય ખર્ચાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે રિક્ષા ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી હતી. ■

# ભાવનગર મેડિકલ કોલેજ રેગિંગકાંડઃ ૧૩ જુનિયરો પર અત્યાચાર ગુજારનાર ૭ સિનિયર ડૉક્ટર હોસ્ટેલ છોડી ફરાર

## ઝડપી લેવા પોલીસની બે ટીમો મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની સરકારી મેડિકલ કોલેજની રેગિંગની ઘટનામાં હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં પ્રથમ વર્ષના ૧૩ જુનિયર રેસિડેન્ટ ડોક્ટરો પર શારીરિક અને માનસિક અત્યાચાર ગુજારવાના આક્ષેપ સાથે બીજા વર્ષના ૭ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનો નોંધાતાની સાથે જ તમામ સાતેય આરોપી ડોક્ટરો મેડિકલ કોલેજની હોસ્ટેલ છોડીને ફરાર થઈ ગયા છે, જેમને ઝડપી લેવા માટે નીલમબાગ પોલીસે બે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગર સરકારી મેડિકલ કોલેજના ઓર્થોપેડિક વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો. અજયભાઈ જસમતભાઈ સેંતાએ ગત ૨૦ જૂનના રોજ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં કરાયેલા આક્ષેપો મુજબ, ગત ૧ માર્ચથી ૧૪ જૂન ૨૦૨૬ દરમિયાન સર. ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે મુખ્ય સૂત્રધાર ડો. વીર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા અને તેની ટોળકીના અન્ય ૬ સિનિયર ડોક્ટરો દ્વારા જુનિયરોનું અમાનવીય રેગિંગ કરવામાં આવતું હતું. જુનિયર ડોક્ટરો સ્નાયુના દુખાવાથી બેભાન થઈ જાય ત્યાં સુધી તેમને કલાકો સુધી ઊભા રાખવામાં આવતા હતા. એટલું જ નહીં, રાત્રે ૩ વાગ્યે બોલાવીને ઓ.ટી. અને વોર્ડની બહાર કુકડા-મુરઘા બનાવીને તેમના ફોટા અને વીડિયો ઉતારવામાં આવતા હતા. જુનિયર તબીબોને દિવસ દરમિયાન જમવા કે સૂવા માટેનો કોઈ ફિક્સ સમય આપવામાં આવતો ન હતો અને જો કોઈ જુનિયર સૂતા કે જમતા ઝડપાય તો તેને જાહેરમાં અપશબ્દો બોલી, ઉઠક-બેઠક કરાવીને માર મારવાની ધમકીઓ અપાતી હતી. આ ઉપરાંત શૈક્ષણિક સજાના ભાગરૂપે એકની એક વસ્તુ ૧,૦૦૦થી વધુ વખત લખવાની ફરજ પાડવામાં આવતી હતી. આ અમાનવીય ત્રાસથી કંટાળેલા જુનિયર તબીબોએ આખરે તંત્રને જાણ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ફરિયાદી પક્ષ દ્વારા પોલીસને આ અત્યાચારના મજબૂત પુરાવા રૂપે વીડિયો ફૂટેજ અને મોબાઈલ સ્ક્રીનશોટ્સ પણ સોંપવામાં આવ્યા હતા.નીલમબાગ પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસના મુખ્ય આરોપી અને લીડર ડો. વીર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા (રહે. ધ્રોલ, જામનગર) ઉપરાંત ડો. જયંત દેવાણી (રહે. રાજસ્થાન), ડો. પ્રવીણ વર્મા (રહે. ઉત્તર પ્રદેશ), ડો. ધર્મેન્દ્ર દયાળ (રહે. ભાવનગર), ડો. વિશાલ ડાભી (રહે. ઘોઘા, ભાવનગર), ડો. અમન વર્મા અને ડો. દિવ્ય મોદી (રહે. ભરૂચ) સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. હાલમાં આ સાતેય સસ્પેન્ડેડ ડોક્ટરો પોલીસ નોટિસની બજવણી પૂર્વે જ ફરાર થઈ ગયા હોઈ, પોલીસની બે ખાસ ટીમો દ્વારા અલગ-અલગ રાજ્યો અને જિલ્લાઓમાં તેમના સંભવિત આશ્રયસ્થાનો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ■

## ગુજરાતમાં જળસંકટના એંધાણ

# રાજ્યના ૨૦૬ ડેમ ખાલીખમ, સૌરાષ્ટ્ર-કચ્છમાં કપરી સ્થિતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હજુ ચોમાસાની શરૂઆત થવાને વિલંબ થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ રાજ્યનાં જળાશયોમાં પાણીનો સંગ્રહ હજુ પણ ચિંતાજનક સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. સરકારી આંકડાઓ અનુસાર, રાજ્યના ૨૦૬ મુખ્ય જળાશયોમાં હાલ માત્ર ૩૬.૭૮ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયે ૪૧.૨૨ ટકા પાણીનો સંગ્રહ નોંધાયો હતો. સરદાર સરોવર ડેમ સહિત રાજ્યના તમામ ૨૦૭ ડેમોની સરેરાશ સ્થિતિ જોવામાં આવે તો હાલ કુલ ૪૭.૫૦ ટકા જળસંગ્રહ નોંધાયો હતો.

હાલની એકંદર પરિસ્થિતિ મુજબ રાજ્ય પાસે આગામી જુલાઈ માસના અંત સુધી ચાલે એટલું જ પાણી ઉપલબ્ધ હોવાનું ચિત્ર સામે આવ્યું હતું, જેણે જળ વ્યવસ્થાપનની ચિંતા વધારી દીધી છે.

જો કે, આ દરમિયાન સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાંથી ૧૬,૭૫૫ ક્યુસેક પાણીની આવક વધતાં મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર અને ઇન્દિરાસાગર ડેમના પાવર હાઉસ ચાલુ કરાયા છે. આ આવકના પગલે નર્મદા ડેમની સપાટી વધીને ૧૨૬.૭૯ મીટર થઈ ગઈ હતી અને ડેમ હાલની સ્થિતિએ ૫૭ ટકા ભરાયેલો છે, જેમાં કુલ ૩,૩૨૪ એમએમસી લાઇવ સ્ટોરેજ પાણી ઉપલબ્ધ છે. નર્મદા ડેમના સીએચપીએચ પાવરહાઉસના ત્રણ યુનિટ ચાલુ કરાયા હોવાનું અને ગુજરાત માટે સિંચાઈ તેમજ પીવાના પાણી અર્થે મેઇન કેનાલમાં ૧૬,૨૨૩ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યના ૨૦૬ ડેમોમાંથી એક પણ ડેમ હજુ સુધી ૧૦૦ ટકા ભરાયો નથી, જે ચાલુ સીઝનની નબળી શરૂઆત દર્શાવે છે. જળાશયોની પાણીની સપાટીના વિશ્લેષણ મુજબ, માત્ર ૭ ડેમો એવા છે જેમાં ૭૦ થી ૧૦૦ ટકા પાણી બચ્યું છે, જ્યારે ૨૦ ડેમોમાં ૫૦ થી ૭૦ ટકા અને ૫૩ ડેમોમાં ૨૫ થી ૫૦ ટકા જળજથ્થો ઉપલબ્ધ છે. સૌથી કપરી સ્થિતિ રાજ્યના ૧૨૬ ડેમોની છે, જ્યાં પાણીનું સ્તર ૨૫ ટકા કરતા પણ ઓછું થઈ ગયું છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય, તો રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પીવાના અને સિંચાઈના પાણીની મોટી તંગી સર્જાઈ શકે છે.

મળતી વિગતો અનુસાર, મધ્ય ગુજરાતના ૧૭ ડેમોમાં સૌથી વધુ ૫૨.૬૨ ટકા અને ઉત્તર ગુજરાતના ૧૧૫ ડેમોમાં ૪૦.૮૭ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમોમાં ૩૪.૭૯ ટકા પાણી બચ્યું છે. આ સરખામણીમાં સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનની સ્થિતિ ભારે ચિંતાજનક બની રહી છે. કચ્છના ૨૦ ડેમોમાં માત્ર ૨૭.૦૯ ટકા અને સૌરાષ્ટ્રના ૧૪૧ જેટલા જળાશયોમાં પણ સરેરાશ ૨૭.૨૧ ટકા જેટલો જ પાણીનો જથ્થો બચ્યો છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગત વર્ષે ૨૧ જૂન પૂર્વે નોંધપાત્ર વરસાદ વરસી ગયો હતો, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જમીનમાં તળ જીવંત થયા હતા અને જળાશયોમાં પણ નવા નીરની સારી આવક થઈ ચૂકી હતી. તેની સામે આ વર્ષે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં વરસાદ ખેંચાતા પાણીની માગમાં સતત વધારો થઈ રહ્યો છે. હવે રાજ્યમાં ચોમાસાની ગતિ આગામી દિવસોમાં કેવી રહે છે તેના પર જ જળાશયોની સ્થિતિનો મોટો આધાર રહેશે. ■

## સુરતમાં પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા

# આખી સિટી બસ ભુવામાં ખાબકી, સાત મુસાફરો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર વર્ષે ચોમાસા પહેલા પાણી પહેલા જ પાળ બાંધવાના હેતુથી 'પ્રિ-મોન્સૂન કામગીરી' અને રોડ રિપેરિંગ સહીતની કામગીરી નગરપાલીકાઓથી લઈને મહાનગરપાલિકાઓ દ્વારા હાથ ધરીને કરોડો રુપિયાના ખર્ચ કરવામાં આવે છે, ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી 'પ્રિ-મોન્સૂન કામગીરી'ની પોલ પ્રિ-મોન્સૂન એક્ટિવિટીએ જ ખોલી નાખી હતી. તાજેતરમાં જ શહેરના પાલ-ઉમરા બ્રિજ નજીક મનપા દ્વારા જ્યાં ખોદકામ કરવામાં આવ્યું હતું તે જ રોડ બેસી જતા અનેક પ્રશ્નો ઉભા થયા હતા.

મળતી વિગતો અનુસાર, સુરતના પાંડેસરાના ગણેશનગર રોડની નીચેની માટી બેસી જતાં રસ્તા વચ્ચોવચ એક વાહનને આખેઆખું ગળી જાય તેવો વિશાળ અને ઊંડો ભુવો પડી ગયો હતો. આ ભુવો પડ્યા બાદ વહીવટી તંત્ર દ્વારા ત્યાં કોઈ બેરિકેડિંગ કે ચેતવણીનું બોર્ડ મૂકવામાં આવ્યું ન હોવાનું સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. જેના કારણે ત્યાથી પસાર થઈ રહેલો એક ટેમ્પાનો આગળનો ભાગ ભુવામાં ગરકાવ થઈ ગયો હતો.

આ ટેમ્પોને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન જ પાછળથી મુસાફરોથી ભરેલી સુરત મહાનગરપાલિકાની સીટી બસ ત્યાંથી પસાર થઈ હતી. રોડ એટલી હદે બેસી ગયો હતો કે બસનું ટાયર પડતાં જ રોડ વધુ બેસી ગયો અને આખી બસ ભુવામાં ખાબકી હતી. બસ એકાએક નમી પડતાં અંદર બેઠેલા મુસાફરોમાં ચીસાચીસ અને ભારે નાસભાગ મચી ગઈ હતી.

સ્થાનિક લોકોએ તાત્કાલિક દોડી આવીને બસના કાચ તોડી મુસાફરોને બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં કુલ સાત જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચતાં તંત્ર દોડતું થયું હતું. ■

# અમદાવાદમાં ઓનલાઈન સટ્ટાના મોટા નેટવર્કનો પર્દાફાશ

## મુખ્ય સૂત્રધાર સહિત ૪૭ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં આઈપીએલ મેચો પર રમાતા ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજીના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો હતો. આ મામલાની તપાસ દરમિયાન આ રેકેટ દેશભરમાં થયેલી રૂ. ૩૨૪.૮ કરોડની નાણાકીય લેવડદેવડવાળી ૫૪૨ સાયબર ફ્રોડની ફરિયાદો સાથે સીધું જોડાયેલું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ મોટા કૌભાંડ બહાર આવ્યા બાદ સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા તપાસનો દોર તેજ કરવામાં આવ્યો હતો અને સટ્ટાબાજીની કમાણી અને શંકાસ્પદ છેતરપિંડીના નાણાંની હેરફેર કરવા માટે ઉપયોગમાં લેવાતા 'મ્યુલ બૅન્ક એકાઉન્ટ્સ'ના મોટા નેટવર્કને શોધવા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી.

મળતી વિગતો અનુસાર એસએમસીએ શહેરના નિકોલ વિસ્તારમાં એક પરિસરમાં દરોડા પાડ્યા હતા. ત્યાંથી આઈપીએલ સીઝન દરમિયાન ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજીનું સેટઅપ ચલાવવાના આરોપસર વિજય કરડાણીની ધરપકડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી એક ટેબ્લેટ, ત્રણ મોબાઈલ ફોન, ટીવી સેટ, સેટ-ટોપ બોક્સ, ઈલેક્ટ્રોનિક એસેસરીઝ, રોકડ રકમ અને એક વાહન જપ્ત કર્યું હતું. જપ્ત કરાયેલી આ તમામ અસ્કયામતોની કુલ કિંમત આશરે રૂ. ૧૫.૭૩ લાખ હોવાનો અંદાજ છે.

આ કૌભાંડ અંગે પોલીસે મુખ્ય સૂત્રધાર રાજવીરસિંહ સહિત કુલ ૪૭ આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી હતી. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં જે ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, તેમાં વિજય કરડાણી, આકાશ નાયક, અનિલ કોટક, પ્રતીક મારડિયા, અશ્વિન મેંદપરા, જય કનેરિયા, હિરેન કથિરિયા, નવનીત ખાંભલા, જય અઘેરા અને મીત કાલરીયાનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે આ આરોપીઓ ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજી સાથે જોડાયેલા નાણાકીય વ્યવહારો કરવા માટે અન્ય નિર્દોષ વ્યક્તિઓના નામે ખોલવામાં આવેલા બૅન્ક ખાતાઓનો ઉપયોગ કરતા હતા. આ પ્રકારના 'મ્યુલ એકાઉન્ટ્સ'નો ઉપયોગ મુખ્યત્વે સટ્ટાબાજીનું નેટવર્ક ચલાવનારાઓની અસલી ઓળખ છુપાવવા માટે કરવામાં આવતો હતો. પોલીસે જ્યારે આરોપીઓના મોબાઈલ ફોનમાંથી મળેલા વોટ્સએપ ગ્રૂપ્સની તપાસ કરી, ત્યારે તેમાંથી આવા ૨૧૮૮ બૅન્ક ખાતાઓની વિગતો મળી આવી હતી. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ દ્વારા આ ખાતાઓની ચકાસણી કરતાં જાણવા મળ્યું હતું કે આ પૈકીના ૩૫૪ ખાતા જુદા જુદા રાજ્યોની પોલીસ અને એજન્સીઓ દ્વારા અગાઉથી જ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા, જેનો સબંધ દેશની ૫૪૨ સાયબર ફ્રોડની ફરિયાદો સાથે હોવાનું ખૂલ્યું હતું. ■

## કચ્છમાં ભૂમાફિયાઓ પર તંત્રનો વજ્રઘાત

# ૯ તાલુકામાંથી 30 ગેરકાયદે દબાણો દૂરઃ ૧.૬૭ કરોડની ૨૨,૪૮૫ ચો.મી. સરકારી જમીન મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં દિન-પ્રતિદિન વકરી રહેલા ગેરકાયદેસર દબાણોના દૂષણને ડામવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગે સંયુક્ત રીતે લાલ આંખ કરી છે. વહીવટી તંત્રના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ, પ્રાંત અધિકારીઓ તથા વિવિધ તાલુકાના મામલતદારો દ્વારા સમગ્ર જિલ્લામાં એક વ્યાપક અને આક્રમક દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ મેગા ઓપરેશન અંતર્ગત જિલ્લાના ૯ જુદા-જુદા તાલુકાઓમાંથી કુલ ૩૦ જેટલાં મોટાં દબાણો પર બુલડોઝર ફેરવીને ૨૨,૪૮૫ ચોરસ મીટર જેટલી કિંમતી સરકારી જમીન દબાણમુક્ત કરાવી લેવામાં આવી છે. પ્રશાસન દ્વારા મુક્ત કરાવવામાં આવેલી આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ. ૧,૬૭,૬૨,૭૭૦ જેટલી આંકવામાં આવી છે.

તંત્ર દ્વારા જમીનદોસ્ત કરવામાં આવેલાં ૩૦ ગેરકાયદે બાંધકામોમાં ૧૧ ધાર્મિક, ૧૭ વાણિજ્યિક (વ્યાવસાયિક) તેમજ ૨ રહેણાક પ્રકારનાં દબાણોનો સમાવેશ થાય છે. પશ્ચિમ કચ્છ વિસ્તારમાં સરહદી રેન્જના વડા આઈજી ચિરાગ કોરડિયા અને પોલીસ અધિક્ષક વિકાસ સુંડાના સીધા માર્ગદર્શન હેઠળ ઓપરેશન પાર પાડીને સૌથી વધુ ૧૯,૧૭૪ ચોરસ મીટર જમીન સરકારી હસ્તક લેવામાં આવી છે.

હટાવાયેલાં દબાણોની તાલુકાવાર સ્થિતિ જોઈએ તો, ભુજ તાલુકામાં ૧૫ દબાણો, અબડાસામાં ૦૫ દબાણો, નખત્રાણામાં ૦૩ દબાણો, ગાંધીધામમાં ૦૨ દબાણો, લખપતમાં ૦૧ દબાણ, મુંદરા તાલુકામાં ૦૧ દબાણ, માંડવીમાં ૦૧ દબાણ, ભચાઉમાં ૦૧ દબાણ જયારે રાપર તાલુકામાં ૦૧ અતિક્રમણ જમીનદોસ્ત કરીને કિંમતી જમીનોને દબાણમુક્ત કરવામાં આવી છે.

જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસને સ્પષ્ટ ચીમકી આપી છે કે સરકારી જમીનો અને જાહેર મિલકતોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે ગેરકાયદેસર દબાણકર્તાઓ સામે આગામી સમયમાં પણ આ પ્રકારની કડક કાર્યવાહી ઝુંબેશરૂપે નિયમિત રીતે જારી રાખવામાં આવશે. ■

# પૂર્વ અગ્નિવીરોને ગુજરાત પોલીસ અને વન વિભાગની ભરતીમાં ૨૦ ટકા અનામત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે પૂર્વ અગ્નિવીરોના હિતમાં મહત્ત્વનો નિર્ણય લીધો હતો. હવેથી પૂર્વ અગ્નિવીરોને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીમાં ૨૦ ટકા અનામતનો લાભ મળશે. તે ઉપરાંત આવી ભરતી માટેની શારીરિક ક્ષમતા કસોટીમાંથી પૂર્વ અગ્નિવીરોને મુક્તિ આપવા સાથે નિયત ઉપલી વય મર્યાદામાં ૩ વર્ષ સુધીની છૂટ આપવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો હતો. અગ્નિવીર સ્કીમની પ્રથમ બેચના સભ્યોને નિયત ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષ સુધીની મુક્તિ આપવાના પણ મુખ્ય પ્રધાનેએ દિશાનિર્દેશો આપ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે પૂર્વ અગ્નિવીરો માટે કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયોનો લાભ હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસ.આર.પી.ના પ્લાટૂન કમાન્ડર તથા પોલીસ કોન્સ્ટેબલની ભરતી માટે મળવાપાત્ર થશે. આ ઉપરાંત જેલ વિભાગ હસ્તકની જેલર ગ્રૂપ-૨ અને જેલ સિપાઈ તથા વન પર્યાવરણ વિભાગની વનરક્ષક વર્ગ-૩ તેમજ વન પાલ વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને આ લાભ અપાશે. ■

# આજથી રાજયવ્યાપી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવનો આરંભ

## મુખ્ય પ્રધાન વડનગરની બી.એન.હાઈસ્કૂલથી શુભારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજ્યવ્યાપી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવનો તા. ૨૩ જૂન મંગળવારથી શુભારંભ થશે. આ પ્રવેશોત્સવ ૨૫ જૂન, ગુરુવાર સુધી યોજાશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વતન વડનગરની જે શાળામાંથી શિક્ષણ મેળવેલું તે બી.એન. હાઈસ્કૂલથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ ૨૪માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનું નેતૃત્વ કરશે. વડનગરમાં આંગણવાડીમાં બે ભૂલકાંઓ સહિત બાલવાટિકાથી ધોરણ-૧૧ સુધીના ૩૮૯ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

૨૦૦૩ના વર્ષથી શરૂ થયેલા શિક્ષણ સેવા યજ્ઞની અવિરત યાત્રાના આ ૨૪માં વર્ષના ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવમાં રાજ્ય ભરની ૩૮૪૦૦ શાળાઓમાં કુલ મળીને ૨૮ લાખ ૫૮ હજાર જેટલાં બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવશે.

તદઅનુસાર, જે બાળકોની ઉંમર ૧ જૂનના રોજ પાંચ વર્ષથી વધુ અને ૬ વર્ષ કરતા ઓછી હશે તેને બાલવાટિકામાં અને જે બાળકની ઉંમર ૧ જૂનના રોજ ૬ વર્ષથી વધુ અને ૭ વર્ષ કરતાં ઓછી હશે તેને ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવશે. ■

# તન-મન-ધનથી રહો તરોતાજા




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## સંપત્તિને પચાવવા માટે માનસિક બળ જોઈએ...

પૈસા કંઇ ખાવાની વસ્તુ થોડી છે કે એને પચાવવી પડે ? અને દિમાગ કેવી રીતે પાચનક્રિયામાં મદદ કરી શકે? પ્રકરણનું મથાળું શરૂઆતમાં થોડું વિચિત્ર અને ન સમજાય એવું લાગે છે, ખરું? અલબત્ત, આપણામાંના મોટા ભાગના લોકો તેમાં છુપાયેલો મર્મ સમજે છે. હાથમાં સંપત્તિ આવતાં જ બીજાઓ પ્રત્યે, સમાજ પ્રત્યે અને જિંદગી પ્રત્યેનો અભિગમ સાવ બદલાઇ ગયો હોય એવા ઘણા માણસો અને પરિવારો આપણે જોઇએ છીએ.

ધન-સંપત્તિનું ઉપાર્જન થવાથી મોટા ભાગના કિસ્સામાં જીવનધોરણ બદલાય છે. નાની કારની જગ્યાએ મોટી કાર આવી જાય છે. ઘરમાં નવાં ઉપકરણો આવે છે, ઘર વધારે મોટું બને છે વગેરે. જો માણસના અભિગમમાં પરિવર્તન ન થાય તો આ બધાને કારણે ખાસ કશી સમસ્યા પેદા થતી નથી, પણ જો અભિગમ બદલાઇ જાય તો ગરબડ શરૂ થઇ જાય છે. પૈસો આવતાં જ અભિગમ રંગ બદલવા માંડે તો સૌથી પહેલાં તો તે માણસને ખુદને માટે નુકસાનકર્તા બને છે. પછી સમાજ માટે અને પછી સમગ્ર બ્રહ્માંડ માટે હાનિકર્તા પુરવાર થાય છે.

હું નાનો હતો ત્યારે અમારા ઘરે રોજ એક દૂધવાળો આવતો. દિવસમાં બે વાર-એક વાર સવારે, એક વાર બપોરે. એક નાની ઓરડીમાં એ પોતાના મિત્રો અને સંબંધીઓની સાથે રહેતો. એનું દૂધ ભેળસેળ વગરનું ચોખ્ખું રહેતું. એટલું જ નહીં, સમયની બાબતમાં પણ એ ચુસ્ત હતો. એના આ ગુણને લીધે ધીમે ધીમે ધંધો વધતો ગયો. એણે માણસો કામ પર રાખ્યા. કામને ઓર વિસ્તાર્યું, પણ ગ્રાહકો પ્રત્યેનો એનો અભિગમ યથાવત્ રહ્યો. હવે ભલે એ ખુદ રોજ દૂધ આપવા આવતો ન હોય. પણ પખવાડિયે એક વાર જરૂર આવીને મળી જતો. નાની ઓરડીમાંથી એણે પોતાની માલિકીનું ઘર ખરીદ્યું. વતન જવું હોય તો હવે એ પ્લેનમાં જતો. એણે પોતાના માટે કાર પણ ખરીદી લીધી. મૃત્યુ પામ્યો ત્યાં સુધી એણે ગ્રાહકો સાથે વ્યક્તિગત સંપર્ક જાળવી રાખ્યો. ગ્રાહકોને મળવા જવાના ક્રમમાં અને એના અભિગમમાં કશો ફરક ન પડયો. એની નમ્રતા અને ગ્રાહકો પ્રત્યેનું આદરભર્યું વર્તન છેક સુધી અકબંધ રહ્યું. એ પોતાની સંપત્તિને સારી રીતે પચાવી શકયો હતો.

હવે મારા ઘરની નજીક આવેલા એક મોટર ગેરેજના યુવાન માલિકની વાત કરું. એ મહેનતું, નિષ્ઠાવાન અને કવોલિફાઇડ એન્જિનિયર હતો અને અમારા જ વિસ્તારની એક છોકરીના પ્રેમમાં હતો. છોકરીના પિતાએ એની સામે શરત મૂકી કે જો તું મહેનત કરીને બે વર્ષની અંદર પોતાની માલિકીનું ઘર ખરીદી શકીશ તો હું મારી દીકરીનો હાથ તારા હાથમાં મૂકીશ. જોશીલા જુવાનિયાએ શરત પૂરી કરવા ખૂબ મહેનત કરી જેના પરિણામે એ ઘરનું ઘર ખરીદી શકયો. એનાં લગ્ન થયાં. લગ્ન પછી એનું કામકાજ ઓર વિસ્તર્યું, પહેલાં એણે કાર બનાવતી એક બહુરાષ્ટ્રીય કંપની માટે અધિકૃત સર્વિસ સેન્ટર શરૂ કર્યું અને પછી તે કંપનીની ડીલરશિપ મેળવી. હવે એની પાસે કારનો મોટો શોરૂમ હતો. જોકે, એનો અભિગમ હવે બદલાઇ ગયો હતો. એને હવે પોતાના જૂના ગ્રાહકોને મળવું ગમતું નહીં, કેમ કે તેઓ એને એના ગેરેજના દિવસોની યાદ અપાવતા. એનું 'સ્ટેટસ' હવે બદલાઇ ગયું હતું. પોતે એક જમાનામાં ગેરેજનો માલિક હતો એ હકીકત એને અપમાનજનક લાગતી હતી. એ પોતાની સંપત્તિને પચાવી નહોતો શકયો.

અગાઉ ઘરમાં એક ટીવી હોય અને હવે દરેક રૂમમાં અલાયદું ટીવી આવી ગયું હોય તો એની સામે વાંધો ન હોઇ શકે. પણ આપણા ટીવીની સરખામણી પાડોશી કે મિત્રના ટીવી સાથે કરીશું તો મનમાં રંજ જરૂર થશે.

અભિગમમાં ફેરફાર થવાથી માત્ર એ માણસની એકલાની જ હાનિ થતી નથી. કયારેક એનાથી કુદરતી સંસાધનોને પણ નુકસાન પહોંચી શકે છે કે વિનાશ સુધ્ધાં થઇ શકે છે. ખાલી ઊભેલી કારની અંદરનો માહોલ ખુશનુમા રહે તે માટે પેસેન્જર પાછો આવે ત્યાં સુધી એરકન્ડિશનર ચાલુ રાખવું તે કુદરતી સંપત્તિનો બગાડ છે. શ્રીમંત લોકોની જંગલ-સફારી સુવિધાભરી સાબિત થાય તે જંગલમાં મોટા હોલીડે રિસોર્ટ બાંધવાથી કુદરતી સંસાધનોનો નાશ થાય છે.

કારકિર્દીમાં પ્રગતિ થવાથી. નવી લાયકાત મેળવવાથી કે તગડો વારસો પ્રાપ્ત કરવાથી આપણા અભિગમમાં પરિવર્તન આવે, તે શકય છે. આપણે બદલાયા છીએ કે કેમ અને જો બદલાયા હોઇએ તો કેટલા બદલાયા છીએ એનો સાચો જવાબ આપણાં માંહ્યલા સિવાય બીજું કોઇ ન આપી શકે. અભિગમ બદલાવાને કારણે ખલેલ પણ આપણાં માંહ્યલાને જ પહોંચે છે.

ધન અને સંપત્તિ તાકાત છે. આ તાકાત કઇ રીતે વાપરવી એ માણસ જાણતો નહીં હોય તો એને ઇજા પહોંચશે. આથી ધનદોલત અને માલમિલકત પાસેથી આદરપૂર્વક કામ લેવું. આપણાં શાસ્ત્રોમાં ધનસંપત્તિને લક્ષ્મીદેવીનાં સ્વરૂપ ગણવામાં આવી છે. જે શક્તિ વડે તમને અન્ન, જળ, વસ્ત્ર, અને આવાસ મળે છે એને માન આપો. ■

**યોગિક વેલ્થ**

*જો શારીરિક, સામાજિક અને લાગણીઓની સંપત્તિ સાથે લય બેસાડયા વગર આર્થિક સંપત્તિ હાંસલ કરી હશે તો એ બહુ જલદી દૂષિત બની જશે.*

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

## રોકાણ વગરની બચત એટલે વધુ પડતી ચૂકવવી પડતી સુરક્ષાની છૂપી કિંમત...

આ અગાઉના લેખમાં આપણે સમજ્યા હતા કે અસાધારણ ઊંચા વળતરની લાલચ ક્યારેક રોકાણકારોને બિનજરૂરી જોખમ તરફ ધકેલી શકે છે, પરંતુ દરેક નાણાકીય ભૂલ વધુ જોખમ લેવાથી જ થતી નથી. ઘણીવાર, જોખમથી સંપૂર્ણપણે દૂર રહેવાની વૃત્તિ પણ એટલી જ મોટી ભૂલ સાબિત થાય છે, જેમકે આ ઉદાહરણ લઈએ...

મહેશ લગભગ ૨૫ વર્ષ સુધી સંપૂર્ણ શિસ્ત સાથે એક જ નાણાકીય પદ્ધતિનું પાલન કરતો રહ્યો. દર મહિને તે પોતાના પગારનો એક ભાગ નિયમિત રીતે રિકરિંગ ડિપોઝિટમાં જમા કરાવતો. તેણે શેરબજારથી સંપૂર્ણ અંતર જાળવી રાખ્યું હતું.

શેરબજાર બહુ જોખમી છે, તે ઘણીવાર કહેતો. ઓછામાં ઓછા બેંકમાં તો મારા પૈસા સુરક્ષિત છે.

તેના આ અભિગમનો પરિવાર અને મિત્રો પણ વખાણ કરતા. લોકો તેને જવાબદાર, વ્યવહારુ અને નાણાકીય રીતે સાવચેત વ્યક્તિ તરીકે જોતા અને એક હદ સુધી તે બધા સાચા પણ હતા. મહેશ પર કોઈ દેવું નહોતું, તેની બચત કરવાની આદત સારી હતી અને તેણે ક્યારેય બેફામ ખર્ચ કર્યો નહોતો.




જોકે જેમ જેમ નિવૃત્તિ નજીક આવવા લાગી, તેમ તેમ તેને એક એવી સમસ્યા દેખાવા લાગી જેના વિશે તેણે ક્યારેય ગંભીરતાથી વિચાર્યું નહોતું... દાયકાઓ સુધી સતત બચત કરવા છતાં, તેણે ભેગી કરેલી રકમ એટલી અસરકારક લાગતી નહોતી જેટલી તેણે કલ્પના કરી હતી.

તેનો આરોગ્ય સેવાઓનો ખર્ચ ઝડપથી વધી ગયો હતો. રોજિંદા જીવનના ખર્ચા પણ પહેલાં કરતાં ઘણા વધારે થઈ ગયા હતા. જીવનશૈલી સંબંધિત સામાન્ય લક્ષ્યો માટે પણ હવે ઘણી મોટી રકમની જરૂર પડતી હતી. વર્ષો સુધી પોતાની મૂડીને સુરક્ષિત રાખવામાં મહેશે ધ્યાન આપ્યું, પરંતુ અજાણતાં જ તેણે એક બીજી શાંત શક્તિને અવગણી દીધી હતી અને એ હતી મોંઘવારી.

**ભૂલ ક્યાં થાય છે? સુરક્ષાને જ વૃદ્ધિ માની લેવી...:** ઘણા લોકો એવું માને છે કે બજાર સાથે જોડાયેલા રોકાણોથી દૂર રહેવાથી તેમનું નાણાકીય ભવિષ્ય આપમેળે વધુ સુરક્ષિત બની જાય છે, પરંતુ સુરક્ષા અને વૃદ્ધિ એક જ વસ્તુ નથી.

ફિક્સ્ડ ડિપોઝિટ અને રિકરિંગ ડિપોઝિટ જેવી પરંપરાગત બચત યોજનાઓ ચોક્કસપણે સ્થિરતા અને નિશ્ચિતતા આપે છે. નાણાકીય આયોજનમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પણ છે. પરંતુ જ્યારે નિવૃત્તિ જેવા લાંબા ગાળાનાં લક્ષ્ય માટે માત્ર ઓછું વળતર આપતાં વિકલ્પો પર જ આધાર રાખવામાં આવે ત્યારે પૈસાની વૃદ્ધિ ઘણીવાર મોંઘવારીની ગતિ સાથે તાલ મેળવી શકતી નથી. પરિણામે, સમય જતાં પૈસાની ખરીદશક્તિ ધીમે-ધીમે ઘટતી જાય છે. આ જોખમ એટલા માટે સમજાતું નથી, કારણ કે બેંક પાસબુકમાં પૈસા દેખાવમાં તો વધતા જ હોય છે, પરંતુ વાસ્તવમાં, તેનાથી ખરીદી શકાય તેવી વસ્તુઓ અને સેવાઓની ક્ષમતા સતત ઘટતી રહે છે.

**આવું કેમ થાય છે?:** પૈસા ગુમાવવાનો ડર સ્વાભાવિક છે. બજારની અસ્થિરતા, આર્થિક અનિશ્ચિતતા અને રોકાણમાં થયેલા નુકસાનની વાર્તાઓ ઘણા લોકોને ઇક્વિટી રોકાણથી અસ્વસ્થ બનાવે છે. મોટાભાગના લોકો માટે 'ગેરંટીડ રિટર્ન' માનસિક રીતે વધુ સુરક્ષિત લાગે છે, ભલે તે વળતર મોંઘવારીને ભાગ્યે જ હરાવી શકતું હોય.

અહીં એક સામાન્ય ગેરસમજ કામ કરે છે: જો મારા રોકાણની કિંમત ક્યારેય ઘટતી નથી, તો તેમાં કોઈ જોખમ નથી, પરંતુ નાણાકીય દૃષ્ટિએ જોવામાં આવે તો, લાંબા ગાળાનાં લક્ષ્ય માટે સંપત્તિ પૂરતી ઝડપે ન વધવી એ જ સૌથી મોટું છૂપું જોખમ છે.

**મુખ્ય શીખ: સુરક્ષા અને વૃદ્ધિ વચ્ચે સંતુલન:** આનો અર્થ એવો નથી કે લોકોએ બેફામ જોખમ લેવું જોઈએ અથવા પોતાની બધી બચત અસ્થિર રોકાણોમાં મૂકી દેવી જોઈએ. ઉકેલ માત્ર સાચા સંતુલનમાં છે.

ટૂંકા ગાળાની જરૂરિયાતો અને ઇમરજન્સી ફંડ માટે સ્થિરતા અને તરલતા જરૂરી છે, પરંતુ લાંબા ગાળાનાં લક્ષ્ય માટે એવાં રોકાણોની જરૂર પડે છે, જે સમય જતાં મોંઘવારીને પાછળ છોડી શકે.

ટૂંકમાં....

નાણાકીય રીતે સાવચેત રહેવું કોઈ ભૂલ નથી, પરંતુ દાયકાઓ સુધી વધુ પડતા સાવચેત રહેવું એ તમારી નાણાકીય પ્રગતિને મર્યાદિત કરી દે છે.


લાંબા ગાળે સંપત્તિ માત્ર પૈસાને તિજોરીમાં સુરક્ષિત રાખવાથી જળવાતી નથી પણ તેનું યોગ્ય જગ્યાએ રોકાણ કરી સતત વધતી રાખવાથી જ એ જળવાય છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## સ્નાયુઓને કનડતો રોગ માયોસાઈટિસ...





સામંથા રૂથ પ્રભુ

સામંથા રૂથ પ્રભુનું નામ કોણ નથી જાણતું? દક્ષિણની આ અભિનેત્રી ઉત્તર ભારતમાં પણ તેટલી જ જાણીતી છે. મોટાભાગે સેલિબ્રિટીઝ પોતાની બીમારી વિશે જાહેરમાં ખુલીને વાત કરતા અચકાય છે. જોકે સામંથાએ પોતાને થયેલી એક બીમારી વિશે જાહેરમાં જણાવ્યું હતું. એ બીમારીનું નામ છે, ક્રોનિક ડર્માટોમાયોસાઇટિસ (chronic dermatomyositis).

માયોસાઇટિસ (ઇન્ફલેમેટરી ઇડિયોપેથિક માયોપથી) એક એવો રોગ છે જે આપણી રોગપ્રતિકારક શક્તિને આપણા સ્નાયુઓ પર હુમલો કરવા માટે પ્રેરે છે. તેના કારણે સ્નાયુઓમાં ક્રોનિક સોજો આવે છે. આ સોજો ક્રમશઃ તમારા સ્નાયુઓને વધુને વધુ નબળા બનાવે છે. તે ક્યારેક સ્નાયુઓમાં દુખાવો ઊભો કરે છે.

આજકાલ, તબીબો માયોસાઇટિસને વધુ સચોટ તબીબી નામ, આઇડિયોપેથિક ઇન્ફલેમેટરી માયોપથી (આઇઆઇએમ) કહે છે. તબીબ કોઈપણ નામનો ઉપયોગ કરી શકે છે, પરંતુ તે બંને એક જ સ્થિતિ છે. માયોસાઇટિસ સામાન્ય રીતે આપણા સ્નાયુઓને અસર કરે છે જેનો ઉપયોગ આપણે હલનચલન કરવા માટે કરીએ છીએ, ખાસ કરીને આપણા હાથ અને ખભા, જાંઘ અને હિપ્સ, પેટ અને કરોડરજ્જુ (પરંતુ આ ઓછું સામાન્ય છે).

નિષ્ણાતો હજુ સુધી આઇઆઇએમ શા માટે થાય છે, એ તારણ પર નથી આવી શક્યા અને કમનસીબે હજુ સુધી તેનો કોઈ ઈલાજ નથી! મોટાભાગે તબીબો જે લક્ષણોનો અનુભવ થઈ રહ્યો હોય તેની સારવાર કરે છે. કસરતો અથવા સ્ટ્રેચીસની પણ ભલામણ કરશે જે અસરગ્રસ્ત સ્નાયુઓને મદદ કરી શકે.

**માયોસાઇટિસના પ્રકારઃ** માયોસાઇટિસના ઘણાં સ્વરૂપો છે, જેમાં સૌથી સામાન્ય છે;

**ડર્માટોમાયોસાઇટિસ (ડીએમ):** ચહેરા, છાતી, ઘૂંટણ અને કોણી પર વિશિષ્ટ ચકામા સાથે સ્નાયુઓમાં સોજા થાય છે.

**પોલીમાયોસાઇટિસ (પીએમ):** સ્નાયુઓને સીધા લક્ષ્ય બનાવે છે, જેમાં લાક્ષણિક રેશિસ વિના નબળાઈનો અનુભવ થાય છે.

**ઈન્કલુઝન બોડી માયોસાઇટિસ (આઇબીએમ):** સામાન્ય રીતે ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને અસર કરે છે, જેના કારણે હાથ- પગ (હાથ, આંગળીઓ અને નીચલા પગ) તેમજ ગળામાં પણ નબળાઈ આવે છે.

**આ માયોસાઇટિસનું કારણ શું?:** નિષ્ણાતો હજી નિશ્ચિતપણે આ રોગનું કારણ જાણતા નથી. તે પોતાની મેળે થઈ શકે છે. ક્યારેક, આરોગ્યના અન્ય કારણો તેને ઉત્તેજિત કરે છે કેમકે, આઇડિયોપેથિક ઇન્ફલેમેટરી માયોપથી એક સ્વયંપ્રતિરક્ષા રોગ છે. તેમાં આપણી રોગપ્રતિકારક શક્તિ આપણા શરીરને સુરક્ષિત કરવાને બદલે આકસ્મિક રીતે હુમલો કરે છે તેનું પરિણામ છે. તમારી રોગપ્રતિકારક શક્તિ આવું કેમ કરે છે તે સ્પષ્ટ નથી. જો તમને અન્ય સ્વયંપ્રતિરક્ષા રોગો હોય, તો તમને માયોસાઇટિસ થવાની શક્યતા વધુ છે, જેમકે, લ્યુપસ, રૂમેટોઇડ સંધિવા અથવા સ્ક્લેરોડર્મા. વાયરલ ચેપ થયા પછી પણ તમને માયોસાઇટિસ થઈ શકે છે. વાયરલ માયોસાઇટિસનાં કારણોમાં સામાન્ય શરદી, ઈન્ફલ્યુએન્ઝા (ફ્લૂ), એચઆઈવી અથવા કોવિડ-૧૯.

**માયોસાઇટિસનાં લક્ષણ:** એનું મુખ્ય લક્ષણ સ્નાયુઓની નબળાઇ છે, જે સ્પષ્ટ હોઈ શકે છે અથવા ફક્ત પરીક્ષણ દ્વારા જ શોધી શકાય છે. સ્નાયુઓમાં દુખાવો હોઈ શકે છે અથવા ન પણ થાય....

કેટલાક પ્રકારના માયોસાઇટિસમાં, જેમ કેડર્માટોમાયોસાઇટિસ અથવા પોલિમાયોસાઇટિસ, સ્નાયુઓની નબળાઇ સામાન્ય રીતે અઠવાડિયા કે મહિનાઓ વીતતા વધુ ખરાબ થાય છે. તે શરીરની બંને બાજુના મોટાં સ્નાયુ જૂથોને અસર કરે છે, જેમાં ગરદન, ખભા, હિપ્સ અને પીઠનો સમાવેશ થાય છે.

માયોસાઇટિસથી થતી નબળાઈ કોઈ સામાન્ય સમસ્યા નથી હોતી. તેને કારણે હલનચલન કરવું કે ઊભા રહેવું મુશ્કેલ પણ બની શકે છે.

ચહેરા, ગરદન અથવા હાથની પાછળ મોટાભાગે લાલ ચકામા, થાક, હાથની ત્વચા જાડી થવી જેવાં લક્ષણો ઉપરાંત ઘણીવાર ગળવામાં તકલીફ કે શ્વાસ લેવામાં તકલીફ પણ ઊભી થાય છે. વજન ઘટવું કે રાત્રે પરસેવો વળી જવો જેવાં લક્ષણો પણ જોવા મળે છે.

આ રોગની કોઈ ચોક્કસ સારવાર નથી, એટલે તબીબો દર્દી જણાવે એ લક્ષણો પ્રમાણે તેનો ઈલાજ કરે છે. તબીબ ફિઝિયોથેરાપિસ્ટની સલાહ લેવાની પણ ભલામણ કરી શકે છે, જે અસરગ્રસ્ત સ્નાયુઓને લવચીક અને મજબૂત રાખવા માટે સ્ટ્રેચ અને કસરતો શીખવી શકે. યોગ્ય સારવાર સાથે, માયોસાઇટિસનાં લક્ષણો દૂર થઈ શકે છે. ■

---

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મી શુકલ

## વધી રહ્યું છે ફેટી લીવરનું જોખમ

ફેટી લીવર એટલે કે લીવરમાં સામાન્યથી વધુ માત્રામાં ફેટ એટલે કે ચરબી જમા થવી. સ્વસ્થ લીવરમાં થોડી માત્રામાં ચરબી હોય છે. ફેટી લીવર થવાનું કારણ છે અયોગ્ય ખાણીપીણી, લાઇફસ્ટાઇલ, ઊંઘની ઊણપ અને સ્ટ્રેસ. એની સીધી અસર લીવર પર થાય છે. ફેટી લીવર એક સાઇલેન્ટ કિલર છે. લીવરને સ્વસ્થ રાખવા માટે માત્ર દવાઓ પર જ આધાર ન રખાય.

પ્રોસેસ્ડ ફૂડ અને ફિઝિકલ એક્ટિવિટીના અભાવને કારણે લીવરમાં ચરબી જમા થાય છે. શરૂઆતમાં લોકો એને સામાન્ય થાક કે ગૅસ સમજીને અવગણે છે. જોકે લાંબા ગાળે એ લિવર સિરોસિસ જેવી ગંભીર સ્થિતિ નિર્માણ કરી શકે છે. લીવર એક માત્ર એવું અંગ છે જે પોતે જ પોતાને ઠીક કરવાની ક્ષમતા ધરાવે છે. શરત એટલી છે કે એને પૂરતું પોષણ મળવું જોઈએ. ડાએટમાં થોડો ઘણો ફેરફાર કરીને તમે આ સમસ્યાને વધતાં અટકાવી શકો છો અને લીવરને ફરીથી તરોતાજા બનાવી શકાય છે.

**ફેટી લીવરના બે પ્રકાર છેઃ**

૧. **નોન-આલ્કોહોલિક ફેટી લીવર ડિઝિસ:** આ બીમારી એવા લોકોને થાય છે, જે શરાબનું સેવન જરાપણ નથી કરતા અથવા તો ઓછી માત્રામાં કરે છે. એનું મુખ્ય કારણ ખરાબ જીવનશૈલી, મેદસ્વીપણું અને ડાયાબિટીસ છે.

૨. **આલ્કોહોલિક ફેટી લીવર ડિઝિસ:** વધારે પડતી શરાબ પીવાથી આ બીમારી થાય છે.

**મેદસ્વીપણું:** ખાસ કરીને પેટની આસપાસની ચરબીના થર જમા થવાથી પણ ફેટી લીવરની સમસ્યા થઈ શકે છે.

**મેટાબોલિક સિન્ડ્રોમ:** હાઇ બ્લડપ્રેશર, હાઇ કોલેસ્ટ્રોલ અને હાઇ ટ્રાઇગ્લિસરાઇડ્સ.

**અયોગ્ય આહાર:** વધારે પડતા ગળ્યા પદાર્થો, પ્રોસેસ્ડ ફૂડ અને ટ્રાન્સ ફેટનું સેવન.

**સાઇડ ઇફેક્ટ્સ:** દવાઓની સાઇડ ઇફેક્ટ્સ થવાથી અથવા ઝડપથી વજન ઘટવું.

**શરૂઆતી લક્ષણ:** શરૂઆતમાં સામાન્યરૂપે કોઈ લક્ષણ દેખાતાં નથી. જોકે સમસ્યા વધતાં લક્ષણ દેખાવા માંડે છે. વધારે પડતો થાક અથવા નબળાઈ આવે છે. - પેટના ઉપરનાં ભાગમાં દુ:ખાવો. - ભૂખ ન લાગવી.

**બચાવ અને ઉપચાર:** વજન ઘટાડવો: શરીરના પાંચથી દસ ટકા વજન ઘટાડવો. એનાથી લીવરની વધારાની ચરબી ઘટવા લાગે છે અને સોજો પણ ઊતરે છે.**ભોજન:** ખોરાકમાં લીલા પાંદડાવાળી શાકભાજી, ફળ અને આખું અનાજ સામેલ કરવું. તળેલી અને ગળી વસ્તુઓ ન ખાવી.

**નટ્સ અને સીડ્સ:** રોજિંદા આહારમાં બદામ, અખરોટ અને સૂરજમુખીના બીને સામેલ કરવું. એમાં રહેલા ઓમેગા-૩ ફેટી એસિડ અને એન્ટિઓક્સિડેન્ટ્સ લીવરના સોજાને ઘટાડવામાં મદદ કરે છે. સાથે જ એનાથી કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે.

**પ્રોટીન:** પ્રોટીન માટે પનીર અને ઈંડા સારો વિકલ્પ છે. પનીરમાં રહેલા પ્રોટીનને કારણે શરીરને લાંબા સમય સુધી ભૂખ નથી લાગતી. એને કારણે તમે ઓવરઇટિંગથી બચી શકો છો. સાથે જ ઈંડાના કોલિન તત્ત્વ લીવરને સારી રીતે કાર્યરત રાખવા માટે જરૂરી છે. તદઉપરાંત એવોકાડો જેવા ફળ લીવરને ડેમેજ થતાં અટકાવે છે. ■



# હિમાલયનું એક અત્યંત સુંદર ફળ એટલે બુદ્ધા હૅન્ડ

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક



કહેવાય છે કે ફળફળાદિ માનવ જીવનને સ્વસ્થ રાખવા માટે અત્યંત આવશ્યક છે. ફળોનો વિવિધ સ્વાદ, તેમાં સમાયેલી મીઠાશની સાથે તેના રંગ-કદ કુદરતની અમૂલ્ય ભેટ છે.

આજે આપણે જે ફળ વિશે વાત કરવાના છીએ તે ફળનું નામ છે બુદ્ધા હૅન્ડ. સામાન્ય રીતે ફળ નાનું હોય તેમ છતાં તેમાં બીજ સમાયેલું હોય છે. હા, ફક્ત કેળાં જ એક એવું ફળ છે જેમાં બીજ હોતાં નથી. બુદ્ધા હૅન્ડ ફળ પણ એવું જ છે. તેમાં બીજ હોતાં નથી. તેનો દેખાવ ભગવાન બુદ્ધની ધ્યાન મુદ્રા જેવો છે. હિન્દીમાં તેને બુશુકાન તરીકે ઓળખવામાં આવે છે. સ્વાદમાં થોડું ખટાશ ધરાવતું હોય છે.

સુગંધી ફળ હોવાને કારણે તેનો ઉપયોગ દવા, મુરબ્બો, શરબત, તેલ તેમ જ અત્તર બનાવવામાં ખાસ થાય છે.

આ ફળ હિમાલયના નીચલા ભાગમાં તેમ જ ચીનમાં જોવા મળે છે. દેખાવમાં ભગવાન બુદ્ધના હાથ જેવું હોવાથી તેને 'બુદ્ધા હૅન્ડ' તરીકે ઓળખવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ છે સાઈટ્રસ મેડિકા વર્સ -સારકોડેક્ટાઈલિસ છે. બી વગરનું હોવા છતાં અત્યંત રસાળ ફળ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે.

એવું કહેવાય છે કે આ ફળ શરીરમાં સારા કૉલેસ્ટ્રોલના સ્તરને જાળવી રાખે છે. વળી તેમાં પિકેટીન હોવાને કારણે લોહીનું પરિભ્રમણ શરીરમાં સુચારુ રીતે થવામાં મદદ મળે છે.

નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનમાં પ્રકાશિત થયેલાં એક અહેવાલ મુજબ બુદ્ધા હૅન્ડ તરીકે ઓળખાતા બુશુકાન ફળનો ઉપયોગ ઔષધી બનાવવામાં ખાસ કરવામાં આવે છે. કેમ કે ફળ તેમાં ફ્લૅવોનોઈડ્સ, કૂમારિન, વિટામિન સી સમાયેલાં છે. જે ઍન્ટિ-ઓક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે.

વળી શરીરમાં બનતાં ફ્રી-રેડિકલ્સને ઘટાડવામાં મદદ કરે છે. જેને કારણે ઑક્સિડેટિવ સ્ટ્રેસ તથા શરીરમાં અચાનક દેખાતાં સોજાને ઘટાડવામાં ઉપયોગી ગણાય છે.

ટૂંકમાં કહીએ તો બુદ્ધા હૅન્ડ ફળનું સેવન કરવાથી વ્યક્તિ માટે ગંભીર ગણાતા રોગ જેવા કે કૅન્સર, હૃદયરોગ તેમજ વય પરિપક્વ થવાની સાથે દેખાતી વિવિધ વ્યાધિને નિયંત્રણમાં રાખી શકાય છે. ચીન તથા જાપાનમાં બુદ્ધા હૅન્ડ ફળને અત્યંત પવિત્ર ફળ ગણવામાં આવે છે.

એવી માન્યતા છે કે આ ફળનું સેવન કરવાથી તેની ઘરમાં હાજરી હોવાથી કુટુંબમાં સમૃદ્ધિ વધે છે. આયુષ્ય વધવાની સાથે સૌભાગ્ય તેમજ સકારાત્મક ઊર્જાનો ઘરમાં પ્રવેશ થાય છે. બૌદ્ધ મંદિરોમાં તેનો ભોગ ધરાવવામાં તેનો ઉપયોગ અવશ્ય થાય છે.

## બુદ્ધા હૅન્ડના સ્વાસ્થ્યવર્ધક લાભ

**દુખાવામાં રાહતદાયક :** આયુર્વેદમાં બુદ્ધા હૅન્ડ કે બુશુકાન ફળનો ઉપયોગ વિવિધ દુખાવાથી રાહત મેળવવામાં થતો આવ્યો છે. નોર્થ ઈસ્ટમાં અનેક વર્ષોથી શરીરમાં થતી કળતરમાં થતો આવ્યો છે. એવી માન્યતા છે કે બુદ્ધા હૅન્ડમાં પેઈન રિલિવિંગ ઍજન્ટ કૂમારિન, બર્ગાપ્ટેન, ડાયોસમિન તથા લિમોનિન સમાયેલું હોય છે. જે ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો ધરાવે છે. બુશુકાનના સેવનથી શરીરમાં સોજા તેમ જ દુખાવો હળવો કરવામાં મદદ કરે છે. એવી પણ માન્યતા છે કે વાગ્યું હોય કે ચીરો પડ્યો હોય તેના દર્દમાં બુદ્ધા હૅન્ડનો ઉપયોગ રાહતદાયક બને છે.

**ઈન્ફેક્શન થતાં બચાવે છે :** ઈન્ફેક્શનથી બુદ્ધા હૅન્ડનું સેવન કરવાથી લાભ મળે છે. તેના સેવન બાદ રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કેમ કે બુદ્ધા હૅન્ડમાં પોલીસૈકરાઈડ્સ હોય છે. જે હાનિકારક બેક્ટેરિયાનો નાશ કરે છે. જેને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

**ગેસની સમસ્યામાં ગુણકારી :** બુદ્ધા હૅન્ડ એક રસદાર ફળ ગણાય છે. ઍન્ટિ-ઈન્ફેલેમેટરી હોવાને કારણે આંતરડા ઉપર સોજો હોય તેને દૂર કરવામાં ઉપયોગી છે. કબજિયાત, બ્લોટિંગ, ઝાડા, પેટમાં વારંવાર દુખાવાની તકલીફ કે ચૂક આવવાની તકલીફમાં ફાયદાકારક ગણાય છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** બુદ્ધા હૅન્ડ ફળ માટે એવું કહેવાય છે કે તે વેસોડાયલેટર તરીકે કામ કરે છે. રક્ત વાહિનીની ઉપર વધતાં દબાણને ઘટાડવામાં લાભદાયક ગણાય છે. લોહી ગંઠાઈ જવાની તકલીફથી બચાવે છે. લોહીમાં રહેલી ગંદકીને દૂર કરવામાં મદદ કરે છે. એક રિપોર્ટ મુજબ બુદ્ધા હૅન્ડનું સેવન કરવાથી લોહીનું પરિભ્રમણ શરીરમાં સુચારું રીતે થાય છે. તેમજ અચાનક હાર્ટ એટેકની તકલીફથી બચાવે છે.

**શ્વાસ સંબંધિત મુશ્કેલીમાં ગુણકારી :** બુદ્ધા હૅન્ડનું સેવન કરવાથી શ્વાસ સંબંધિત તકલીફમાં રાહત મેળવી શકાય છે, તેવી માન્યતા જોવા મળે છે. તેનું મુખ્ય કારણ આ રસાળ ફળ સ્વાદમાં થોડું ખટાશ ધરાવતું હોય છે. જે કફ તેમ જ પેટમાં જમા થતાં વાયુને દૂર કરવામાં મદદ કરે છે. શરદી-ખાંસી તેમ જ કફથી રાહત મેળવવી હોય તેમણે બુદ્ધા હૅન્ડ ફળનું સેવન અવશ્ય કરવું જોઈએ. દુખાવામાં ઝડપથી રાહત અપાવે છે.

પાક-કલામાં બુદ્ધા હૅન્ડનો ઉપયોગ લાંબા સમયથી ભારતમાં થતો આવે છે. ફળનો રંગ લીલો તેમજ ગૉલ્ડન પીળો હાય છે. ફળનો રસ ખટાશ ધરાવતો હોય છે. જેને કારણે તેમનું શરબત કે જામ બનાવવામાં સરળતા રહે છે. તેની છાલમાં કડવાશ હોતી નથી. જેને કારણે તેમાંથી જામ, મુરબ્બો, મીઠાઈ તેમ જ કૉકટેલ બનાવવામાં થાય છે. ■

### બુદ્ધા હૅન્ડનો જામ



**સામગ્રી:** ૧ નંગ બુદ્ધા હૅન્ડ ફળ, ૩ કપ પાણી, ૨ ચમચી લીંબુનો રસ, ૩ કપ ખાંડ, ૧ ચમચી તજનો પાઉડર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ફળને સપ્રમાણ ટૂકડાંમાં કાપી લેવું. ત્યારબાદ એક મોટી કડાઈમાં ૧ કપ પાણી લેવું. તેમાં ફળના ટૂકડાં ઉમેરવાં. ધીમા તાપે તેને પકાવવું. ટૂકડાં ગળી જાય ત્યારબાદ તેને ચારણીમાં કાઢી લેવાં. અન્ય એક તપેલીમાં ખાંડ ડૂબે તેટલું પાણી લઈને એક તારની ચાસણી તૈયાર કરવી. ઠંડા થયેલાં ફળના બાફેલાં ટૂકડાં ઉમેરી દેવાં. મિશ્રણ થોડું ઘટ્ટ થાય ત્યારબાદ ગેસ બંધ કરીને તજનો ભૂકો ઉમેરવો. સ્વાદિષ્ટ બુદ્ધા હૅન્ડનો જામ બ્રેડ કે ગરમાગરમ પરાઠા સાથે ખાવો.

---

# માથું ફેરવી નાખે એવો હોય છે માથાનો દુઃખાવો


feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

'મારું માથું દુઃખે છે.' આ વાક્ય આપણે અનેકવાર બોલ્યા છીએ અને સેંકડોવાર સાંભળ્યું પણ છે. આ એક એવી બીમારી છે કે, જેનું કારણ શોધવું મુશ્કેલ છે. નાના બાળકોથી માંડીને વૃદ્ધ સુધીના બધાને આની ફરિયાદ રહે છે.

હકીકતે તો માથાના દુઃખાવાની પીડા પ્રાયઃ માનસિક હોય છે અને દુઃખાવા માટે વ્યક્તિ પોતે જવાબદાર હોય છે. આજના યુગમાં આપણને બધું જ ઝડપી જોઇએ છે. કોઇ પણ બાબતે ક્ષણ માત્ર પણ રાહ જોવામાં આજના યુગમાં સુશિક્ષિત એવા આપણે ધીરજ રાખી શકતા જ નથી. તેમ જ ઇચ્છા મુજબ ન થતા તરત જ મૂડ બદલાઇ જાય છે. તદુપરાંત આજના ટેકનોલોજીના યુગમાં આપણે વસાવેલાં મોબાઇલ આદિક સાધનોના એટલા બધા વ્યસની બની ગયા છીએ કે, તેના વિનાં થોડીવાર જીવવું ઘણું મુશ્કેલ લાગે છે. આવી કૃત્રિમ જીવનશૈલીના આદતી એવા આપણે માથાના દુઃખાવાના શિકાર બની ગયા છીએ. તેમા પણ માથું દુઃખ્યું નથી કે દવા ખાધી નથી...! આમ ને આમ ખોટી દવાઓ લઇને શરીરમાં દવાઓના રૂપમાં બિનજરૂરી કેમિકલોને પ્રવેશ આપીએ છીએ. શું ખરેખર આપણે ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ અને કુદરતી જીવનશૈલી અપનાવી આ માથાના ખોટા દુઃખાવાથી રાહત મેળવવી નથી શકતા...?

### માથું દુઃખવાનાં કારણ

- વાયુ કે પિત્ત પ્રકોપિત થવાથી.
- તણાવભર્યા જીવનથી, શરીરમાં અપચો રહેવાથી તેમ જ કબજિયાત થવાથી.
- શરીરના મળ-મૂત્ર વગેરેના કુદરતી વેગોને રોકવાથી.
- અતિ જાગરણથી અને અતિ નિદ્રાથી.
- દારૂના વ્યસનથી અને વધુ પડતા નશીલા પદાર્થોનું સેવન કરવાથી.
- વાતાવરણમાં ફેરફાર થવાથી- વધુ તડકા અને ઠંડીમાં રહેવાથી.
- વધુ પડતા ઉપવાસ કરવાથી.
- બિનજરૂરી દવાઓના સેવનથી.
- કમ્પ્યુટર ઉપર લાંબો સમય કામ કરવાથી તથા આંખમાં દૂરના નંબર આવવા છતાં ચશ્માં નહીં પહેરવાથી.



### માથાના દુઃખાવા માટેના ઉપચાર :

૧) રોજ સૂર્યોદય પહેલાં કોપરાની ગોટીનો ચોથો ભાગ અને ૧ ચમચી ખાંડ ખૂબ જ ચાવીને ખાવાથી વર્ષો જૂનો માથાનો દુઃખાવો મટે છે.

૨) લવિંગનું તેલ માથે કે કપાળ પર ઘસવું.

૩) અડધી ચમચી સૂંઠનો પાવડર, ૧ ચમચી ઘી અને થોડો ગોળ મિશ્ર કરી લેવાથી વાયુ પ્રકોપિત થવાથી દુઃખતું માથું ઘટે છે.

૪) કપાળે ચોખ્ખું ઘી ઘસવાથી ગરમી કે પિત્તદોષથી થતો માથાનો દુઃખાવો મટે છે.

૫) આમળાનું ચૂર્ણ, સાકર અને ઘી સરખે ભાગે લઇને જમવું.

૬) એકાદ કપ પાણીમાં, ૧ ચમચી સૂંઠ અને હળદર નાખી, ઉકાળીને પીવું તથા તેનો નાસ લેવો.

૭) અડધી ચમચી લીંબુનો રસ, ૧ ચમચી તુલસીનો રસ અને ૨ ચમચી મધ ભેગું કરીને પીવું.

૮) નાળિયેરનું પાણી પીવાથી ગરમીના કારણે થયેલા માથાનો દુઃખાવો મટે છે.


૯) ગરમ દિવેલના ૪થી ૫ ટીપાં રોજ નાકમાં નાંખવાથી વાયુ-કફ દોષથી થયેલ માથાનો દુઃખાવો મટે છે.

૧૦) સૂંઠના પાઉડરને પાણીમાં ગરમ કરી કપાળે પાતળો લેપ કરવાથી શરદી, કફ અને સાયનસના કારણે થયેલ માથાનો દુઃખાવો મટે છે.

૧૧.) જીભ ઉપર ચપટી મીઠું મૂકી, ૧૦ મિનિટ પછી ૧ ગ્લાસ પાણી પીવાથી વાયુ કે કફજન્ય માથાનો દુઃખાવો મટે છે.



## આ આધાશીશી વળી શું છે?



**શું આપ જાણો છો? ...**

વિશ્વમાં અંદાજે ૧૫થી ૨૦ ટકા લોકો આધાશીશીથી પીડાય છે

### આધાશીશીનાં લક્ષણ :

- દિવસ ચડવાની સાથે માથાના દુઃખાવામાં પણ વધારો થવો.
- વારંવાર માથામાં એક બાજુ દુઃખાવો થવો.
- કોઇકવાર ઊલટી થવી અને ધૂંધળું દેખાવું.

### આ થવાનાં કારણ :


- સ્ટ્રેસ અને લાંબા સમયનો તણાવ થવાથી.
- અનિયમિત ઊંઘ અને વધારે પડતી પેઇનક્લિર દવાઓ લેવાથી.
- દારૂ કે અન્ય નશીલા પદાર્થોનું સેવન કરવાથી
- સ્ત્રીઓમાં અમુક સ્ત્રાવો (Hormones) નો ફેરફાર થવાથી.
- વધુ અવાજવાળા, પ્રકાશવાળા, ગરમ, ઠંડા કે સુગંધીવાળા વાતાવરણમાં રહેવાથી આધાશીશી વધી શકે છે.
- ઓછું પાણી પીવાથી પણ વધી શકે છે.
- વારસાગત પણ થઇ શકે છે.

### આધાશીશીમાં આહાર શું લેવો ?

- પપૈયું, તરબૂચ, સફરજન, ચેરી, દ્રાક્ષ, આદું, ટમેટાં, પાલક, કાકડી, ગાજર વગેરે લઇ શકાય.
- તીખી-તળેલી વાનગીઓ, ડુંગળી, કેળાં અને શીંગનો ત્યાગ કરવો.
- આઇસ્ક્રીમ, જંકફૂડ, મેંદો અને આથાથી બનતી વસ્તુનો ત્યાગ કરવો.


### આધાશીશીના ઉપચાર

- ૧ અરીઠું લઇ તેને પાણી સાથે ઘસીને જમણી બાજુ માથું દુઃખતું હોય તો ડાબા નસકોરામાં અને ડાબી બાજુ માથું દુઃખતું હોય તો જમણા નસકોરામાં આ ઘસારાના ૩ ટીપાં નાખવાં.
- ગાયના શુદ્ધ તાજા ઘીના ૨-૨ ટીપાં સવાર-સાંજ નાકમાં નાખવાં.
- આદું અને તુલસીનો રસ સૂંઘવો અને નાકમાં તેનાં ટીપાં નાખવાં.
- કાળા મરીને શુદ્ધ ઘીમાં ઘસીને નાકમાં ટીપાં પાડવાથી વાત-પિત્તજન્ય આધાશીશી મટે છે.
- ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને, તે દૂધના ૩-૪ ટીપાં નાકમાં નાખવાથી કફજન્ય આધાશીશી મટે છે.
- દિવસમાં ૧-૨ વાર બરફને કપડામાં બાંધી કપાળ ઉપર ૧૫ મિનિટ મૂકવો.
- દ્રાક્ષ, ધાણા, વરિયાળી અને સાકરનું ચૂર્ણ ૧-૧ ચમચી ઠંડા પાણીમાં નાખીને રોજ પીવું.
- રોજ ૧ કપ દૂધમાં, ૧ ચમચી ઘી અને ૧-૨ ચમચી ઇસબગુલ મેળવીને પીવું.
- ૨ ચમચી ગરમ તલના તેલમાં અડધી ચમચી તજ અને એલચીનો પાઉડર મેળવી માથા પર માલિશ કરી ૧ કલાક સુધી રાખવું.
- દહીં, ભાત અને સાકર મેળવીને સૂર્યોદય પહેલા જમવું.
- તાજી જલેબી અને દૂધ સવારે ખાલી પેટે જમવું.



## માથાના દુઃખાવાના પ્રકાર અને એનું સ્થાન

| સાઈનસ | ક્લસ્ટર | ટેન્શન | આધાશીશી |
|---|---|---|---|
| | એક આંખની આસપાસ દુઃખાવો થાય | માથાની ફરતે દુઃખાવો થાય | માથાની એક જ બાજુ દુઃખાવો થાય |



---

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
દિવ્યજ્યોતિ 'નંદન'

# સ્વસ્થ ઊંઘ માટે કરો સ્લીપ યોગા...



દિવસભરની દોડધામ, વધતી જતી હરીફાઈ, કામનું દબાણ અને ચોવીસે કલાક સક્રિય રહેતી ડિજિટલ દુનિયાએ આધુનિક માનવી પાસેથી તેની સૌથી મૂલ્યવાન સંપત્તિ એટલે કે ચેન-સુકૂનની ઊંઘ છીનવી લીધી છે. પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે લોકો થાકેલા તો હોય છે તેમ છતાં પથારીમાં આખી રાત પડખાં બદલતા રહે છે, પણ ઊંઘ નથી આવતી. ઘણા લોકો મોડી રાત સુધી મોબાઇલમાં રીલ્સ જોતા રહે છે અને સાથે એવું વિચારતા પણ રહે છે કે તેમણે સૂઈ જવું જોઈએ, નહીં તો બીજા દિવસે ઑફિસમાં તકલીફ પડશે, છતાંય મોડી રાત સુધી તેમને ઊંઘ આવતી નથી. આજકાલ આવાં એક નહીં પણ અનેક કારણો છે, અનેક પ્રકારની પ્રવૃત્તિઓ છે, જેના કારણે લોકો માટે પૂરતી ઊંઘ લેવી એ હવે એક સ્વપ્ન જેવું બની ગયું છે. આ જ કારણે સ્વાસ્થ્ય નિષ્ણાતોનું ધ્યાન આજકાલ 'સ્લીપ યોગા' તરફ ગયું છે. સ્લીપ યોગા અથવા નિદ્રા યોગ એ યોગાસનો દ્વારા ઊંઘ મેળવવાનો એક એવો ઉપાય છે જે આજે પણ ગાઢ ઊંઘનો અનુભવ કરાવી શકે છે. એટલા માટે જ આજે લાખો લોકો સ્વસ્થ ઊંઘ માટે સ્લીપ યોગાનો અભ્યાસ કરી રહ્યા છે.

ઊંડા શ્વાસ, ધ્યાન અને આરામદાયક આસનો દ્વારા ખૂબ જ સરળતાથી યોગ નિદ્રા પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ સ્લીપ યોગા વિશે જાણતા પહેલાં એ સ્પષ્ટ કરી લેવું જરૂરી છે કે આ પદ્ધતિ માત્ર ઊંઘ લાવવાનો ઉપાય નથી, પરંતુ તેનાથી શરીરની બાયોલોજિકલ ક્લોકને પણ સંતુલિત કરી શકાય છે. માનસિક તણાવ ઘટાડવા અને ઊંઘની ગુણવત્તા સુધારવાનું આ એક માધ્યમ છે.

### શું છે સ્લીપ યોગા?

વાસ્તવમાં સ્લીપ યોગા એ એવી યોગ તકનીક છે જે સૂતાં પહેલાં શરીર અને મનને શાંત કરવા માટે જરૂરી હોય છે. આમાં મુખ્યત્વે શામેલ છે- ઊંડા શ્વાસ લેવાનો અભ્યાસ એટલે કે ડીપ બ્રીધિંગ, યોગ મુદ્રા, હળવાં સ્ટ્રેચિંગ આસનો, મેડિટેશન અને માઇન્ડફુલનેસ તકનીકો. ખરેખર તો આ બધી તકનીકોનો ઉદ્દેશ્ય શરીરને આરામ આપવાનો અને નર્વસ સિસ્ટમને વિશ્રામ કરવા માટેનો સંકેત આપવાનો છે. નિષ્ણાતો જાણે છે કે સ્લીપ યોગા ઊંઘને બળજબરીથી લાવવાનો પ્રયાસ નથી કરતો, પરંતુ તે શરીરની કુદરતી ઊંઘની પ્રક્રિયાને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વસ્થ અને સહજ બનાવી દે છે.

### ખૂબ જ મોટી સંખ્યામાં લોકો આ સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે

વાસ્તવમાં આજે લોકો શારીરિક કરતાં માનસિક રીતે વધુ થાકી ચૂક્યા છે. નોકરીની અનિશ્ચિતતા, વધતી મોંઘવારીને કારણે વધતું આર્થિક દબાણ, પારિવારિક જવાબદારીઓ અને ડિજિટલ જીવનશૈલીમાં સતત સક્રિય રહેવાની મજબૂરી આ બધાં એવાં કારણો છે જેના લીધે આજે લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. સ્લીપ યોગા વાસ્તવમાં આવી જ સમસ્યાઓથી છુટકારો અપાવે છે.

### સ્લીપ યોગામાં શામેલ વિવિધ પ્રવૃત્તિઓ

મોટેભાગે જેને સ્લીપ યોગા કહેવામાં આવે છે તે કોઈ એક આસન નથી પરંતુ એક આસનની વિવિધ પ્રવૃત્તિઓ અથવા કેટલાંય પ્રકારનાં આસનોનો એક સમૂહ છે જેનાથી આપણને ઊંડી માનસિક શાંતિ અને આરામ મળે છે.

આમાં પહેલો અભ્યાસ 'વિપરીત કરણી'નો છે. આ માટે દીવાલના સહારે પગને ઉપર તરફ ઉઠાવીને એક સરળ અભ્યાસ કરવામાં આવે છે. આનાથી દિવસભરનો થાક ઓછો થાય છે.

સ્લીપ યોગામાં શામેલ બીજી પ્રવૃત્તિ 'શવાસન' છે. આ વાસ્તવમાં સ્લીપ યોગાનો જ એક હિસ્સો છે. આ અંતર્ગત શરીરને સંપૂર્ણપણે ઢીલું છોડી દેવામાં આવે છે, જેના કારણે આ અભ્યાસ માનસિક તણાવ ઓછો કરવામાં મદદરૂપ સાબિત થાય છે.

અનુલોમ-વિલોમ અને ડીપ બ્રીધિંગ, આ પણ સ્લીપ યોગાના કમ્પ્લીટ પૅકેજનો જ એક ભાગ છે. આ અંતર્ગત ધીમા અને નિયંત્રિત શ્વાસ લેવાથી નર્વસ સિસ્ટમને શાંત કરવામાં મદદ મળે છે, જેથી સૂવાની તૈયારી સરળ બની જાય છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# ગંભીર થાક ક્રૉનિક ફટિગ સિંડ્રોમ...

શારીરિક કે માનસિક પ્રવૃત્તિ પછી થોડો થાક લાગવો એ સામાન્ય છે. થોડા આરામ પછી તે સાજું થઈ જાય છે. આ સામાન્ય લક્ષણ છે. લાંબી મુસાફરી કે કામકાજના ભારને કારણે, વધુ ચાલવાને કારણે, વધુ કંટાળાજનક પરિસ્થિતિને કારણે થાક લાગે એ થોડા સમયમાં સાજો થઈ જાય છે, પણ જો આખા દિવસ દરમ્યાન થાક લાગે, આખો દિવસ શરીર ભારે લાગે, કામ કરવાનું મન ન થાય, નાની વસ્તુઓનું કામ પણ મુશ્કેલ લાગે, વિના કારણ પણ થાક લાગ્યા જ કરે, કોઈ પ્રકારની નાની બીમારીમાં પણ અતિશય થાક લાગે, સવારે જાગ્યા પછી પણ થાક જ અનુભવાય, સૂતી વખતે શરીરના થાકના કારણે ઊંઘ ન આવે ત્યારે, વધુ પડતી વિટામિન-ડીની ઉણપ, ધ્યાન કેન્દ્રિત ન થાય, માંસપેશી, જૉઇન્ટ, માથાના દુખાવો વગેરે થવો તો આ ગંભીર થાક એટલે કે ક્રૉનિક ફટિગ સિંડ્રોમ (Chronic fatigue syndrome) છે.

ગંભીર થાક થવાના કાઈ એક નિશ્ચિત કારણ હજુ સુધી સ્પષ્ટ નથી. એવું માનવામાં આવે છે કે આ સમસ્યા વાઇરલ સંક્રમણ, પ્રતિરક્ષા પ્રણાલી સમસ્યાઓ, અત્યાધિક તણાવ કે અનુવાંશિકથી ઉત્તેજિત (ટ્રિગર) થઈ શકે છે, પણ હાલના સંશોધનમાં પુરવાર થયું છે કે ખરાબ જીવનશૈલી, કેમિકલયુક્ત ખાદ્યપદાર્થ, મોબાઇલનો વધુ વપરાશ, અપૂરતી ઊંઘ, સમયની વિરુદ્ધનાં ખાનાપાન (સમય પર ન ખાવું), સામાજિક વાતાવરણ, એકલાપણું, કામનો બોજ, આર્થિક સમસ્યાઓ, કુપોષણ, વ્યાયામનો અભાવ, શારીરિક કામકાજનું ઘટવું, ચુસ્ત કપડાં, નાની બીમારીઓને દુર્લક્ષ કરવું જેવાં કારણોને કારણે ગંભીર થાકની સમસ્યાઓ થઈ રહી છે.

ક્રૉનિક થકાવટ સિંડ્રોમની સાથે જીવન ભારી અને અલગ થલગ જણાય. દુનિયાભરમાં લાખો લોકો આ તકલીફથી પ્રભાવિત છે, પણ દુર્ભાગ્ય વશ આ વધતી સ્વાસ્થ્ય સમસ્યા માટે લોકોમાં હજુ જાગૃતતા નથી. પ્રભાવિત લોકોએ પોતાના જીવનની ગુણવત્તા વધારવાની જરૂર છે. આનાં લક્ષણો અને કારણો ઘણાંય છે. લક્ષણ અને કારણો પ્રમાણે ચિકિત્સા થવી જરૂરી છે.

આ ક્રૉનિક થકાવટ સિંડ્રોમ જેને માયલ્જિક એન્સેફેલોમાયલાઇટિસ રૂપથી ઓળખાય છે. જેમાં સામાન્ય થકાવટ કરતાં અધિક અને



ગંભીર થાકવાળો વિકાર છે જેને અંતર્નિહિત ચિકિત્સા સ્થિતિ દ્વારા સમજવી શકાય નહીં. શારીરિક અને માનસિક ગતિવિધિથી થકાવટ વધી જાય છે જે ફકત આરામ કરવાથી કાઈ થીક થતી નથી. આ સિંડ્રોમ શરીરની કઈ પ્રણાલીને પ્રભાવિત કરે છે અને લક્ષણો પણ અલગ અને ઘણાંય હોય છે. એની અવધિ અને ગંભીરતા અલગ-અલગ હોઈ શકે, પર્યાવરણીય પ્રભાવ પણ હોઈ શકે, ઘણીવાર નાનપણમાં જ નબળાઈ કે કુપોષણ પણ હોઈ શકે, કોઈ એવી જગ્યામાં રહેવાસ હોય જ્યાં પોષક તત્ત્વોની અધિક માત્રામાં ઓછપ હોય. ઉચ્ચ સ્તરનું જીવન હોય, પણ તણાવ અધિક હોય, ઊંઘ ખરાબ હોય ત્યારે આ સિંડ્રોમ જણાય છે. સ્ત્રીઓમાં હૉર્મોનલ બદલાવ વખતે જો પોષક તત્ત્વોવાળો ખોરાકનો અભાવ હોય કે મસાલેદાર વાનગીઓનું સેવન વધુ હોય ત્યારે આ સિંડ્રોમ વધુ જણાય. નાની પણ લાંબી બીમારીમાં આ સમસ્યા અધિક ગંભીર રૂપે બહાર આવે છે. જેના કારણે વ્યક્તિ પથારીવશ રહે છે. કેફેન દ્રવ્યનું સેવન પણ પથારીવશ કરાવે છે. આજના સમયમાં બાહ્ય ભોજનનું પ્રમાણ વધુ છે. કૉફીનું સેવન પણ અધિક છે. જેના કારણે નાની વયમાં આ બીમારીનાં સિંડ્રોમ જણાઈ રહ્યાં છે.

આ સિંડ્રોમની શરૂઆતનાં લક્ષણ કે કારણ નાનાં હોય છે જેના પર પહેલેથી ધ્યાન દેવું યોગ્ય છે. જેમ કે માથાનો દુ:ખાવો, કબજિયાત, ચક્કર આવવાં, વારંવાર તાવ અને શરદી થવાં, નીંદર અપૂરતી અથવા ખલેલવાળી, ગળામાં દુખવું, માંસપેશીઓમાં દુખવું કે વારંવાર હાથ પગ દુખવા, શરીરમાં અમુક ભાગોમાં સોજા, ચક્કર આવવા બી.પી. લો થવા, પેટમાં દુખવું, ગૅસની સમસ્યા, ચિડચિડાપણું વધવું, કંટોળા આવવો, જલદી થાક લાગવો.

આ સંભવિત કારણો કે લક્ષણો પર પૂરતું ધ્યાન દેવું જરૂરી છે.

આ સિંડ્રોમથી બચવા આહાર શૈલી સુધારવી ખૂબ જ મહત્ત્વની છે તેમ જ આળસને દૂર રાખવી, શારીરિક કામકાજ અને કસરતો કરવી, માનસિક સ્વાસ્થ્યને હંમેશાં તાજું રાખવું, સંગીતનો આનંદ લેવો, પ્રાકૃતિક સૌંદર્યવાળી જગ્યાએ થોડો સમય રહેવું.

આહારમાં સ્વાસ્થ્યવર્ધક પીણાં લેવાં જેવાં કે કતીરા ગુંદરને પાણીમાં કે દૂધમાં પલાળી લેવું, વરિયાળી-એલચી-કેસરવાળો કાઢો પીવો, કોકમ-ગોરખ આમલીનાં શરબત લેવાં, ગુલાબનું શરબત (ઑર્ગેનિક હોવું જરૂરી) છાશમાં નાખીને બનાવેલી બાજરાની જુવારની નાચણીની રાબ લેવી. બ્રાહ્મી, જટામાંસીના ઉકાળા લેવા, અશ્વગંધાનો ક્ષીરપાક બનાવી લેવો.

ફળો અને શાકભાજી જેમ કે સંતરાં, મોસંબી, શક્કરટેટી, પેરુ જે ત્વરિત એનર્જી આપે છે, તેને ડાયટમાં શામિલ કરો. દુધી, કોળુના સૂપ લેવા. નાળિયેરનું દૂધ, તાડગોલા, લીચી, નીરો જેવા ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરવો.

નાની બીમારીઓ વખતે દવાઓ ન લેવી, તેના થવાનાં કારણ દૂર કરવાં જેથી આ ગંભીર થાકની બીમારીથી બચી શકાય. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ...અને ભૂંડ બોલ્યું ‘આપણે માત્ર ભૂંડ ને માણસ ભૂંડો’

‘બોલો શી ફરિયાદ છે તમારી?’ ફરિયાદીના પાંજરામાં ઊભેલા ચંપકને જજે પૂછ્યું.

‘સર, મારી સાળીની બહેન, જે ૨૮ વર્ષથી મારી સાથે રહે છે ને લોકો એને મારી અંગત વાઈફ કહે છે, એ ચંપાએ મને ભૂંડ કીધો, બોલો.’

‘અરે, તો તમે એવાં ભૂંડ જેવાં મોઢાં રાખો છો શું કામ? વાઈફ પણ મૂંઝાય. ભૂંડને પણ પ્રોબ્લેમ થાય ને જનતાને પણ..’

‘અરે મિલોર્ડ, સોસાયટીમાં આવી કોઈ પૂછે કે ‘ચંપકનું ઘર કયું? તો નાનું છોકરું સામે પૂછે ‘પેલા ચંપક ભૂંડનુ?’ ત્યારે મને કેવું ભૂંડુ લાગતું હશે?’

‘તમારી ચંપાએ તમને ભૂંડ ક્યારે કીધેલું?’

‘મિલોર્ડ, એ માટે તમારે થોડું ફ્લેશબેકમાં જવું પડશે. જ્યારે કોરોનાની સિઝન પૂર જોશમાં ચાલુ હતી ત્યારે...’

‘બા..પ...રે.. ઠેઠ સાડા ત્રણ વર્ષ પહેલા? ને ફરિયાદ ઠેઠ આજે? અત્યાર સુધી ઊંઘી ગયેલા?’

‘ના, પણ ભૂંડ મેં આજે પહેલીવાર જોયું ત્યારે મને ખબર પડી કે ચંપાએ શું કીધેલું? મિલોર્ડ, હું આપને પણ કોઈ એન્ગલથી ભૂંડ જેવો લાગુ છું?’

કોર્ટમાં હાસ્યનું મોજુ ફરી વળ્યું ને જજ ટેબલ પર હથોડો પછાડતા બોલ્યા ‘ઓર્ડર ઓર્ડર.’

‘ઓર્ડરમાં તો સર સવાર છે એટલે એક કપ ચા ને બિસ્કીટ. ને આપને પણ નાસ્તો કરવો હોય તો...’

‘અરે ‘ઓર્ડર ઓર્ડર’ એટલે તમારી ચંપાને કઠેડામાં હાજર કરો.’

ચંપા હાજર થઇ ને જજે પૂછ્યું ‘મીસીસ ચંપા, તમે તમારા પતિ ચંપકને કોરોના કાળમાં ભૂંડ કીધેલો?’

‘હા, ને આજે પણ હું કોઈ ભૂંડને ચંપક કહી શકું એટલી હિમ્મત છે મારામાં.’

‘અરે પણ એનામાં ભૂંડના ક્યાં ગુણ કે અવગુણ દેખાયા?’ જજે પૂછ્યું.

‘આપ જાણીને શું કરશો? આપને ભૂંડ બનવું છે? નઈને? તો પછી.’

જજનું મોઢું વિયાયેલી ગાય જેવું થઇ ગયું.

‘અરે મિલોર્ડ, એ વખતે મેં ચેતવણી આપી કે મોં પર માસ્ક પહેરી રાખ. પણ મારું માન્યું નઈ.’

‘તંબુરો માનું? મને કેવો મુંઝારો થવા લાગ્યો...’ ચંપક બોલ્યો.

‘અરે, પણ એ જીન્સના પેન્ટના માસ્ક પહેરે તો ગુંગળાઈને ગુજરી જાય પછી મારું કોણ? બચેલા જીવનમાં કોઈ સહારો તો જોઈએને? જજજી, આપ મને સહારો આપો ખરા? બોલો.’




મા કસમ જજના હૈયામાં પાંચ સેકંડ ગુદગુદી થઇ ને ત્રીસ સેકંડ ચહેરા પર લાલી છવાઈ ગઈ. ચંપા આગળ બોલી : ‘પછી પોળમાં રખડતા ભૂંડના ઝેરી વાયરસ એના શરીરમાં ઘૂસી ગયા ને કોરોનામાં એ કોરો-ના રહ્યો ને ફસાયો પછી કોરોના-ચેપની બીકમાં આજસુધી કોઈ સગાં કે ભાભો ભાઈયે ડોકાવા નથી આવ્યા.’

‘ઓત્તારીની, એ ચેપની બીકથી પેલા ઉઘરાણીવાળા પણ તાત્કાલિક ધોરણે ઘરે આવતા બંધ થઇ ગયેલા એ યાદ નથી? બોલ હવે બોલ, કેમ હવે જીભડી સિવાઈ ગઈ?’

‘યાદ છે મિલોર્ડ, બધા આવતા બંધ થાય એ પોષાય પણ ઘરનો કામવાળો બંધ થાય એ મને કોઇકાળે ન પોષાય, આ ભૂંડ આઈ મીન ચંપક કરતાં એ મારું વધારે ધ્યાન રાખતો.’

‘બોસ, એની કોઈ વાત પર ભરોસો ન કરતા.’ ચંપક બોલ્યો ‘કોરાનામાં ભૂંડ કીધો પણ હમણાં થોડા દિવસ પહેલાં મને ઓફિસમાં ફોન કર્યો ‘ઓફિસેથી છૂટી સીધા ઘરે ન આવતા, આપણા બિલ્ડિંગમાં કુતરા પકડાવવાની ગાડી આવી છે. હવે મને કેટલી મૂંઝવણ થાય કે મારી જાતને ભૂંડ સમજવો કે કૂતરો?’

‘એય ટોપા, એવું બધું જજને ખબર ન પડે.’ ચંપા બોલી.

‘એમાં એવું છે મિલોર્ડ કે લગ્ન પછી વફાદાર કૂતરાની જેમ જ જીવન જીવતો પણ એક દિવસ એને ખતરનાક બેવફાઈ કરી..’

‘શી બેવફાઈ કરી?’ જજે પૂછ્યું.

‘અરે મિલોર્ડ, એ દિવસે કહીને ગયેલો કે ઓફીસનાં કામે જઉં છું ને અઠવાડિયા પછી પાછો આવીશ ને ચોથા જ દિવસે ડમરીમાંથી ભગવાન પ્રગટે એમ પ્રગટ્યો. આવું જૂઠ?, આવી બેવફાઈ?’ ચંપા બોલી.

‘મિલોર્ડ, પણ આવીને શું જોયું? મારી ચંપા મારા કામવાળા સાથે... આપ સમજું છો’ ચંપક બોલ્યો.

‘વ્હાલા મિલોર્ડ, તમે જાણો છો? મેં કામવાળાને શું કામ પકડ્યો? કારણકે આ મારો પતિ ચંપક, ભૂંડ જેમ કીચડમાં ફરે એમ રાજકારણના કીચડમાં ફરતો થયો, મેં સમજાવ્યો કે આ બધા બુકાની-બંદુક વગરના ગુંડા છે. છોડી દે, ભૂંડના શરીરની ગંદકીમાં જેમ ઝેરી વાયરસ ઘૂસી જાય એમ રાજકારણીઓની જમાતના ભ્રષ્ટાચાર, બેઈમાન, લુચ્ચાઈ જેવા વાયરસ ઘૂસી જશે.’

‘એય ભૂંડણી, હવે બોલી તો તારામાં જ વાયરસ ઘુસાડીશ. સમજી?’

‘સ્ટોપ ઇટ, તમે બંને એકબીજાની ઓળખાણ આપવામાં એ કેમ ભૂલી ગયા કે હું પણ અહીં બેઠો છું.’ નિર્દોષ ભાવે જજ બોલ્યાં.

તુર્ત જ કોર્ટમાં ખૂણામાં બેઠેલા ભૂંડે તાત્કાલિક મીટીંગ બોલાવી ને બોલ્યો ‘ભૂંડ મિત્રો, અહી ચંપાએ પોતાના પતિને ભૂંડ કીધા, આપણી જાતિમાં કોઈ ભૂંડણીએ પોતાના પતિને ‘માણસ’ કીધો? ના. વ્હાલીડાઓ, માણસ તો ભૂંડો છે એટલે ભૂંડા કાઢે. આપણે ભૂંડ ખરા પણ ભૂંડાતો નથી ને નથી જ. એનામાં દયા કે જીવદયા જેવું કઈ નથી. એ પોતાનું પેટ ભરવા આપણું પેટ કાઢી લે છે પોતાનું મગજ ચલાવવા આપણું મગજ કાઢી લે છે. હવે સાંભળો આપણા શરીરમાં દંભ કે અહંકાર કે લુચ્ચાઈના વાયરસ ન ઘૂસી જાય એ માટે ‘ભૂંડ મિત્ર મંડળ’ તરફથી દરેકને માસ્ક આપવામાં આવશે. આધાર કાર્ડ તૈયાર રાખવું.’

સભા પૂરી થઇ, તાળીઓ પાડીને પ્રભુને સામૂહિક પ્રાર્થના કરી ‘હે પ્રભુ, બીજા જન્મે ભૂંડ થવાનું મંજુર પણ માણસ થવાનું... શું કહો છો? ■

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગામ | HEADMAN |
| ગામઠી | QUARREL |
| ગામવખો | DINNER |
| ગામેતી | RUSTIC |
| ગામસારણી | VILLAGE |

## માતૃભાષાની મહેક

માણસ સ્વભાવે પરગજુ પ્રાણી હોવાની ખ્યાતિ ધરાવે છે. મદદરૂપ થવું એનો સ્વભાવ છે. લેખે લાગવું એટલે ઉપયોગમાં આવવું કે સાર્થક થવું. જીવતે જીવ કોઈને લેખે લાગીએ તો એનો આનંદ અનોખો હોય, પણ ક્યારેક જીવ જતો રહ્યો હોય એવી વ્યક્તિ પણ લેખે લાગે એવું બની શકે છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ XYLOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ભૂમિતિ બ) વનસ્પતિ
ક) જંગલ ડ) વરસાદ

## ઈર્શાદ

મોટાઓની અલ્પતા જોઈ થાક્યો.
નાનાની મોટાઈ જોઈ જીવું છું.
- ઉમાશંકર જોશી

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | ૧૨ | | | |
| | ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | | ૧૮ | | | | | |
| | | ૨૦ | | ૨૧ | | | | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | | | | ૨૫ | | | |
| | ૨૬ | | ૨૭ | | ૨૮ | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | | ૩૨ | | |
| ૩૩ | | | | | | ૩૪ | | | |

### આડી ચાવી

૧. પ્રખ્યાત, જાણીતું (૪)
૪. ચડસાચડસી, રકઝક (૪)
૭. કૃપા, દયા (૩)
૯. માછલાં પકડવાનો આંકડો (૨)
૧૦. --- તીગડા, કામ બીગડા (૨)
૧૧. રાજી (૨)
૧૨. એક પ્રકારનું ઘાસ (૩)
૧૩. સરસ્વતી (૩)
૧૫. જે ન મળે તો ખાટી લાગે (૨)
૧૭. છિદ્ર, કાણું (૨)
૧૮. સ્વચ્છ, ચોખ્ખું (૩)
૨૦. આખું, ભાંગ્યા તૂટ્યા વિનાનું (૩)
૨૨. માલ મિલકત, દોલત (૨)
૨૩. ગાણું (૨)
૨૫. સારું કામ (૩)
૨૬. ધોબી (૩)
૨૮. બાળક, નાનું છોકરું (૨)
૨૯. --- કરવો=નાત જમાડવી (૨)
૩૧. દીકરો (૨)
૩૨. --- કરવું=વાંચવું (૩)
૩૩. ભારે તૈયારી (૪)
૩૪. ઓચિંતું (૪)

### ઊભી ચાવી

૧. જિદ્દી, હઠીલું (૩)
૨. સમ્રાટ, રાજાઓનો રાજા (૫)
૩. અપ્સરા (૨)
૪. અહંતા, અભિમાન (૩)
૫. એક નદી (૪)
૬. ચારિત્ર્ય, શિયળ (૨)
૮. પારકી --- સદા નિરાશ (૨)
૧૧. પરમેશ્વર (૨)
૧૪. અશ્રુ (૨)
૧૬. ધીરજ (૩)
૧૭. સાધુ, બાવો (૩)
૨૧. રાજગાદી, સિંહાસન (૨)
૨૨. મહેણું (૫)
૨૪. ઓછુંવત્તુ, ચડતું ઊતરતું (૪)
૨૫. સૂઝ, સમજ (૨)
૨૭. --- મીલાકે ચલો (૩)
૨૮. એક શિકારી પક્ષી (૨)
૩૦. તેજ, ભપકો (૩)
૩૧. અમૃત (૨)
૩૨. વાણી, બોલી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ધ | વ | ધ | ૩ રું | | ૪ આ | ૫ રા | વા | ૬ રા |
| ૭ દા | રા | | | ડ | | | ત | | વ |
| ૮ વ | ર | ૯ તા | રો | | ૧૦ સ | દા | | ૧૧ આ | ણ |
| ત | | સી | | ૧૨ પ | ર્વ | | ૧૩ ભા | વ | |
| | ૧૪ પા | ર | કે | | શ | | | ૧૫ ર | ક્ત |
| ૧૬ ધી | રા | | | ૧૭ તી | | ૧૮ ના | ૧૯ ખુ | દા | |
| | ૨૦ વા | ટ | | ૨૧ ર | ઢ | | ડ | | ૨૨ જ |
| ૨૩ મો | ર | | ૨૪ આ | છું | | ૨૫ આં | દો | ૨૬ લ | ન |
| ર | | ૨૭ શી | | | ૨૮ સ | | | ૨૯ હે | મ |
| ૩૦ સ | માં | ત | ર | | ૩૧ ખા | ત | મૂ | ર | ત |

## ઓળખાણ પડી?



ઉત્તમ અને ગુણકારી આયુર્વેદિક ઔષધિની ઓળખાણ પડી? એના મૂળ અને થડનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

અ) બેરડા બ) તજ ક) અડુસા ડ) જેઠીમધ

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

‘રાજાની નિયત સારી રહે તો નગરી આબાદાન’ પંક્તિમાં નિયત શબ્દનો અર્થ જણાવો.

અ) નિર્ણય બ) તાકાત ક) નિયમ ડ) દાનત

## માઈન્ડ ગેમ

કાઠીઓ દ્વારા બંધાયેલો અને સોલંકી - ચાવડાના ઈતિહાસ સાથે સંકળાયેલો કંથકોટ કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

અ) મહારાષ્ટ્ર બ) ગુજરાત ક) પંજાબ ડ) કેરળ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૧ | ૫ | | | | | |
| ૬ | | | | ૪ | ૨ | | | ૫ |
| | | ૮ | | | | ૪ | ૩ | |
| | | ૨ | ૭ | ૧ | | | | |
| ૩ | ૬ | | | | | | ૮ | ૧ |
| | | | | ૬ | ૩ | ૨ | | |
| | ૫ | ૪ | | | | ૩ | | |
| ૨ | | | ૧ | ૩ | | | | ૮ |
| | | | | | ૫ | ૧ | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૨ | ૯ | ૧ |
| ૪ | ૭ | ૧ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૬ |
| ૨ | ૬ | ૯ | ૮ | ૫ | ૧ | ૭ | ૪ | ૩ |
| ૮ | ૫ | ૭ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ | ૯ |
| ૬ | ૯ | ૨ | ૩ | ૪ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૭ | ૯ | ૮ | ૬ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ |
| ૯ | ૩ | ૮ | ૧ | ૨ | ૭ | ૬ | ૫ | ૪ |
| ૭ | ૧ | ૬ | ૪ | ૯ | ૫ | ૩ | ૨ | ૮ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગાદી | SEAT |
| ગાદલાં | MATTRESS |
| ગાદીપતિ | HEIR |
| ગાન | SONG |
| ગાફેલ | NEGLIGENT |
| ગર્જના | ROAR |

**ગુજરાત મોરી મોરી રે:** સંગીત

**ઓળખાણ પડી?** રાજસ્થાન

**માઈન્ડ ગેમ :** મહારાષ્ટ્ર

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** મળે

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આસર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા




# ટચૂકડા દેશ કેપ વર્ડેનો ઐતિહાસિક પ્રથમ વર્લ્ડ કપ ગોલ

## સ્પેન પછી ઉરુગ્વે સામેની મેચ પણ ડ્રો કરાવી

માયામીઃ પશ્ચિમ આફ્રિકામાં ફક્ત ૬ લાખની વસ્તી ધરાવતા કેપ વર્ડે (કિબો વર્ડે) નામના ટચૂકડા દેશે આ વખતના વર્લ્ડ કપમાં પહેલી જ વખત ભાગ લીધો અને બે સનસનાટીભર્યા ડ્રો મેચના પરિણામ સાથે ફૂટબોલ જગતને ચોંકાવી દીધું છે. એટલું જ નહીં, આ નાનકડા દેશે સોમવારે પહેલી જ વખત વર્લ્ડ કપ ગોલ પોતાના નામે કર્યો હતો.

કેપ વર્ડેએ થોડા દિવસ પહેલાં ભૂતપૂર્વ ચેમ્પિયન્સ સ્પેન સામેની મેચ ૦-૦થી ડ્રોમાં કરી હતી. સોમવારે કેપ વર્ડેએ બીજા ભૂતપૂર્વ ચેમ્પિયન ઉરુગ્વે સામેની મેચ ૨-૨થી ડ્રોમાં લઈ જઈને ૯૬ વર્ષના આ વર્લ્ડ કપના ઇતિહાસમાં પોતાનું સ્થાન જમાવવાની શરૂઆત કરી હતી.

**એક મેચના બંને ગોલકીપર ૪૦-પ્લસની ઉંમરનાઃ પ્રથમ બનાવ**

આ મેચમાં કેપ વર્ડે વતી વોઝિન્હોએ અને ઉરુગ્વે વતી મુસ્લેરાએ ગોલકીપિંગની જવાબદારી સંભાળી હતી. યોગાનુયોગ, આ બંને ગોલકીપર ૪૦થી વધુ ઉંમરના છે અને વિશ્વ કપની કોઈ એક મેચમાં બંને ગોલકીપર ૪૦-પ્લસના હોય એવું પહેલી જ વખત બન્યું છે. ■

### કેવિન પિનાનો ૯૮ ફૂટ દૂરથી ગોલ

કેપ વર્ડેના કેવિન પિના નામના ખેલાડીએ ૨૧મી મિનિટમાં ૩૩ યાર્ડ (અંદાજે ૯૮ ફૂટ દૂરથી) ફ્રી કિકમાં બોલને સીધો નેટમાં પધરાવીને સનસનાટી મચાવી દીધી હતી. તેના અદ્ભુત શોટમાં બોલ ગોલપોસ્ટના તળિયે કોર્નરના ભાગમાંથી નેટમાં જતો રહ્યો હતો. એ સાથે જ કેપ વર્ડેના ખેલાડીઓએ આ ઐતિહાસિક ગોલની મેદાન પર થોડી વાર સુધી ઉજવણી કરી હતી. સ્ટેડિયમમાં બેઠેલા કેપ વર્ડેના અસંખ્ય ચાહકોએ પણ આ ગોલ સેલિબ્રેટ કર્યો હતો. કેવિન પિનાએ ત્રણ વર્ષ પહેલાં આફ્રિકા કપમાં પણ મોઝામ્બિક સામે આટલા દૂરથી ગોલ કર્યો હતો. ૪૪ મી મિનિટમાં એરોયોએ ગોલ કરીને ઇજિપ્તને ૧-૧ની બરાબરી અપાવી હતી. ફર્સ્ટ હાફના છેવટના ભાગમાં કેનોબિયોએ ઉરુગ્વેને ૨-૧થી સરસાઈ અપાવી હતી, પરંતુ બીજા હાફમાં (૬૧મી મિનિટમાં) વેલેરાએ ગોલ કરીને કેપ વર્ડેને ૨-૨ની બરાબરીમાં લાવી દીધું હતું. ■



### ફિફા વર્લ્ડકપમાં કઈ-કઈ મેચ?

**ઇંગ્લેન્ડ વિરુદ્ધ ઘાના**
મધરાત બાદ ૧:૩૦ વાગ્યે

**પનામા વિરુદ્ધ ક્રોએશિયા**
વહેલી સવારે ૪:૩૦

**કોલંબિયા વિરુદ્ધ ડીઆર કોંગો**
સવારે ૭:૩૦ વાગ્યે

## રેફરી તકરાર કરતા રહ્યા, ખેલાડીએ તેમની નીચે પડેલી ઘડિયાળ પહેરીને ચાલતી પકડી!



સેન્ટા ક્લેરાઃ શનિવારે ફિફા વર્લ્ડ કપમાં પારાગ્વેએ તૂર્કી સામે ૧-૦થી જે મેચ જીતી એમાં ગોલ્ડન ગોલ કરનાર પારાગ્વેના મેટિયાસ ગાલાર્ઝાએ ગજબની હરકત કરી. ૬૫મી સેકન્ડમાં આ ટૂર્નામેન્ટનો ફાસ્ટેસ્ટ ગોલ તેણે કર્યો હતો, પણ થોડીવાર બાદ તેણે જે કર્યું એ ખુદ તેના ઉપરાંત તેની ટીમ માટે પણ શરમજનક કહેવાય.

એક તબક્કે રેફરીની જ્યારે ખેલાડીઓ સાથે તકરાર ચાલુ હતી એ દરમ્યાન રેફરીની નીચે પડી ગયેલી ઘડિયાળ ગાલાર્ઝાએ ઊંચકીને પહેરી લીધી હતી અને ચાલતી પકડી હતી.

મેદાન પરના ખેલાડીઓ આ જોતા રહ્યા હતા. મોટા ભાગના પ્રેક્ષકોએ પણ આ જોયું હશે અને કરોડો ટીવી દર્શકો પણ આ હરકતથી ચોંકી ગયા હશે. જોકે અહીં ખાસ જણાવવાનું કે ગાલાર્ઝાએ રેફરીને એ ઘડિયાળ પાછી આપી કે નહીં એ તો જાણવા નથી મળ્યું, પરંતુ મેચને અંતે રેફરીના હાથ પર વોચ જરૂર હતી. ■

# ઈરાન અને બેલ્જિયમ વચ્ચેની મેચમાં ન થયો એક પણ ગોલ

બેલ્જિયમ બીજા હાફના મોટાભાગના સમય માટે ૧૦ ખેલાડીઓ સાથે રમવા છતાં આક્રમક અભિગમ અપનાવ્યો, પરંતુ તેઓ ઇરાનના ગોલકીપર અલીરેઝા બેઇરાનવંદને હરાવવામાં અસમર્થ રહ્યા, જેના કારણે બંને દેશો વચ્ચે વર્લ્ડ કપ ગ્રૂપ જીની મેચ ગોલ વિનાની ડ્રો રહી હતી.

બેલ્જિયમ અને ઇરાન બંનેને આ મેચમાં જીતની ખૂબ જ જરૂર હતી પરંતુ તેમની સતત બીજી મેચ ડ્રો રહી હતી. વાસ્તવમાં ગ્રૂપ જીમાં અત્યાર સુધીની બધી મેચ ડ્રોમાં સમાપ્ત થઈ છે અને ચારેય ટીમોના બે-બે પોઈન્ટ છે. જોકે, ગોલ તફાવતને કારણે બેલ્જિયમ સૌથી નીચે છે જ્યારે ઇરાન બીજા સ્થાને છે. ન્યૂ ઝીલેન્ડ પ્રથમ સ્થાને છે અને ઇજિપ્ત ત્રીજા સ્થાને છે.

બેલ્જિયમના ડિફેન્ડર નાથન ન્ગોયને ૬૬મી મિનિટે રેડ કાર્ડ મળ્યું જેના કારણે ટીમે ૧૦ ખેલાડીઓ સાથે મેચ રમવાની ફરજ પડી હતી. બેલ્જિયમ પાસે ઘણા સ્ટાર ખેલાડીઓ છે, પરંતુ તે હજુ સુધી બે વર્લ્ડ કપ મેચમાં ગોલ કરી શક્યા નથી. બેલ્જિયમે પ્રથમ ૬૦ મિનિટમાં પ્રભુત્વ મેળવ્યું હતું, પરંતુ ઈરાન પાસે ઘણી સારી ગોલ કરવાની તકો હતી જેને ગોલકીપર થિબાઉટ કોર્ટોઇસે શાનદાર રીતે નિષ્ફળ બનાવી હતી. બીજા હાફમાં ઈરાનના ગોલકીપર બેઇરાનવંદે બે વાર મેક્સિમ ડી કુઇપરને ગોલ કરતા અટકાવ્યો હતો. ■



### સ્પેને સાઉદી અરેબિયાને ૪-૦થી હરાવ્યું

કેપ વર્ડે સામેની તેમની શરૂઆતની મેચમાં ગોલ રહિત ડ્રો બાદ સ્પેન દબાણ હેઠળ હતું. ટીકાકારોએ ટીમની આક્રમકતા અને ફિનિશિંગ ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા હતા. પરંતુ એટલાન્ટામાં સાઉદી અરેબિયા સામે મેદાનમાં ઉતરેલી સ્પેનિશ ટીમ સંપૂર્ણપણે બદલાયેલી દેખાતી હતી. સાઉદી અરેબિયા સામેની મેચ ૪-૦થી જીત હાંસલ કરી હતી. ■

# ઈજિપ્તનું વર્લ્ડ કપમાં ૯૨ વર્ષ પહેલાં ડેબ્યૂ, છેક હવે મળ્યો પ્રથમ વિજય

વૅનકુવર (કૅનેડા)ઃ ઇઝરાયલ અને પેલેસ્ટાઇનની પાડોશમાં આવેલા તેમ જ આરબ વિશ્વના સૌથી વધુ વસ્તીવાળા ઇજિપ્ત દેશે સોમવારે ફિફા વર્લ્ડ કપમાં પોતાનો નવો ઇતિહાસ રચ્યો હતો. ઈજિપ્તે ૧૯૩૪માં (૯૨ વર્ષ પહેલાં) ફિફા વર્લ્ડ કપમાં ડેબ્યૂ કર્યું હતું, પરંતુ અત્યાર સુધી એની કોઈ પણ ટીમ વર્લ્ડ કપમાં એક પણ મેચ નહોતી જીતી શકી. જોકે સોમવારે ઇજિપ્તે વર્લ્ડ કપમાં પહેલી વખત વિજય માણ્યો હતો.

ઈજિપ્તે ન્યૂ ઝીલેન્ડને ૩-૧થી હરાવીને ગ્રૂપ-જીમાં ચાર પોઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવ્યું હતું. આ ગ્રૂપમાં ઈરાન અને બેલ્જિયમ બે-બે પોઇન્ટ સાથે અનુક્રમે બીજા-ત્રીજા સ્થાને છે ન્યૂ ઝીલેન્ડનો ચોથો ક્રમ છે. મેચની ચોથી જ મિનિટમાં ન્યૂ ઝીલેન્ડના સરમેને ગોલ કરીને ન્યૂ ઝીલેન્ડને ૧-૦થી સરસાઈ અપાવી હતી. ત્યાર બાદ ફર્સ્ટ હાફમાં બીજો એક પણ ગોલ નહોતો થયો. જો કે સેકન્ડ હાફમાં ઇજિપ્તએ જોરદાર કમબેક કરીને ત્રણ ગોલ કર્યા હતા. ૫૮મી મિનિટમાં મોસ્તફા ઝિકોએ સ્કોર બરાબરીમાં લાવતો પ્રથમ ગોલ કર્યો હતો, જ્યારે ૬૭મી મિનિટમાં મોહમ્મદ સાલાહએ ગોલ કરીને ઇજિપ્તને ૨-૧થી સરસાઈ અપાવી હતી. ૮૨મી મિનિટમાં ટ્રિઝેગ્વેટે ગોલ કર્યો હતો અને



ઇજિપ્તના ખેલાડીઓ ૩-૧ના વિજયી સ્કોર સાથે પાછા આવ્યા હતા.

ઇજિપ્તે ૧૯૩૪માં વર્લ્ડ કપમાં ડેબ્યૂ કર્યું ત્યારથી માંડીને અત્યાર સુધીના ૯૨ વર્ષમાં આ દેશના બેથી ત્રણ પેઢીના ખેલાડીઓ રમી ચૂક્યા, પણ તેઓ કેટલીક મેચો ડ્રોમાં લઈ જઈ શક્યા હતા, પરંતુ દેશને વિજય નહોતા અપાવી શક્યા.

ઇજિપ્તના ખેલાડીઓએ જાણે ફાઇનલ જીતી ગયા હોય એવા ઉમંગ અને ઉત્સાહ સાથે આ ઐતિહાસિક વિજય માણ્યો હતો. આખા ઇજિપ્તમાં અને ખાસ કરીને પાટનગર કેરોમાં સેલિબ્રેશન થયું હતું. ■

# વિમ્બલ્ડન સિંગલ્સમાં ૪૪ વર્ષની સેરેના વિલિયમ્સને વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી અપાઈ

લંડન : સેરેના વિલિયમ્સે ત્રણ અઠવાડિયા પહેલા જાહેરાત કરી હતી કે તે ચાર વર્ષ બાદ પ્રોફેશનલ્સ ટેનિસમાં વાપસી કરી રહી છે, પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ દિગ્ગજ ખેલાડી ૪૪ વર્ષની ઉંમરે વિમ્બલ્ડનમાં મહિલા સિંગલ્સમાં પરત ફરશે. છેલ્લાં ત્રણ અઠવાડિયાથી ૨૩ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન વિમ્બલ્ડન સિંગલ્સમાં રમશે કે નહીં તે અંગે અટકળો ચાલી રહી હતી પરંતુ હવે ઓલ ઇંગ્લેન્ડ ક્લબે બધુ સ્પષ્ટ કરી દીધું છે. ઓલ ઇંગ્લેન્ડ ક્લબે ગ્રાસ-કોર્ટ પર યોજાનારી આ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ શરૂ થવાના આઠ દિવસ પહેલા એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે, ''સેરેના વિલિયમ્સ (અમેરિકા) ને મહિલા સિંગલ્સ કેટેગરીમાં અંતિમ વાઇલ્ડ કાર્ડ આપવામાં આવ્યું છે.'' આમ સેરેના વિમ્બલ્ડનમાં સિંગલ્સ અને ડબલ્સ બંને રમશે. તેણીએ તેની મોટી બહેન વિનસ સાથે ડબલ્સમા વાઇલ્ડ કાર્ડ સ્વીકારી લીધું છે. ■

### મહિલા ટી-૨૦ વર્લ્ડકપઃ

# સેમિફાઈનલમાં પહોંચવાના ભારતના શું છે સમીકરણો?

માન્ચેસ્ટર : મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં સતત બે જીત બાદ ભારતને સાઉથ આફ્રિકા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાયેલી ગ્રૂપ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને છ વિકેટથી હરાવ્યું, જેનાથી સેમિફાઇનલ માટેની દોડ વધુ રોમાંચક બની ગઈ છે. આ હાર છતાં ભારતીય ટીમ ગ્રૂપમાં બીજા સ્થાને રહી છે, પરંતુ તેમના માટે આગળનો રસ્તો પહેલા કરતા વધુ પડકારજનક બની ગયો છે.

દક્ષિણ આફ્રિકા સામેની હાર છતાં ભારતનું ભાગ્ય હજુ પણ તેના પોતાના હાથમાં છે. જો ભારતીય ટીમ તેની બાકીની બંને મેચ જીતી લે છે તો તે સેમિફાઇનલમાં પહોંચી શકે છે. જો કે, તે સ્થિતિમાં નેટ રન રેટ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. જો ઓસ્ટ્રેલિયા અથવા દક્ષિણ આફ્રિકા તેમની બાકીની એક મેચ હારી જાય છે તો ભારતનો માર્ગ સરળ બની જશે.

જો ભારત તેની બાકીની બે મેચમાંથી એક હારી જાય તો તેણે આશા રાખવી પડશે કે દક્ષિણ આફ્રિકા પણ તેની બાકીની બે મેચમાંથી ઓછામાં ઓછી એક હારી જાય. આવી સ્થિતિમાં નેટ રન રેટ મહત્ત્વપૂર્ણ રહેશે અને ભારતે દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ કરતા સારો રન રેટ જાળવી રાખવો પડશે.

એક પણ હાર ભારતને મહત્તમ છ પોઈન્ટ સુધી જ પહોંચાડી શકશે. દક્ષિણ આફ્રિકાની આગામી બે મેચ સરળ હોવાથી ભારતે તેમની આગામી બંને મેચ જીતવી પડશે. ભારત ઉપરાંત, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ પાસે પણ આઠ પોઈન્ટ સુધી પહોંચવાની તક છે. ૨૫ જૂને, ભારત અથવા બાંગ્લાદેશ આઠ પોઈન્ટ સુધી પહોંચવાની તક ગુમાવશે.

ભારત પછી ચમત્કારની આશા રાખશે અને દક્ષિણ આફ્રિકા એક મેચ હારી જશે. ભારત નેટ રન રેટમાં દક્ષિણ આફ્રિકાથી ઘણું આગળ છે. જો બંને ટીમો છ પોઈન્ટ પર અટવાઈ જાય છે તો ભારત જીતી શકે છે. જોકે, દક્ષિણ આફ્રિકા પાસે નેધરલેન્ડ્સને મોટા માર્જિનથી હરાવીને પોતાનો રન રેટ સુધારવાની તક હશે.

જો ભારત બંને મેચ હારે અથવા બાંગ્લાદેશ હારે તો સફર સમાપ્ત થઈ શકે છે. જોકે, જો ભારત બાંગ્લાદેશ સામે મેચ હારે તો સેમિફાઇનલમાં પહોંચવાનું તેનું સ્વપ્ન લગભગ સમાપ્ત થઈ જશે. ભારતીય ટીમ માટે સૌથી ખરાબ પરિસ્થિતિ તેની બાકીની બંને મેચ હારી જવાની રહેશે. ■

# નાઇટક્લબમાં મારામારીઃ સ્ટૉક્સ, અને એટકિન્સનને ક્લીન ચિટ

લંડનઃ આ મહિનામાં ન્યૂ ઝીલૅન્ડ સામે થયેલા ટીમના વિજય બાદ બનેલી નાઇટક્લબમાં મારામારીની ઘટનાને મામલે ચાલી રહેલી તપાસ પર દેખરેખ રાખી રહેલી સ્વતંત્ર સમિતિએ ઇંગ્લૅન્ડના ક્રિકેટર બૅન સ્ટૉક્સ અને સાથી ખેલાડી ગસ ઍટકિન્સનને સોમવારે ક્લીન ચિટ આપી હતી. ઇંગ્લૅન્ડ ઍન્ડ વૅલ્સ ક્રિકેટ બૉર્ડ (ઇસીબી) તરફથી લેખિત ચેતવણી મળ્યા બાદ બંનેને ન્યૂ ઝીલૅન્ડ સામેની બીજી ટૅસ્ટમાં ટીમમાંથી પડતા મૂકવામાં આવ્યા હતા. જોકે ગુરુવારથી શરૂ થતી ત્રીજી ટૅસ્ટ માટે બંને ટીમમાં વાપસી કરવા સજ્જ થઈ ગયા છે. સ્વતંત્ર સમિતિએ સોમવારે કહ્યું હતું કે આ બંને ખેલાડી વિરુદ્ધ આ મામલે હવે વધુ કોઇ પગલાં લેવામાં નહીં આવે. *(એજન્સી)* ■

# પ્રેગ્નન્સી બાદ મહિલા ખેલાડીઓ કેવી રીતે કરશે ટીમમાં વાપસી?: આઈસીસીએ જાહેર કરી ગાઈડલાઈન્સ

દુબઈ : ગર્ભાવસ્થા પછી ક્રિકેટમાં પાછા ફરવા અંગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ મહિલા ક્રિકેટરો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. આઈસીસીની આ ગાઈડલાઈન તે ખેલાડીઓને મદદ કરશે જે પ્રેગ્નન્સી બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરવાનું પસંદ કરી રહી છે. આઈસીસીએ ૧૦૦ ટકા ક્રિકેટ અભિયાન શરૂ કર્યું છે જેમાં મહિલા સ્વાસ્થ્યને લઈને અનેક પહેલનો સમાવેશ થાય છે. જેનું લક્ષ્ય ખેલાડીઓ અને સ્ટાફને આ મુદ્દા પર શિક્ષિત કરવાનું છે. આઈસીસીએ ૧૬ સપ્તાહના વિન્ડોમાં બાળક થયા પછી શરૂઆતમાં રિકવરી, અભ્યાસ અને અનુકૂળ સામેલ હશે. મહિલા ક્રિકેટરો માટે ''રિટર્ન ટૂ પ્લે પોસ્ટ પ્રેગ્નન્સી ગાઈડલાઈન્સ'' માં છ-આર ફ્રેમવર્ક બનાવવામાં આવ્યું છે જેમાં રેડી (તૈયાર), રિવ્યૂ (સમીક્ષા), રિસ્ટોર (પુનઃસ્થાપિત કરો), રિકંડીશન (ફરીથી સંગઠિત થવું), રિટર્ન (વાપસી) અને રિફાઈન સામેલ છે

આઈસીસીએ એક નિવેદનમાં કહ્યું કે આમાં જન્મ પછી શરૂઆતમાં રિકવરી, તબીબી અને સુખાકારી સમીક્ષાઓ, આયોજિત પ્રેક્ટિસમાં ધીમે ધીમે પાછા ફરવું, ક્રિકેટ-સંબંધિત અનુકૂલન, રમતમાં પાછા ફરવું અને સતત મોનિટરિંગ સામેલ છે. તેમાં ખેલાડીઓને સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફર્યા પછી ''કેસ મેનેજર'', ડોક્ટર અથવા ફિઝિયોથેરાપિસ્ટ રાખવાનું પણ કહેવામાં આવ્યું છે. પ્રારંભિક સમીક્ષામાં માતા તરીકે જીવનમાં આવતા ફેરફારોને સમાયોજિત કરવા માટે મનોવૈજ્ઞાનિક સહાયનો સમાવેશ થાય છે. આ પછી સ્ટેમિના સુધારવા માટે કસરતો કરવામાં આવશે. ■

# યશસ્વી કેમ ઇંગ્લેન્ડ ટૂર માટેની વન-ડે ટીમમાં નથી?

મુંબઈઃ ૨૪ વર્ષનો યુવાન ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ તાજેતરમાં જ કરીઅરની પહેલી છ વન-ડેમાં બે સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો અને તે સારા ફોર્મમાં પણ છે એમ છતાં ઇંગ્લેન્ડ જનારી વન-ડે ટીમમાં તેને નથી સમાવવામાં આવ્યો એ મુદ્દો ભારતીય ક્રિકેટમાં હાલ ચર્ચામાં છે. યશસ્વીએ તાજેતરમાં અફઘાનિસ્તાન સામેની ત્રીજી વન-ડેમાં અણનમ સેન્ચુરી (૧૧૦ રન) ફટકારી હતી અને એ સાથે ભારતે ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી. ઇંગ્લેન્ડ માટેની વન-ડે ટીમમાં હાર્દિક પંડ્યા નથી, પરંતુ વિરાટ કોહલીનો સમાવેશ થયો છે. જોકે વિરાટ ટૂર પર જતાં પહેલાં બીસીસીઆઈના બેંગ્લોર ખાતેના સેન્ટરમાં ફિટનેસ ટેસ્ટ કરાવશે.

યશસ્વીને ક્યા કારણે અવગણવામાં આવ્યો હોઈ શકે?

(૧) સિલેક્ટરો સુસ્થાપિત ઓપનિંગ જોડી (રોહિત શર્મા અને શુભમન ગિલ)ને જ જાળવી રાખવા માગતા હશે.

(૨) વિરાટ કોહલીએ વન-ડે ટીમમાં કમબેક કર્યું હોવાથી વધુ બેટ્સમેનો માટે હવે ટોપ-ઓર્ડરમાં જગ્યા ખાલી નથી.

(૩) ભારતના ઓપનિંગથી માંડીને મિડલ ઓર્ડર સુધીમાં દરેક સ્થાન માટે જોરદાર હરીફાઈ છે. કેએલ રાહુલ, શ્રેયસ ઐયર અને ઈશાન કિશન પણ આ ટીમમાં છે.

(૪) સિલેક્ટરો અને બીસીસીઆઈ ૨૦૧૭ના વન-ડે વર્લ્ડ કપ માટે અત્યારથી મજબૂત ટીમ બનાવી રહ્યા છે અને એમાં સ્થાન મેળવવા માટે ઋતુરાજ ગાયકવાડ તથા સાઈ સુદર્શન પણ દાવેદાર છે.

(૫) યશસ્વીનો રોલ ઓપનિંગ પૂરતો મર્યાદિત છે. તે મિડલ ઑર્ડર માટે ફિટ નથી. ઓપનિંગમાં યશસ્વી માટે હાલ પૂરતી જગ્યા નથી એટલે સિલેક્ટરોને લાગ્યું હશે કે ઇંગ્લેન્ડના પ્રવાસે વધારાનો ઓપનિંગ બેટ્સમેન મોકલવાનો કોઈ અર્થ નથી.

(૬) યશસ્વીને હમણાં વન-ડે ટીમમાં સ્થાન ભલે નથી મળ્યું, પરંતુ રોહિત અથવા બીજો કોઈ બેટ્સમેન અનફિટ હશે તો યશસ્વીનો ચાન્સ લાગી શકે.

ઇંગ્લેન્ડ ટૂર માટેની ભારતીય ટીમઃ

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી (ફિટનેસ ટેસ્ટના રિઝલ્ટને આધીન), શ્રેયસ ઐય (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને ગુરનુર બ્રાર. ■

# આજે એફઆઈએચ પ્રો લીગમાં ટકરાશે ભારત અને પાકિસ્તાનની હોકી ટીમ

## ચાર જ દિવસમાં બંને પડોશી ટીમ વચ્ચે બે હાઇ વોલ્ટેજ હોકી મુકાબલા

લંડનઃ ઓલિમ્પિક્સ ચેમ્પિયન નેધરલેન્ડ્સ પર રોમાંચક જીતથી ઉત્સાહિત ભારતીય પુરુષ હોકી ટીમ મંગળવારે એફઆઈએચ પ્રો લીગના લંડન તબક્કાની શરૂઆતની મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે તે જ લય જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

ભારત અને પાકિસ્તાન ૨૦૨૪માં ચીનના હુલુનબુઇરમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી પછી પહેલી વાર એકબીજાનો સામનો કરશે. કેપ્ટન હરમનપ્રીત સિંહના બે ગોલથી ભારતે તે મેચમાં ૨-૧થી વિજય મેળવ્યો હતો. ભારતે રોટરડેમમાં તેની ચાર મેચમાંથી બે મેચ જીતી છે. રવિવારે રોટરડેમ લેગની અંતિમ મેચમાં તેઓએ યજમાન અને વિશ્વ નંબર ૨ નેધરલેન્ડ્સને ૩-૨થી હરાવ્યું હતું. ભારતે બીજો વિજય (૩-૧) વર્તમાન વિશ્વ ચેમ્પિયન અને વિશ્વ નંબર પાંચ જર્મની સામે મેળવ્યો હતો. અન્ય બે મેચમાં ભારત નેધરલેન્ડ્સ સામે ૨-૩ અને જર્મની સામે ૧-૨થી હારી ગયું હતું.

એફઆઇએચ પ્રો લીગમાં ભારતીય હોકી ટીમની પાકિસ્તાન સામે ટક્કર થશે. ટીમ ઈન્ડિયા આ સપ્તાહે ચાર દિવસની અંદર બે વખત પાકિસ્તાન સામે ટકરાશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની પ્રથમ મેચ ૨૩ જૂને રમાશે. આ મુકાબલો ભારતીય સમય અનુસાર સાંજે ૬:૩૦ વાગ્યે શરૂ થશે. લંડનના લી વેલી હોકી એન્ડ ટેનિસ સેન્ટર ખાતે બંને ટીમો વચ્ચે ટક્કર થશે. બંને ટીમો વચ્ચે બીજી મેચ ૨૬ જૂને આ જ સ્થળ પર રમાશે. આ મુકાબલાની શરૂઆત ભારતીય સમય અનુસાર રાત્રે ૧૦ કલાકે થશે.

નેધરલેન્ડ્સ ચરણનો અનુભવ ભારતીય ટીમ માટે અમૂલ્ય રહ્યો છે. ટીમ આ ટુર્નામેન્ટનો ઉપયોગ આ વર્ષે બે મુખ્ય સ્પર્ધાઓ એફઆઈએચ વર્લ્ડ કપ અને એશિયન ગેમ્સ (જે ઓલિમ્પિક ક્વોલિફાયર પણ છે) પહેલા તેની ખામીઓને સુધારવા માટે કરી રહી છે. ભારત હાલમાં નવ ટીમોના પ્રો લીગ સ્ટેન્ડિંગમાં આઠમા ક્રમે છે. ■

# ક્રૂડ તેલમાં ભાવઘટાડો, વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે અને ઘટ્યા મથાળેથી આઈટી શૅરોમાં લેવાલી નીકળતાં સેન્સેક્સમાં ૨૯૧ પૉઈન્ટનું રિબાઉન્ડ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ મંત્રણામાં પ્રગતિ થઈ રહી હોવાના અહેવાલ સાથે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૯.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના નિર્દેશો સાથે ઈક્વિટી માર્કેટમાં પણ સુધારો જોવા મળ્યાના પ્રોત્સાહક નિર્દેશો ઉપરાંત ગત શુક્રવારે આઈટી શૅરોમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે નીચા મથાળેથી લેવાલી નીકળતા બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૯૧.૧૭ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૮૯.૮૦ પૉઈન્ટનું રિબાઉન્ડ જોવા મળ્યું હતું. વધુમાં આજે સેન્સેક્સ હેવી વેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બૅન્કમાં સુધારાતરફી વલણ રહેતાં એકંદરે બજારને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૬,૮૦૨.૯૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૭,૧૬૦.૬૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૦૦૮.૦૨ અને ઉપરમાં ૭૭,૩૨૫.૫૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૩૮ ટકા અથવા તો ૨૯૧.૧૭ પૉઈન્ટ વધીને ૭૭,૦૯૪.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૦૧૩.૧૦ના બંધ સામે વધીને ૨૪,૧૦૬.૬૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૦૭૩.૧૫ અને ઉપરમાં ૨૪,૧૬૮.૦૫ની રેન્જમાં રહીને અંતે ૦.૩૭ ટકા અથવા તો ૮૯.૮૦ પૉઈન્ટ વધીને ૨૪,૧૦૨.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦,૦૮૨.૦૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૭૧૭.૯૯ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૬૩૫.૯૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૭,૩૯૧.૭૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૬,૩૫૬.૦૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૦૩૫.૭૨ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. આજે સ્વિટ્ઝર્લેન્ડ ખાતે અમેરિકા અને ઈરાક બન્ને દેશનાં ઉચ્ચ સ્તરિય અધિકારીઓની વચ્ચે શાંતિ વાટાઘાટોનો પહેલો રાઉન્ડ સારી રીતે સમાપન થયો હતો અને ગત એપ્રિલ મહિનામાં નિર્ધારિત કરેલા ૬૦ દિવસના યુદ્ધ વિરામના સમયગાળામાં વિવાદનો ઉકેલ લાવવા બન્ને દેશો સહમત થયા હોવાનું મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાન અને કતારે પ્રસાર માધ્યમોમાં જણાવ્યું હતું. આમ વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થવાના આશાવાદ સાથે આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક બજારના સુધારાને પણ ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ મેનેજમેન્ટ કંપની એનરીચ મીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર પોન્મુડી આર એ જણાવતાં ઉમેર્યું હતું કે આજે માત્ર હૉંગકૉંગના હૅંગસૅંગમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતુ અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનો અન્ડરટોન રહ્યાના અહેવાલ હતા.

એકંદરે આજે બજારમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટાના પ્રોત્સાહક અહેવાલ છતાં રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી સકારાત્મક અન્ડરટોન સાથે બજાર સાંકડી રેન્જમાં અથડાતું રહ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૭ શૅરના ભાવ વધીને અને ૨૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને અને ૧૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. ■

## જિઓનાં આઈપીઓના ડ્રાફ્ટ પેપર ફાઈલ થતાં રિલાયન્સમાં ત્રણ ટકા ઉછળીને પાછો ફર્યો

નવી દિલ્હીઃ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.નાં ડિજિટલ એકમ જિઓ પ્લેટફોર્મ ભારતનાં સૌથી મોટા એવા ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ)નાં ડ્રાફ્ટ પેપર ફાઈલ કરવામાં આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સત્રના આરંભે રિલાયન્સના શૅરના ભાવમાં અંદાજે ત્રણ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આજે બીએસઈ ખાતે રિલાયન્સના શૅરના ભાવ આગલા બંધ સામે ૨.૭૫ ટકા વધીને શૅરદીઠ રૂ. ૧૩૪૫.૪૫ થયા બાદ અંતે ૧.૩૧ ટકા વધીને રૂ. ૧૩૨૬.૫૫ની સપાટીએ બંધ રહ્યા હતા, જ્યારે એનએસઈ ખાતે ભાવ ૨.૭૦ ટકા વધીને રૂ. ૧૩૪૪.૯૦ થયા બાદ અંતે ૧.૩૦ ટકા વધીને રૂ. ૧૩૨૬.૫૦ના મથાળે બંધ રહ્યા હતા. વધુમાં ગત શુક્રવારે કંપનીની શૅર ધારકોની ૪૯મી વાર્ષિક સામાન્ય સભામાં મુકેશ અંબાણીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેટેલાઈટ બ્રોડબેન્ડ, ક્લિન એનર્જી અને કન્ઝ્યુમર બિઝનૅસ ક્ષેત્રે કંપનીના આગામી તબક્કાની વૃદ્ધિ અંગે નિર્દેશ આપ્યો હોવાને કારણે પણ તેજીને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેણે ગત શુક્રવારે બજાર નિયામક સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ૨૭ કરોડ શૅરના નવાં જાહેર ભરણાં માટે ડ્રાફ્ટ પેપર ફાઈલ કર્યું છે.

આ બાબતથી વાકેફ એવાં સૂત્રોના જણાવ્યાનુસાર આ ઑફરિંગ થકી કંપનીના મૂલ્યાંકનમાં રૂ. ૩૭,૭૦૦ કરોડ (ચાર અબજ ડૉલર) જેટલો વધારો થશે. ■

## રૂપિયો 30 પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને મધ્ય પૂર્વનાં શાંતિકરારની અસ્પષ્ટતાઓને ધ્યાનમાં લેતા અમુક અંશે ટ્રેડરોએ અપનાવેલા સાવચેતીના અભિગમને કારણે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે ૩૦ પૈસાના ઘટાડા સાથે ૯૪.૬૩ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે ડેબ્ટ અને ડિપોઝિટ્સમાં જોવા મળેલા સ્થિર આંતરપ્રવાહને કારણે પણ રૂપિયાના ઘટાડાને ટેકો આપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૪.૩૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૪૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૭૬ અને ઉપરમાં ૯૪.૨૪ની રેન્જમાં અથડાઈને અંતે ૩૦ પૈસાના ઘટાડા સાથે ૯૪.૬૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં સાધારણ સાત પૈસાનો સુધારો આવ્યો હતો. દરમિયાન વૈશ્વિક મોરચે જોઈએ તો સ્વિટ્ઝર્લેન્ડમાં ઉચ્ચ સ્તરની ઈરાન યુદ્ધની વાટાઘાટો શેષ અઠવાડિયા માટે આયોજિત નીચલા સ્તરની વાટાઘાટો સાથે સમાપ્ત થઈ હતી કેમ કે ઈરાન અને અમેરિકા લેબેનોનના યુદ્ધના ઉકેલ માટે 'ડી-કોન્ફિલક્શન સેલ' (વિવાદ શમન જૂથ) રચવા સહમત થયા હતા. આ વાટાઘાટો ઈરાન સાથેના યુદ્ધનો કાયમી અથવા લાંબા સમયગાળાનો અંત લાવવા માટે ૬૦ દિવસની રાજદ્વારી પ્રક્રિયાનો આરંભનો સંકેત આપે છે. વધુમાં ઈરાને આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓએ ગત સપ્તાહના અંતે હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ કર્યો છે, જ્યારે અમેરિકાએ શિપમેન્ટની અવરજવર અથવા ટ્રાફિક ચાલુ હોવાનું જણાવ્યું હતું. ■

## મધ્ય રેલવેએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ની ઉજવણી 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ'ની થીમ સાથે કરી



મુંબઈઃ મધ્ય રેલવેએ ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. માનનીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા સભાને સંબોધિત કરી હતી. શ્રી રાજીવ શ્રીવાસ્તવ, જનરલ મેનેજર-CR, શ્રી પ્રતિક ગોસ્વામી એડી. જનરલ મેનેજર-CR, CRના મુખ્ય વિભાગોના વડાઓ અને CR હેડક્વાર્ટર્સના અને મુંબઈ ડિવિ.ના વરિષ્ઠ અધિકારીઓ માનનીય પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી ભાષણને સાંભળવા અને ભારત સરકારના આયુષ મંત્રાલયની દ્વારા સૂચવવામાં આવેલા 'કોમન યોગ પ્રોટોકોલ' અનુસાર કાયાકલ્પ યોગ સત્રમાં ભાગ લેવા નિર્મલ પાર્ક ઓફિસર્સ ક્લબ, ભાયખલા મુંબઈ ખાતે એકઠા થયા હતા. ■

## અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ મંત્રણામાં પ્રગતિના નિર્દેશે વૈશ્વિક સોના-ચાંદીમાં બાઉન્સબૅક

### સ્થાનિકમાં ચાંદી ₹ ૫૮૨૮ ચમકી, સોનું ₹ ૨૩૪૦ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ અંગેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાના નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં પણ ઘટાડાતરફી વલણ રહેતાં લંડન ખાતે સોના અને ચાંદીની ત્રણ સત્રની મંદીને બ્રેક લાગી હતી અને ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૩૦થી ૨૩૪૦નો સુધારો અને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૫૮૨૮નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૮૨૮ની તેજી સાથે રૂ. ૨,૩૭,૭૦૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૩૦ વધીને રૂ. ૧,૪૬,૭૨૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૪૦ વધીને રૂ. ૧,૪૭,૩૧૦ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા ઉછળીને ઔંસદીઠ ૪૨૦૮.૫૮ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૨૨૬.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૩ ટકા વધીને ઔંસદીઠ ૬૬.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલમાં તેજી પશ્ચાત્ નીકળેલી વેચવાલીને કારણે જોવા મળેલો રોકડ પ્રવાહ સોના તરફ ફંટાયો હોવાથી ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાનું અગ્રણી વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિના સંકેત આપ્યા હોવાથી હજુ સોનામાં ટર્ન એરાઉન્ડ અથવા તો વલણ બદલાયું છે તેવું કહેવું વહેલાસરનું ગણાશે. ■

## દેશ વિદેશ

## કૉલેજિયમ સંબંધી વીંછીનો દાબડો અમે ખોલવા નથી માગતાઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ દેશની વડી અદાલતે સોમવારે હિમાચલ પ્રદેશના એક ન્યાયિક અધિકારીની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કરતા જણાવ્યું કે અમે કોલેજિયમની કાર્યવાહી સાથે સંબંધે વીંછીનો દાબડો ખોલવા નથી માગતા. અરજદારે સુપ્રીમ કોર્ટના શરણે જઇને આરોપ લગાવ્યો હતો કે હિમાચલ પ્રદેશ હાઇ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે તેમનાથી જુનિયર અધિકારીઓના નામની ભલામણ કરવામાં આવી હતી. ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠે જણાવ્યું કે આ એવી બાબતો છે જેમાં આખરે હાઇકોર્ટ કોલેજિયમનો પોતાનો સંતોષ જ મહત્વ ધરાવતો હોય છે.

ખંડપીઠે જણાવ્યું કે શું ન્યાયિક પક્ષે સુપ્રીમ કોર્ટ કોલેજિયમને કહી શકે કે તમે આ કરો કે તેમ કરો અને કોઇ નામ પર વિચાર કરો? એવું થઇ શકે નહીં. અરજદાર વત્તી હાજર રહેલા વરિષ્ઠ વકીલ બલબીર સિંહે જણાવ્યું કે અરજદાર રાજ્યના સૌથી વરિષ્ઠ ન્યાયિક અધિકારી છે અને તેમની સેવાના હજુ લગભગ ૧૦ વર્ષ બાકી છે. ■

## 'નીટ-યુજી'નું પેપર ફૂટ્યું હોવાનો દાવો તદ્દન ખોટો છેઃ એનટીએ

નવી દિલ્હીઃ રવિવારે ફરીથી નીટ-યુજીની પરીક્ષા યોજાઈ હતી. જેમાં વીસ લાખથી વધારે વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. આ દરમિયાન સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં નીટ-યુજીનું પેપર લીક થયું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

સોશ્યલ મીડિયા યુઝરે એક વીડિયો શેર કર્યો હતો. જેમાં લખ્યું કે, ઇન્ટરનેટ પર મળેલા આ વીડિયો અંગે સાચી માહિતી આપો. તેની તપાસ કરો અને જાણકારી આપો. એનટીએએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એક નિવેદનમાં જણાવ્યું છે કે પરીક્ષા વ્યાપક સુરક્ષા અને દેખરેખ વ્યવસ્થા વચ્ચે સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, એનટીએનું ધ્યાન સોશ્યલ મીડિયા પર નીટ-યુજી, ૨૦૨૬ વિશે ફેલાવવામાં આવી રહેલા એક મનઘડંત વીડિયો તરફ દોરવામાં આવ્યું છે. વીડિયોમાં કરવામાં આવેલો દાવો તદ્દન ખોટો છે. એજન્સીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને છેતરવા અથવા તેમનામાં ડર પેદા કરવા માટે આ પ્રકારની ભ્રામક માહિતી તૈયાર કરવી અને તેને જાણીજોઈને ફેલાવવી એ એક ગંભીર ગુનો છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**૧૨મી પહોળા FOB કામોના સંબંધમાં એસ્કેલેટર્સની જોગવાઈ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ ૨૦૨૬-૨૦૨૭/૧૪ (ઈએલ)**
**તારીખ : ૧૯.૦૬.૨૦૨૬**

**(i) કામનું નામઃ** રાજકોટ ડિવિઝનઃ રાજકોટ ડિવિઝન પર ૧૨મી પહોળા FOB કામોના સંબંધમાં ૧૦ વર્ષની સર્વગ્રાહી જાળવણી સહિત એસ્કેલેટર્સની જોગવાઈ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૮,૨૦,૦૬,૬૨૭.૮૬/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૧૬,૪૦,૧૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.** ૧૩-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-058

અમને ફોલો કરો: x.com/WesternRly


## રુદ્રપ્રયાગમાં ગુરુદ્વારામાં સશસ્ત્ર નિહંગોના વિરોધને પગલે લશ્કરને તહેનાત કરાયું

રુદ્રપ્રયાગઃ રુદ્રપ્રયાગ જિલ્લાના નાગરાસુ શહેરમાં સેનાના જવાનો તહેનાત કરાયા છે, જ્યાં વહીવટીતંત્ર અને નિહંગોના એક જૂથ વચ્ચે તેમના ચાર ધરપકડ કરાયેલ સભ્યની મુક્તિની માગણી સાથે વિરોધ ચાલી રહ્યો છે, અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

ભાલા અને તલવારો સાથે સજ્જ, આશરે છ નિહંગ શનિવારે સાંજે ૪ વાગ્યાની આસપાસ ગુરુદ્વારાની છત પર ચઢી ગયા હતા અને ૪૦ કલાક પછી પણ ત્યાં જ છે.

ગુરુદ્વારા રુદ્રપ્રયાગ અને ગૌચરની વચ્ચે નાગરાસુમાં સ્થિત છે, અને હેમકુંડ સાહિબ જનારા શીખ યાત્રાળુઓ તેનો ઉપયોગ કરે છે.

તેઓ ૧૬ જૂનના રોજ ચમોલી જિલ્લાના કર્ણપ્રયાગમાં થયેલી અથડામણના સંબંધમાં ધરપકડ કરાયેલા ચાર નિહંગને મુક્ત કરવાની માંગ કરી રહ્યા છે.

તે અથડામણ દરમિયાન, નિહંગોએ કથિત રીતે કેટલાક સ્થાનિકોને તલવારોથી ઘાયલ કર્યા હતા, જેના કારણે તેમાંથી ચારની ધરપકડ કરવામાં આવી હતી.

સોમવારે સૂત્રોએ જણાવ્યું હતું કે પોલીસ અને ઇન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસના જવાનો સ્થળ પર તહેનાત છે અને નિહંગોને નીચે આવવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે ગુરુદ્વારામાં નિહાંગો ભાલા, તલવારો, કુહાડીઓ અને કિરપાણ જેવા શસ્ત્રોથી સજ્જ છે.

આ પહેલા, રુદ્રપ્રયાગના પોલીસ અધિક્ષક નિહારિકા તોમરે રવિવારે જણાવ્યું હતું કે પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર અને ગુરુદ્વારા વ્યવસ્થાપન સમિતિ નિહાંગો સાથે સતત સંપર્કમાં છે અને ટૂંક સમયમાં ઉકેલની આશા રાખે છે. ■

## સ્ટૅન્ડ-અપ કૉમેડિયન પ્રણિત મોરે રાષ્ટ્રીય મહિલા પંચ સામે હાજર

નવી દિલ્હીઃ સ્ટૅન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરે અને વેબ ડેવલપર હિમાંશુ જાંગરા સોમવારે રાષ્ટ્રીય મહિલા આયોગ(એનસીડબ્લ્યુ)ના કાર્યાલયે પહોંચ્યા હતા. બંને મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડતી તેમની કથિત ટિપ્પણીઓના કેસની સુનાવણી માટે અહીં આવ્યા હતા.

મહિલા આયોગે આ મામલે મોરે અને જાંગરાને તેમની સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવ્યું હતું. પંચે એક અલગ કેસમાં કોમેડિયન મધુર વિરલીને પણ બોલાવ્યા હતા. તેમણે પણ એક સ્ટૅન્ડ-અપ શો દરમિયાન મહિલાઓ વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી.

મહિલા પંચે અગાઉ એક નિવેદનમાં કહ્યું હતું કે એનસીડબ્લ્યુએ હરિયાણાના ગુરુગ્રામમાં એક સ્ટૅન્ડ-અપ કોમેડી શો દરમિયાન બનેલી ઘટનાના મીડિયા કવરેજ અને વાયરલ થયેલા વીડિયો ફૂટેજની સ્વતઃ નોંધ લીધી છે.

આ શોમાં એક મહિલા સાથે જાતીય બળજબરી અને સહમતિ વિના કરવામાં આવેલ વર્તનને કથિત રીતે વાજબી ઠેરવતી ટિપ્પણીઓ જાહેરમાં કરવામાં આવી હતી અને તેના માટે તાળીઓ પણ પાડવામાં આવી હતી. આ ઘટનાની નિંદા કરતા મહિલા આયોગે ફરી કહ્યું કે સંમતિ મુદ્દે કોઇ વાટાઘાટો થઇ શકે નહીં. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ACD/૨૫૩/A.E (SWM) D/ તારીખ ૨૨/૦૬/૨૦૨૬

EOI /ક્વોટેશન નોટિસ

જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાનાચોક, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે આવેલ આસીસ્ટન્ટ કમિશનર D-વોર્ડ "D-વોર્ડમાં BMC એસ્ટેટ પ્રોપર્ટીની સફાઈ માટે SMPA સ્કીમ ધોરણે NGO કામદારો જોગવાઈ" માટે સીલબંધ EOI/ ક્વોટેશન મંગાવે છે. કોરા ક્વોટેશન ફોર્મ રૂ. ૧૮૮૮/- (રૂ. ૧૬૦૦+૧૮%GST) ચૂકવણી પર ૨૩.૦૬.૨૦૨૬થી ૨૯.૦૬.૨૦૨૬ સુધી સ. ૧૧.૦૦થી સાં. ૪.૦૦ ક. સુધી કોઈપણ કાર્યકારી દિવસે આસી. એન્જિનિયર (SWM) D-વોર્ડ પર ઉપલબ્ધ રહેશે.

વેકસ સીલબંધ EOI/ ક્વોટેશન પાકતી તારીખ એટલે કે ૨૯.૦૬.૨૦૨૬ના બ. ૧.૦૦ ક. સુધી આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) D-વોર્ડની ઓફિસે પહોંચવું જોઈએ અને તેજ દિવસે બ. ૩.૦૦ ક. ખોલવામાં આવશે. D-વોર્ડમાં સફાઈ સંબંધિત કામનો અનુભવ ધરાવતા NGO ને પ્રાધાન્ય આપવું જોઈએ.

EOI / ક્વોટેશન દસ્તાવેજો પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) D-વોર્ડ

PRO/639/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## ઍક્ટર પંકજ ત્રિપાઠીના ભાઇ પર બિહારમાં કુહાડીથી હુમલો

પટનાઃ બિહારના ગોપાલગંજ જિલ્લામાં અભિનેતા પંકજ ત્રિપાઠીના પૈતૃક ગામમાં જમીન વિવાદ દરમિયાન તેમના ભાઈ પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના રવિવારે મોડી સાંજે માધોપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બેલસંદ ગામમાં બની હતી. એડીજી (કાયદો-વ્યવસ્થા) સુધાંશુ કુમારે જણાવ્યું કે બિજેન્દ્ર નાથ તિવારી પર તેમના ગામમાં જમીન વિવાદને પગલે કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. એડીજીએ કહ્યું કે આ કેસના મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ હુમલામાં ઉપયોગમાં લેવામાં આવેલ હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે રવિવારે રાત્રે તિવારીને ગોપાલગંજની એક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને પટનાના એક મેડિકલ સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ■

## હવે ડ્રોન મારફતે સીમાપારથી હથિયાર, દારૂગોળો અને ડ્રગ્સ મોકલવામાં આવે છે

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાન ડ્રોન મારફતે હથિયાર, ગોળા, દારૂગોળો અને માદક દ્રવ્યો મોકલાવે છે અને આ હિલચાલ સુરક્ષા એજન્સી માટે મોટો પડકાર બની ગઈ છે. છેલ્લા થોડા વર્ષોથી સીમાપારની ઘૂસણખોરીની જગ્યા ડ્રોને લીધી છે હવે આતંકવાદી સંગઠન તેના મદદનીશ નેટવર્ક સુધી હથિયાર પહોંચાડવા નાના કમર્શિયલ ડ્રોનનો ઉપયોગ કરે છે. ડ્રોનનો ખતરો એટલો વધી ગયો છે રાષ્ટ્રીય તપાસ એજન્સી એનઆઈએ પણ એ તપાસ કરી રહી છે કે પહલગામ નરસંહાર માટેના હથિયાર ડ્રોન મારફતે અપાયા હતા.

હાલમાં સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સીમા નજીક સુરક્ષા દળોએ હથિયારોનો મોટો જથ્થો મળ્યો હતો. આનાથી સુરક્ષા એજન્સી ડઘાઈ ગઈ હતી. આ જપ્તી ગણતંત્ર દિવસ પહેલાં કરાઈ હતી. આનાથી સુરક્ષા એજન્સીની ચિંતા વધી ગઈ.

સુરક્ષા એજન્સીના જણાવ્યા પ્રમાણે ડ્રોનથી એકે-૪૭ રાઈફલ, પિસ્તોલ, મેગેઝીન અને રોકડા નાણાં મળ્યા હતા.

આંકડા બતાડે છે કે ખતરો કેટલો ગંભીર થઈ ગયો છે. બીએસએફના જણાવ્યા પ્રમાણે ૨૦૨૫માં ફક્ત પંજાબ ફ્રંટ્રીયરમાં ૨૭૨ પાકિસ્તાની ડ્રોન પકડયા હતા. આ ડ્રોનના માધ્યમથી ૨૦૦ હથિયાર, ૩,૬૨૫ રાઉન્ડ ગોળી, ૧૨ હેન્ડગ્રેનેડ અને ૧૦.૨ કિલો આરડીએક્સ કે આઈડીડી સામગ્રી મોકલવાની કોશીશ થઈ હતી. અધિકારીઓનું કહેવું છે કે આ નેટવર્ક જમ્મુ અને કાશ્મીર અને પંજાબમાં સક્રિય આતંકી અને નાર્કો ટેરર મોડ્યુલોનું સમર્થન કરે છે.

જમ્મુ ક્ષેત્રના આરએસ પુરા , સાંબા, કઠુઆ અને અખતુર બેલ્ટ પર ડ્રોનની પ્રવૃત્તિના ગણાં કેસ બન્યા છે. ઓક્ટોબર ૨૦૨૫માં પૂરા સેક્ટરમાં બીએસએફએ શંકાસ્પદ ડ્રોનને તોડી પાડી ૫.૩ કિલો હેરોઈન પકડયું છે. જેની આંતરરાષ્ટ્રિય કિમત ૨૫ કરોડ રૂપિયા બતાડવામાં આવે છે. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

DY. HE (M & E) / M III-A / ૧૩૧૮ / P. P. તા. ૧૯/૦૬/૨૦૨૬

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી "ટકાવારી રેટ ધોરણે" ઉપર દર્શાવેલ નીચેના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સેક્શન | Dy.H.E (M&E) M-IIIA (પાંજરાપુર) |
| મહાટેન્ડર બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૩૦૯૬૯૨_૧ |
| કામનું નામ | M-IIIA પાંજરાપુરનો ૨ જો માળ વહીવટી ઓફિસ બિલ્ડિંગ ખાતે પુરુષો અને મહિલાઓ ટોઈલેટમાં સમારકામ |
| વેબસાઈટ | http://mahatender.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) ની મુલાકાત લો.

સહી/-
E. E. (સિવિલ)M-IIIA (PP)

PRO/628/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## બળવાખોર સાંસદો શિંદેસેનામાં જોડાયા

# શિવસેનામાં છ વાઘ આવ્યા છેઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છ નવા સાંસદો શિવસેના પરિવારમાં જોડાયા છે અને તેમને યોગ્ય સન્માન આપવામાં આવશે અને તેમની ક્યારેય ઉપેક્ષા ન થાય તેની કાળજી લેવામાં આવશે, એવો વિશ્વાસ એકનાથ શિંદેએ વ્યક્ત કર્યો હતો અને તેમણે એમ પણ કહ્યું કે આ સાંસદોનો વિશ્વાસ ક્યારેય તૂટશે નહીં.

આ પ્રસંગે એકનાથ શિંદેએ આ સાંસદોને વચન આપ્યું હતું કે તેમને ક્યાંય પણ કોઈ અવરોધ નહીં આવે, પછી ભલે તે કેન્દ્ર સાથે સંબંધિત મુદ્દાઓ હોય કે રાજ્ય સાથે સંબંધિત મુદ્દાઓ.

તેમણે એમ પણ કહ્યું કે આ બધી તાકાત એક સાથે આવ્યા પછી, આપણી શિવસેના વધુ મજબૂત બનશે. એકનાથ શિંદેએ કહ્યું કે ઓપરેશન ટાઈગર હવે સંપૂર્ણ સફળ બની ગયું છે. અમે

(જુઓ પાનું ૪) ▸▸

## બળવાખોર સંસદસભ્ય છ નહીં સાત છેઃ રામદાસ કદમ

મુંબઈઃ શિવસેના ઠાકરે જૂથના છ સંસદ સભ્યોએ બળવો કર્યો છે. રવિવાર સુધી શિવસેના ઠાકરે જૂથના સાંસદ ઓમરાજે નિમ્બાળકરની ભૂમિકા અસ્પષ્ટ હતી. જોકે, રવિવારે તેમણે શિંદે જૂથમાં જોડાવાની જાહેરાત કરતા બળવાખોરોને રાહત થઈ છે. આ તમામ બળવાખોર સંસદ સભ્યો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાને પહોંચી ગયા છે. એકનાથ શિંદે સાથે મુલાકાત બાદ તેમના પ્રવેશની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે. શિવસેના ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરે

(જુઓ પાનું ૪) ▸▸

## હવે વિધાનસભ્યોનો વારો?

# ઉદ્ધવની બેઠકમાં ચાર વિધાનસભ્ય ગેરહાજર

મુંબઇ : મહારાષ્ટ્રના રાજકારણમાં મોટી ઉથલપાથલ ચાલી રહી છે. શિવસેના (ઠાકરે જૂથ) ને મોટો ફટકો પડ્યો છે, તેના છ સાંસદોએ જૂથ સામે બળવો કર્યો છે. આ બધા સાંસદો એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા છે.

આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભ્યોની બેઠક બોલાવી હતી. જોકે આ બેઠકમાં ચાર વિધાનસભ્યોની ગેરહાજરીથી રાજકીય વર્તુળોમાં જોરદાર અટકળો શરૂ થઈ ગઈ છે. ઉદ્ધવ ઠાકરેએ અગાઉ સાંસદોની બેઠક બોલાવી હતી, જેમાં શિવસેના (ઠાકરે જૂથ)ના નવ સાંસદોમાંથી ફક્ત ચાર જ હાજર રહ્યા હતા. તેના થોડા સમય પછી રાજ્યમાં 'ઓપરેશન ટાઇગર' જોવા મળ્યું હતું.

દરમિયાન, શિવસેના (ઠાકરે જૂથ)ના વડા ઉદ્ધવ ઠાકરેએ સોમવારે તેમના તમામ વિધાનસભ્યોની બેઠક બોલાવી છે. જોકે અહેવાલ મુજબ ચાર વિધાનસભ્યો ગેરહાજર રહ્યા હતા. જેના કારણે ચર્ચા શરૂ થઈ છે કે શું સાંસદસભ્યો બાદ હવે વિધાનસભ્યો પક્ષપલટો કરશે? ગેરહાજર રહેનારા વિધાનસભ્યોમાં સંજય દેરકર, રાહુલ પાટીલ, સંજય પોતનીસ, સુનીલ શિંદેનો સમાવેશ થાય છે. ■

# મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિનો સપાટો

## ભાજપે ૧૧ માંથી ૧૧, શિવસેનાએ ચારમાંથી ત્રણ, એનસીપીએ બેમાંથી બે બેઠકો જીતીઃ એક અપક્ષ, મહાવિકાસ આઘાડી શૂન્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા મતદારસંઘની વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિનો દબદબો જોવા મળ્યો હતો જ્યારે મહાવિકાસ આઘાડી શૂન્ય બેઠક પર સમેટાઈ ગઈ અને કારમો પરાજય સહન કરવો પડ્યો હતો. અપક્ષ અને ભાજપના બળવાખોરે એક બેઠક જીતી છે. ભાજપ ૧૧, શિવસેના ૩, એનસીપી ૨ બેઠકો પર જીત મેળવી છે. વિધાન પરિષદની ૧૭ બેઠકો માટેની ચૂંટણી ૧૮ જૂને યોજાઈ હતી. જોકે, આ ચૂંટણી પહેલા પણ મહાયુતિના ઉમેદવારો ૧૭માંથી ૬ બેઠકો પર બિનહરીફ જીતી ગયા હતા. તેથી, બાકીની ૧૧ બેઠકોના જ પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા.

૧૭ બેઠકો માટે મહાયુતિનો ફોર્મ્યુલા ભાજપ ૧૧, શિવસેના ૪ અને એનસીપી ૨ હતો. તે મુજબ, ભાજપ ૧૧ બેઠકો પર, શિવસેના ૪ બેઠકો પર અને એનસીપી ૨ બેઠકો પર ચૂંટણી લડી હતી. ભાજપે ૧૧ બેઠકોમાંથી ૧૧ બેઠકો જીતી લીધી હતી. એનસીપીએ પણ બેમાંથી બે બેઠકો જીતી લીધી હતી. જ્યારે શિવસેનાએ ચારમાંથી ત્રણ બેઠકો જીતી હતી. ■

## નાશિકમાં આશ્ચર્યજનક પરિણામો

વિધાન પરિષદની ૧૭ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં, સૌથી વધુ ચર્ચા નાશિક મતવિસ્તારની રહી. નાસિકમાં, અપક્ષ ઉમેદવાર ગોકુલ ગીતેએ શિવસેનાના નરેન્દ્ર દરાડેને હરાવ્યા, જે મહાયુતિના સત્તાવાર ઉમેદવાર હતા. નાશિક બેઠક મહાયુતિમાં શિવસેનાને ગઈ ત્યાં નરેન્દ્ર દરાડેને નોમિનેશન મળ્યું હતું. જોકે, ત્યાં, ગિરીશ મહાજન સમર્થક અને ભાજપના નેતા ગણેશ ગીતેએ તેમના ભાઈ ગોકુલ ગીતે સાથે મળીને અરજી દાખલ કરીને બળવો કર્યો હતો. જેમાં ગણેશ ગીતેએ સમયમર્યાદા પહેલા અરજી પાછી ખેંચી લીધી. જોકે, તેમના ભાઈ ગોકુલ ગીતેએ સમયમર્યાદા પૂરી થયા પછી પણ અરજી પાછી ખેંચી ન હતી. ગિરીશ મહાજન અને ઉદય સામંત ગોકુલ ગીતેને મનાવવા માટે નાશિકમાં જ રહ્યા હતા. એક ડઝનથી વધુ રાઉન્ડની ચર્ચાઓ પછી, ગોકુલ ગીતેએ જાહેરાત કરી કે તેઓ ચૂંટણીના થોડા દિવસો પહેલા પોતાનો પ્રચાર બંધ કરી રહ્યા છે, પરંતુ તેમણે પોતાની અરજી પાછી ખેંચી ન હોવાથી, તેમનું નામ બેલેટ પેપર પર રહ્યું હતું. તેમણે પોતાની ગુપ્ત રણનીતિ ચાલુ રાખી અને

(જુઓ પાનું ૪) ▸▸

## નાંદેડ, ઔરંગાબાદમાં ભાજપનો વિજય

નાંદેડ, ઔરંગાબાદ-જાલના અને ઉસ્માનાબાદ-લાતુર-બીડ બેઠકો પર, ભાજપના ઉમેદવારોએ જીત મેળવી હતી.

નાંદેડમાં, ભાજપના ઉમેદવાર અમરનાથ રાજુરકરે શિવસેના (યુબીટી)ના ઉમેદવાર કૃષ્ણા પાટિલ આષ્ટિકરને ૨૫૫ મતોના માર્જિનથી હરાવીને તેમનો મતવિસ્તાર જાળવી રાખ્યો હતો.

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા રાજુરકરે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને રાજ્યસભા સાંસદ અશોક ચવ્હાણ સાથે મળીને આ મતવિસ્તારમાંથી સતત ત્રીજી વખત જીત મેળવી હતી.

તેમને ૩૩૯ મત મળ્યા હતા, જ્યારે કૃષ્ણા પાટિલ આષ્ટિકરને ૮૪ મત મળ્યા હતા. વંચિત બહુજન અઘાડીના ઉમેદવાર પ્રશાંત ઇંગોલેને પાંચ મત મળ્યા હતા.

કૃષ્ણા પાટિલ આષ્ટિકર બળવાખોર શિવસેના (યુબીટી)ના સાંસદ નાગેશ પાટિલ આષ્ટિકરના પુત્ર છે, જેમણે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાવાની જાહેરાત કરી છે. અગાઉ દિવસે, સેના (યુબીટી)એ જાહેરાત કરી હતી કે

(જુઓ પાનું ૪) ▸▸

# હડતાળ પાછી ખેંચાયા છતાં અડધોઅડધ ડ્રાઈવર ડ્યૂટી પર ન જોડાતાં ૭૦ ટકા જ બસો દોડી

## સવારના સમયે તો માત્ર ૫૭ ટકા બસો રસ્તા પર આવીઃ બસ સ્ટોપ પર પ્રવાસીઓની લાંબી લાઈનોઃ મેટ્રો અને લોકલ ટ્રેનો તરફ ધસારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી પડતર માગણીઓને લઈ ત્રણ દિવસ સુધી ચાલેલી બેસ્ટના કર્મચારીઓની હડતાળ પાછી ખેંચવામાં આવ્યા છતાં સોમવારે પ્રવાસીઓની હાલાકી ઓછી થઈ નહોતી. સવારના પિક અવર્સના સમયે માત્ર ૫૭ ટકા જ બસો દોડતાં અનેક ઠેકાણે બસ સ્ટોપ પર પ્રવાસીઓની લાંબી લાઈન જોવા મળી હતી, જેને પગલે મેટ્રો અને લોકલ ટ્રેનો તરફ લોકોનો ધસારો વધી ગયો હતો. બપોર સુધી બેસ્ટના અડધોઅડધ ડ્રાઈવરો ડ્યૂટી પર જોડાયા જ નહોતા, જેને કારણે શિડ્યુલ કરાયેલી બધી બસો રસ્તા પર આવી શકી

(જુઓ પાનું ૪) ▸▸

## લગ્નની લાયમાં છેતરાયો

# બ્રિટનમાં રહેતા જામનગરના અમિત ગઢવીને અંધેરીની રેખા સોલંકીએ લાખોમાં નવડાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રિટનમાં રહેતા જામનગરના ગુજરાતી અમિત ગઢવીનો મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્ક થયા પછી અંધેરીમાં રહેતી મહિલાએ ૧૫.૭૨ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી આચરી હતી. લગ્ન કરવાની ખાતરી આપ્યા પછી વિવિધ કારણો રજૂ કરીને મહિલાએ નાણાં પડાવ્યાં હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

બ્રિટનના લેસ્ટર ખાતે રહેતા પંચાવન વર્ષના ગઢવીની ફરિયાદને આધારે ડી. એન. નગર પોલીસે રેખા સોલંકી નામની મહિલા વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મહિલાનું રેખા સોલંકી નામ ખરું છે કે ખોટું તેની પણ પોલીસ ખાતરી કરી રહી છે.

ફરિયાદ અનુસાર મૂળ જામનગરનો ગઢવી છેલ્લાં ૨૦ વર્ષથી બ્રિટનમાં રહે છે અને તેની પાસે ત્યાંનું નાગરિકત્વ પણ છે. ૨૦૨૦માં

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**